
કુમાર


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ * વર્ષ ૫૭મું
અંક ૪થો * એપ્રિલ · ૧૯૮૦ * સળંગ અંક ૬૭૬
તંત્રી · બચુભાઈ રાવત

બોધિસત્ત્વ · અજંતાની કલાશૈલીનું અનુસંધાન દાખવતું જાપાનમાં નારાના મંદિરમાંનું એક ભીંતચિત્ર (જુઓ આ અંકની 'કલાવાર્તા')





પુષ્પવતી: પ્રથમ વયમાં આવતી કન્યાને સ્નાન બાદ દેવમંદિરે દર્શન, પૂજન આદિ કરાવીને ધામધૂમથી ગૃહપ્રવેશ કરાવવાના મલબારના રિવાજનું આલેખન
કલાકાર: શ્રી કે. કે. હેબર (સ્વ. હરિશ્ચન્દ્ર ભટ્ટના સંગ્રહમાંથી)



કુમાર

એપ્રિલ ૧૯૮૦ · અંક ૬૭૬

તંત્રી : બચુભાઈ રાવત — ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત · મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ · વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

બ્લૅક વિડો

'કુમાર'ના ફેબ્રુઆરી '૮૦ના અંકમાં 'બાદશાહી અંગૂઠી' વાર્તામાં પૃ. ૫૭ પર એક વાક્ય છે : 'પેલો ઝેરીલો આફ્રિકન કરોળિયો બ્લૅક વિડો સ્પાઈડર...' આમાં — (૧) 'ઝેરીલો' (એટલે કે વિદ્વેષી, વેરવૃત્તિવાળો, અંતરમાં ખાર રાખનારો, vicious) નહિ, પરન્તુ 'ઝહેરી' (વિષધર, પરની હાનિ અર્થે દેહમાં વિષયંત્ર અર્થાત્ વિષગ્રન્થિ ધરાવનાર, poisonous) જોઈએ. (૨) ઝહેરી બ્લૅક વિડો 'આફ્રિકન' નહિ કિન્તુ 'અમેરિકન' છે.

'બ્લૅક વિડો' (Black widow) છે તો સામાન્ય અભિધાન, પરન્તુ કરોળિયાના સમાજમાં એ કેવળ અમેરિકાવાસી એક વિશિષ્ટ જાતિના કરોળિયાની અનન્ય સાધારણ સંજ્ઞા રૂપ બન્યું છે. એના સમગ્ર શરીરનો વર્ણ કોલસા જેવો એકાન્ત ઘેરો કાળો—કલવિઙ્કકણ્ઠનિભઃ હોવાથી 'Black' શ્યામા અને ગર્ભાધાન પ્રક્રિયાને અંતે પતિદેવને ભક્ષી જવાના સ્વભાવને લીધે 'widow'–પતિઘ્ની વિધવા. સંભોગકર્મ પૂરું થતાં નારીપ્રાણી દ્વારા વામન દેહી નરપ્રાણીના ભક્ષણનું કલંક કરોળિયાનાં અશેષ નારીવૃન્દના શિરે આરોપાયું છે, તદપિ શારીરિક ચપલતાના બળે નારીપ્રાણીનો ગ્રાસ થતાં ઊગરી જતા નરપ્રાણીઓ દૃષ્ટિપથે ચડે છે.

'બ્લૅક વિડો'નું કુલ Therididae, ગોત્ર Latrodectus, શાસ્ત્રીય નામ L. Mactans

આજે વિશ્વમાં કરોળિયાના વર્ગ (Order Araneae)ના ૫૫–મતાંતરે ૪૨ કે ૫૮–કુલો (Families), ૨૧૪૪ ગોત્રો (Genera) અને ૫૦,૦૦૦થી ય અધિક જાતિઓ (Species) (અમેરિકામાં ૨૦૦૦, બ્રિટિશ ટાપુઓમાં ૫૭૦ અને અવિભક્ત ભારત સામ્રાજ્યના પ્રદેશોમાં ૪૫૦) વિદ્યમાન છે. આમાંના એક ગોત્ર Uloborusથી અતિરિક્ત, કરોળિયાનાં ગોત્રોની સર્વ જાતિઓનાં પ્રાણીઓના દેહમાં વિષદ્રવ્યનું અસ્તિત્વ, ઓછાવત્તા પ્રમાણમાં પણ હોય છે. આ વિષનો ઉપયોગ કરોળિયો, આત્મરક્ષણ અર્થે શત્રુને અને આહારની સુવિધા અર્થે કીટકાદિ ભક્ષને ચેતનહીન કે પ્રાણહીન કરવામાં કરે છે. કરોળિયાનું વિષ બૃહત્કાય પ્રાણીઓ–ઉંદર, પક્ષીઓ, સરીસૃપો આદિ પ્રસંગે મનુષ્ય સંબંધમાં કેટલા અંશે વિઘાતક virulent નીવડે છે એ વિષે ઐકમત્ય નથી.

કેવળ કરોળિયાની જાતોમાં જ નહિ, પરન્તુ અમેરિકાનાં સર્વ પ્રાણીઓમાં પણ 'બ્લૅક વિડો'નું વિષ તીવ્રતમ ગણાય છે. 'બ્લૅક વિડો'ના વિષના વૈજ્ઞાનિક પૃથક્કરણ દ્વારા એ સિદ્ધ થયું છે કે અમેરિકાના રણપ્રદેશના વાસી સામાન્ય કાલસર્પ 'રૅટલ સ્નેક' (Rattle snake)ના (સૂકવેલા) વિષની તુલનાએ, 'બ્લૅક વિડો'ના વિષની સમપ્રમાણ માત્રા પંદર ગણી તીવ્ર હોય છે પરંતુ દંશ દ્વારા દષ્ટ પ્રાણીના શરીરમાં પ્રવેશતા 'બ્લૅક વિડો'ના વિષની માત્રાના પ્રમાણમાં રૅટલ સ્નેકના વિષનો પ્રવેશ એક જ સમયે અનેકગણી માત્રામાં થતો હોવાના કારણમાત્રથી રૅટલ સ્નેક 'બ્લૅક વિડો' કરતાં વધુ ભયંકર બને છે.

'બ્લૅક વિડો'ના ગોત્ર Latrodectusની નવ જાતિઓ આફ્રિકાસહ પૃથ્વીના વિવિધ ઉષ્ણ તેમ જ સમશીતોષ્ણ પ્રદેશોમાં વ્યાપ્ત છે. એમનાં વૈજ્ઞાનિક તેમ જ સ્થાનિક નામો પણ પડ્યાં છે. આ જાતિઓના દેહ abdomenનો સામાન્ય આકાર બીલા કે કોઠા જેવો ગોળમટોળ, વર્ણ અત્યંત ઘેરો કાળો, અંગઉપાંગો રક્ત અને પીતવર્ણનાં બિન્દુઓ, છંટણાં રેખાઓથી અંકિત. પેટ હેઠળનો પ્રદેશ ડમરુ જેવાં ચિત્રોથી અલંકૃત. આમાંની 'બ્લૅક વિડો' જાતિનાં પ્રાણીઓ કેવળ ઉત્તર અને દક્ષિણ અમેરિકામાં ઠેઠ ટેરા ડેલ ફ્યુએગો પર્યંત વસે છે. એના દંશથી થએલાં 'મૃત્યુ'ના ઉલ્લેખ અવારનવાર થતા રહે છે પરંતુ એમાંના કેટલા વિશ્વસનીય અને કેટલા કલ્પનામૂલક છે, એનો નિર્ણય સરલ નથી.


ભારતની અન્ય ભાષાઓના સાહિત્યથી હું પરિચિત નથી, પરંતુ બંગીય સાહિત્યિકોના સમાજમાં 'બ્લૅક વિડો' કાલકરોળિયા રૂપે લબ્ધપ્રતિષ્ઠ દેખાય છે, કારણ શ્રી શંકરે પણ એમના ગ્રન્થ 'નિવેદિતા રિસર્ચ લૅબોરેટરી'માં પ્રયોગશાળાના વિદગ્ધ અધ્યક્ષને પોતાની જાતને સ્વેચ્છાએ 'બ્લૅક વિડો'ને કરડાવીને એના વિષના સાધનથી આત્મઘાત કરતા ચીતર્યા છે.

કવિની આ માન્યતા કેવળ 'એવં મે શ્રુતમ્' પ્રણાલિકાગત છે. કારણ અન્ય રીતે સુસ્વાસ્થ્યવાળા માણસનું મૃત્યુ 'બ્લૅક વિડો'ના વિષથી થવાનાં અસંદિગ્ધ દૃષ્ટાન્ત નોંધાયાં નથી.

'બ્લૅક વિડો'ની સગોત્રી જે જાતિ ભારતવર્ષમાં વસે છે એનું નામ L. Hasseltii, ઉપજાતિ Indicus વ્યાપક નથી. ગુજરાતમાં મારા દૃષ્ટિપથે એ જાતિનો કરોળિયો ચડ્યો નથી પરંતુ સને ૧૯૫૮માં બૉમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટીના મંત્રી શ્રી હુમાયુન અબ્દુલઅલિએ એમણે મહાબલેશ્વરમાંથી સંઘરેલો એક અજ્ઞાતપૂર્વ કરોળિયો પરીક્ષાર્થે મને મોકલેલો, જે તપાસતાં Letroductus ગોત્રનો નીકળેલો. જો કે આવશ્યક સાધનોના અભાવે હું એનો જાતિનિર્ણય કરી શક્યો ન હતો.

ઉપરના લખાણમાં વાપરેલું 'કરોળિયો' પદ પુલ્લિંગવાચક છે. પરિસ્થિતિ એવી છે કે કરોળિયાના જીવનવ્યવહારના અંગે જે કાંઈ વિવેચનો થાય છે એ સર્વ નારીપ્રાણીઓને અનુ-

(અનુસંધાન પૃ. ૧૪૦)



બ્લૅક વિડો (માદા) (Latrodectus Mactans) અને બ્લૅક વિડોનું ભારતીય સગોત્રી

સીમ અને ઘર / ઉમાશંકર જોશી

મિશ્ર · સૉનેટ

હજી ય લીલીછમ સીમ બાકી,
કેમે ન ખૂટે, ભરપેટ ખાધી.
અલોપ થાશે હમણાં નિશામાં,
ચાલ્યાં ધણો સૌ ઘરની દિશામાં.

બપોરવેળા વડલા તળે ત્યાં
વાગોળતાં, ઝોકું ય ખાઈ લેતાં,
અસીમ શી શાંતિ હસી રહી હતી,
નસેનસે સીમ ધસી રહી હતી.

ઘરે ગમાણે બમણે બગાઈઓ,
ને ભૂખની ઊઘડતી જ ખાઈઓ,
અંધારું આંખો મહીં મેંશ ઘૂંટે.—
બંધાઈ, જૈને ઘડીમાંહી ખૂંટે.

જ્યાં આંચળોમાં મુખ નાખ્યું વાછડે,
સારીય તે સીમનું હીર ત્યાં દડે.

ગેરુઈ છાંટ / દેવજી રા. મોઢા

સ્રગ્ધરા · સૉનેટ

ના ઘૂમ્યો સાધુસંગે, ગિરિકુહર વસી ના કર્યો કાળ-ક્ષેપ,
ના મેં ધૂણી ધખાવી વનમહીં તપસ્યા આદરી ઉગ્ર ઘોર;
ના મેં સેવ્યા અખાડા વળી અવધૂતના, કે મઠાધીશ કેરા
શિષ્યોમાં ફૂટ પાડી ખટપટ કરી ના પટ્ટશિષ્યત્વ કાજે.

ના મેં સંન્યસ્ત લીધું, શિર પર ન કીધું મુંડને, અંગ જભ્ભો
ગેરુઓ મેં ન પ્હેર્યો, ચપ ચપ ચડીને ચાખડીએ ન ચાલ્યો
તે ના મેં બોધ આપ્યો વિવિધ વિષયનો બેસીને વ્યાસપીઠે
ને ના વાણી વહાવી અવિરત તહીંથી લોકને કીધ મુગ્ધ.

હું તો સંસાર વચ્ચે પણ રહી જનસેવાની વાટે પ્રભુની
પ્રાપ્તિમાં રાખું શ્રદ્ધા, કરણી કરી છૂટું, ના ફળોને અપેક્ષું;
ના કોને યે દુભાવું, કડવું વચન હું કાઢું ના હોઠ-બ્હારું,
ને તાલેવંત દીનો સહુ પ્રતિ સરખું વર્તું હું નમ્ર ભાવે.

ન્હોતી પ્હેરી ભલે મેં તન પર કફની ગેરુઆ રંગ કેરી,
તો યે લાગી ન'તી શું અહીં મુજ મનને ગેરુઈ રંગ–છાંટ?

અમે અને તમે / ધીરુ પરીખ

· ગાન ·

અંગેઅંગે અમને ફોર્યો કેસૂડાનો રંગ જી;
રોમેરોમે તમને મ્હોર્યો બાવળિયાનો સંગ જી!

અમે એકલા તડકો થૈ ઊભા મધ્યાહ્નને દંગ જી;
તમે છાંયડી થૈ છુપાયાં પગલે ક્યાંક અડંગ જી!

અમે ગગનથી ઊમટી પડતાં ફોરાંઓનો ખંગ જી;
તમે લ્હેરખી કોરાંમોરાં ભવાં તમારાં તંગ જી!

અમે ઊજળા આભ વચાળે ચંદરમા તો ચંગ જી;
તમે શામળી રાત છુપાવી જાત સજાવો ઢંગ જી!

અમે વાયરા ઠંડા હર પળ સૂરજ સાથે જંગ જી;
તમે તાપણાની જ્વાળા થૈ શેકો અંગેઅંગ જી!

અમે ખરેલાં પાન મહીં ખીલ્યાંનો કોળ્યો વ્યંગ જી;
તમે સૂસવતી હવા થઈ છેડો છો કૈંક અભંગ જી!

નથી / સાગર નવસારવી

· ગઝલ ·

જવું છે સદા ત્યાં જવાતું નથી,
મુકદ્દરની સામે થવાતું નથી.

ક્ષિતિજડાળ ફૂલોની ફાલ્યા કરે,
ગગન કાંઈ ઘરમાં સમાતું નથી.

બરફના નયન પીગળે છે સતત,
છતાં હર પળે કંઈ મળાતું નથી.

કરું પત્ર પૂરો ~~કહો~~ કઈ રીતે?
સ્વપ્ન અક્ષરોમાં લખાતું નથી.

શરૂઆત કે અંત છે શી ખબર?
હૃદય બંધ આંખે કળાતું નથી.

કરો જળ ઉપર ઘાવ તો વ્યર્થ છે
હરણુ આ સમયનું ઘવાતું નથી

ગગન સાગરે નાવ ડૂબી ગઈ,
હવે ડાળ પરથી ઉડાતું નથી!

સાદાઈ

બહાદુરશાહ પંડિત

શ્રી રામનારાયણ ચૌધરીના 'બાપુ મારી નજરે' નામના પુસ્તકમાં એમણે એક પ્રસંગ આલેખ્યો છે: 'કલકત્તામાં મહેશ્વરી વિદ્યાલય માટે નવું મકાન બંધાતું હતું. એમાં બાપુજીને ઉતારો આપવામાં આવ્યો હતો. જમનાલાલજીએ મને તેમની સેવામાં મૂક્યો. મારે એથી વધારે શું જોઈએ? તેઓ નાહવા-ધોવા માટે કપડાં, સાબુ વગેરે લઈને નીકળ્યા એટલે હું તેમની સાથે થયો અને તેમના હાથમાંથી કપડાં વગેરે લેવા હાથ લંબાવ્યો: પણ તેમણે કહ્યું: "નહિ, નહિ; આમાં કશો ભાર નથી." મેં પૂછ્યું; "કપડાં તો મને ધોવા દેશો ને?" તેમણે જવાબ આપ્યો: "એ તો હું રોજ હાથે જ ધોઉં છું." આટલા મોટા માણસની આ સાદાઈ એ જમાનામાં અસાધારણ ગણાય.

ગાંધીજીએ તો સાદાઈનો આગ્રહ એમના વિદ્યાર્થીજીવનથી જ રાખ્યો હતો. વિલાયતમાં ભણતા હતા ત્યારે તેઓ જાતે રસોઈ બનાવી લેતા એટલું જ નહિ, પણ દક્ષિણ આફ્રિકામાં એક ગોરા હજામે એમના વાળ કાપવાની ના પાડી તો પોતાના હાથે જ વાળ જેમતેમ કાપી લીધા. કોર્ટમાં ગોરા બૅરિસ્ટરે મજાક કરતાં પૂછ્યું કે મિ. ગાંધી, તમારા વાળ ઉંદરે કાતરી ખાધા છે કે શું? ત્યારે બાપુએ જરા પણ શરમાયા વિના આખો કિસ્સો કહી સંભળાવ્યો.

જગતના તમામ મહાપુરુષોએ સાદાઈનો આ સિદ્ધાંત જીવનમાં સાંગોપાંગ ઉતાર્યો હતો. મહાત્મા ટૉલ્સ્ટૉય મોટી જાગીરના માલિક હોવા છતાં ખેડૂતની જેમ જીવતા હતા. એમના જોડા પણ એ જાતે બનાવી લેતા હતા.

સ્વામી રામતીર્થના જીવનનું આવું સાદાઈનું ઉદાહરણ અત્યંત પ્રેરક અને પ્રોત્સાહક છે. એમનાં લગ્ન બાળપણમાં જ થઈ ગયાં હતાં. એક વાર કોઈ નજીકના સંબંધીને ત્યાં લગ્નમાં જવાનું હતું. સ્વામી રામતીર્થ તો વિરક્તચિત્ત હતા એટલે એમને આવા પ્રસંગમાં જવા ? ખાસ વલણ નહિ, પણ એમનાં પત્નીને તો લગ્નમાં જવાની ઇચ્છા થાય અને સારાં સારાં વસ્ત્રો અને ઘરેણાં પહેરીને મહાલવાની પણ મરજી થાય. રામતીર્થ તો હરિના લાલ. એમના ઘરમાં આવાં કીમતી વસ્ત્રો–ઘરેણાં ક્યાંથી હોય? એટલે પત્નીએ જ્યારે લગ્નપ્રસંગે પહેરવા વસ્ત્રો ઘરેણાંની માગણી કરી ત્યારે એમણે કહ્યું: 'આપણો ગૃહસ્થાશ્રમ તો ત્યાગનો નમૂનો છે. આપણને વળી વસ્ત્રાલંકારની શોભા કેવી? આપણું ભૂષણ તો જ્ઞાન, વૈરાગ્ય ને બ્રહ્મવિદ્યા!'

મહમદ પયગંબરસાહેબના અનુયાયી મક્કાના ખલીફાઓ અરબસ્તાનના રાજા હતા, છતાં એમાંના ઘણા ખલીફા કુરાન લખીને, ટોપીઓ સીવીને કે મજૂરીનું કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા.

સાદાઈની સાદામાં સાદી વ્યાખ્યા 'શક્ય એટલું પ્રાકૃતિક જીવન' એવી થઈ શકે. અમેરિકાના મહાન નિસર્ગવાદી થૉરોએ સાદાઈની વ્યાખ્યા આપતાં કહ્યું છે: "Simplicity, simplicity, simplicity. I say let your affairs be as one, two, three and not as a hundred or a thousand.' થૉરોએ થોડામાં થોડી પ્રવૃત્તિઓને જીવનની સાદાઈનું કેન્દ્ર ગણી છે.

સાદાઈની કલા સરળતા સર્જવામાં રહેલી છે. સાદાઈ સપાટી પર રમતી નથી. એ સંકુલને વીંધીને પ્રશ્નના મર્મ ભાગ સુધી પહોંચે છે અને મહત્ત્વની બાબતો તરફ અંગુલિનિર્દેશ કરે છે.

સાદાઈની શરૂઆત સ્પષ્ટતા અને નિખાલસતાથી થાય છે. એની ગતિ ધ્યેય તરફ હોય છે. એથી સાદાઈ એ બે બિંદુઓ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર બને છે.

સાદાઈ એ મહત્તાની નિશાની છે. એમર્સને કહ્યું છે: 'To be Simple is to be great.' નાના માણસોને દંભ કરવો પડે છે, મોટા માણસો તો જેવા હોય એવા સાદા અને સરળ રહેવામાં ને દેખાવામાં જ રાચે છે.

અબ્રાહમ લિંકન કહેતા હતા કે 'વાતને એટલી સાદી બનાવો કે નાનું બાળક પણ સમજી શકે. પછી એ વાત કોઈના મનમાં ગેરસમજ ઊભી નહિ કરે.' સાદાઈ એ આત્માનું બાણ છે. એ આત્મામાંથી નીકળતું હોવાથી સામી વ્યક્તિના આત્માને જ વીંધે છે. ગૌતમ બુદ્ધ, ભગવાન મહાવીર, જિસસ ક્રાઈસ્ટ, સૉક્રેટીસ, કૉન્ફ્યુશિયસ, લાઓ ત્સે કે મહાત્મા ગાંધીજી કોઈની પણ બોધભાષા જુઓ, દરેકની ભાષા સાદી, સરળ અને એથી સચોટ છે.

આપણા લોકપ્રિય કવિ દલપતરામે ગાયું હતું:

સાદી ભાષા, સાદી કડી, સાદી બાત વિવેક,
સાદામાં સાદું કથે તે જ કવિજન એક.

સાદાઈ એ જીવનનો કોઈ એકાંગી ગુણ નથી. એ ઘણા મહાન ગુણોની પાર્શ્વભૂમિકા છે. સાદાઈમાંથી નમ્રતા, શ્રદ્ધા, હિંમત, પ્રમાણિકતા, ધીરજ, ન્યાયપ્રિયતા, સહનશીલતા અને કરકસર જેવા ગુણો વિકસે છે.

મહાત્મા ગાંધીજીએ એમના જમાનામાં આપણને આવા ઘણા સાદાઈને વરેલા, ગ્રામસેવકો આપ્યા હતા. રવિશંકર મહારાજ, ઠક્કર બાપા, ઈન્દુલાલ યાજ્ઞિક, નાનાભાઈ ભટ્ટ, જુગતરામ દવે અને સ્વામી આનંદ જેવા અનેક જીવનવીરોનાં નામ ગણાવી શકાય. આમાંના એક ગ્રામસેવક ને શિક્ષણશાસ્ત્રી શ્રી જુગતરામ દવેએ ગ્રામસેવાનું રહસ્ય સમજાવતાં કહ્યું છે કે 'ગ્રામવાસીઓને ફોલી ખાનાર શાહુકાર, જમાદાર અને દારૂના ઈજારદાર ઈત્યાદિ ભલે હોય પણ ગ્રામજનોનાં સહુ દુ:ખો અને વિકૃતિઓનું મુખ્ય કારણ એક જ છે: આપણને આ દેશમાં શુદ્ધ શાસ્ત્રીય એવું જીવન જીવવાની કળા કોઈએ શીખવી નથી; બાપુનો આશ્રમ આ જીવનકળા શીખવવાની એક અનોખી શાળા છે?

ઈ. ૧૯૩૭માં સ્થાનિક સ્વરાજ્ય મળ્યું ત્યારે બિહારમાં અખિલબાબુ ચૌધરી કૉંગ્રેસના પ્રધાનમંડળમાં પ્રધાન બન્યા હતા. એમના પ્રધાન બન્યા પછી એમનાં પત્ની ગામના કૂવે પાણી ભરવા ગયાં. પ્રધાનનાં પત્નીને પાણી ભરવા આવેલાં જોઈ ગામની બીજી સ્ત્રીઓએ કહ્યું: 'બહેન, તમે આ શું કરો છો? આપ તો પ્રધાનનાં પત્ની છો. અમને બેડું આપો અમે ભરી દઈશું.' પ્રધાનપત્નીએ હસતાં હસતાં કહ્યું: 'એમાં શરમાવા જેવું શું છે? એ એમનું કામ કરે, હું મારું કામ કરું. પોતાનું કામ કરવામાં નાનમ શી?'

અલગ સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન બનેલા ઢેબરભાઈ પણ આવું જ સાદું જીવન જીવતા હતા ને અમદાવાદના મેયર કૃષ્ણવદન જોશી આજે પણ આટલી જ સાદાઈથી જીવે છે.

ડૉ. આલ્બર્ટ શ્વાઈત્ઝરને નોબેલ ઈનામ મળ્યું છે એવા સમાચાર આપવા સ્ટૉકહોમથી એક ભાઈ આવ્યા ત્યારે એ રક્તપિત્તિયાઓ માટેની હૉસ્પિટલનું છાપરું બાંધી રહ્યા હતા. પેલા માણસે એમને આ સમાચાર આપવા માંડ્યા એટલે એમણે કહ્યું: 'સારું થયું, ચાલો. એ પૈસા આ મકાન બાંધવામાં કામ લાગશે. પણ અત્યારે તમે જરા આ પતરું પકડાવશો? મને એકલાને ખીલા મારતાં ફાવતું નથી.'

સાદાઈમાં જ મહત્તા વસેલી છે. પણ સાદાઈ પ્રાપ્ત કરવી સરળ નથી. અવળચંડો માણસ સાદાઈનો પણ દંભ કરી શકે છે. એથી તો આજે આપણે હાથે કાંતેલી ખાદીનાં કપડાં પહેરેલા નેતાઓને વિદેશી મોટરમાં ફરતા જોવા સદ્ભાગી બન્યા છીએ. □



ટૉમસ હાર્ડી

વિક્ટોરીઅન યુગના ખ્યાત નવલકથાકાર અને વીસમી સદીના કવિ

લેખક • પ્રો. જયન્ત પંડ્યા

ઇંગ્લૅન્ડમાં ડૉર્ચેસ્ટરથી ત્રણ-એક માઈલ દૂર આવેલા સ્ટાઈન્સ્ફર્ડ ગામની અપર બ્રૉખેમ્પટન નામની વસાહતના એક ઝૂંપડામાં, ઈ. સ. ૧૮૪૦માં ટૉમસ હાર્ડીનો જન્મ થયો હતો. કોઈ રાજવંશી પરંપરામાં જન્મ્યું હોય તેમ હાર્ડી કુટુંબ અનુક્રમથી ઓળખાતું. આ નવજાત શિશુના દાદા એ, પહેલા ટૉમસ હાર્ડી, એના પિતા બીજા નંબરે અને બાળક તે ટૉમસ હાર્ડી ત્રીજા; પરંતુ આપબળે અને સ્વપ્રતિભાએ આ બાળકે આંકડા બધા ભૂંસી નાખ્યા અને જિંદગીના અંતકાળે એ જ એક ટૉમસ હાર્ડી તરીકે પ્રતિષ્ઠિત થયા. એમના બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થાની સળંગ—સમયબદ્ધ વિગતો મેળવવી દુર્લભ છે. હાર્ડીએ લખેલી આત્મકથા પણ એમના જીવનની ઉલ્લેખનીય ઘટનાઓ વિષે ચૂપ છે. ઓગણીસમી સદીના મધ્યાહ્ન પૂર્વે, હાર્ડી જન્મ્યા ત્યારે, અપર બ્રૉખેમ્પટન, સ્ટાઈન્સ્ફર્ડ અને ડૉર્ચેસ્ટર એ ઔદ્યોગિક ક્રાન્તિ પૂર્વેનાં ગ્રામસંસ્કૃતિમાં જીવતાં ગામો હતાં. હાર્ડીનો પિંડ એ સંસ્કારોનાં પયપાનથી ઘડાયો હતો. બાળક તરીકે એકલવાયો, શરમાળ, લાગણીશીલ, બુદ્ધિમાં તેજ પરંતુ અંતર્મુખ હાર્ડી એ સ્વભાવ આજીવન સાચવી બેઠા હોવાનું જોવા મળે છે. પ્રારંભિક શાળા-જીવનના એના સાથીઓ અપર બ્રૉખેમ્પટનના એના ઘર સુધી સાથે આવે એ તેને ગમતું નહિ, કોઈ અડે તે પણ એ સહી શકતા નહિ અને ઉત્તર વયમાં પ્રતિભાસંપન્ન લેખક થયા પછી ય કોઈની સાથે હસ્તધૂનન કરવામાં એમને અવઢવ થયા કરતી. તેમની માતા જીમાઈમા હૅન્ડની ઘણી ઈચ્છા હતી કે બાળક ભણીગણીને પંડિત થાય; પણ કદાચ, એ નસીબમાં જ નહિ લખેલું! પિતા કડિયાકામના મિસ્ત્રી હતા તે જોઇને કે પછી ગમે તે કારણે, થોડું ભણી લીધા પછી, ડૉર્ચેસ્ટરના એક મિ. હિક્સની પેઢીમાં સ્થપતિની તાલીમ લેવા હાર્ડી જોડાયા. આ દિવસોમાં શિક્ષણના ન પુરાએલા ઓરતા પૂરા કરવા, વહેલી સવારે ઊઠીને વર્જિલ ને હોમરનું અધ્યયન એમણે આરંભ્યું. વચ્ચે વચ્ચે સ્ટાઈન્સ્ફર્ડના ચર્ચમાં બાપ-દીકરો વાયોલિન પણ વગાડતા. સ્ટાઈન્સ્ફર્ડથી ડૉર્ચેસ્ટર વચ્ચેની આવનજાવનમાં હાર્ડીએ ગ્રામજીવન ખોબખોબા ભરીને પીધું હશે એ સહેજે કળી શકાય તેમ છે. બાળપણમાં તેમ જ કુમાર વયમાં જગતની પીડા અને આપત્તિઓ તેમણે રસથી નીરખી છે. બરફમાં થીજીને મરી ગએલું પંખી, ભૂખથી પીડાતો માણસ, પુલ ઉપરથી નદીમાં ફેંકાએલું કોઈ ત્યજાએલું બાળક, મડદાં ચીરવા માટેનું શબ-ઘર, ડૉર્ચેસ્ટરનું કબ્રસ્તાન ઈત્યાદિ જોવામાં હાર્ડીને કોણ જાણે શો યે રસ પડતો. વરસાદનાં ફોરાં અને પવનની સાથે વહી આવતી ગંધ ઉપરથી સમીપમાં ક્યાં વૃક્ષો હશે એ હાર્ડી કહી શકતા. હાર્ડીના પંચમહાભૂત આ સંસ્કારોથી રસાએલા છે અને એ જ એમની નવલકથાઓમાં પ્રતિબિંબાય છે.

ડૉર્ચેસ્ટરમાં તાલીમ પૂરી કર્યા પછી, ૧૮૬૧માં એકવીસ વર્ષની વયે, હાર્ડી લંડન જઇને આર્થર બ્લૂમફીલ્ડની 'એડેલ્ફી'ની ઑફિસમાં મદદનીશ સ્થપતિ તરીકે જોડાયા. એ ધંધાનું શું થયું એ તો ભગવાન જાણે, પરંતુ વાર્તા–કવિતા લખવાના એક નવા ધંધામાં એ પરોવાઈ ગયા. લંડનનિવાસનાં ૧૮૬૧–'૬૬નાં પાંચ વર્ષો દરમિયાન ત્યાંની સેવિલ ક્લબમાં એ જતા; મનગમતા તત્ત્વજ્ઞોની વિચારધારાના ઉતારા કરી લેતા; તે સિવાયની તેમની પ્રવૃત્તિઓ ઉપર અંધારપટ છવાએલો છે. ઈ. ૧૮૬૫માં 'ચેમ્બર્સ જર્નલ'માં એમણે લખવા માંડ્યું તે દિવસથી તેમના લેખક તરીકેના જીવનનો વિધિસર આરંભ થયો એમ ગણી શકાય.

ઈ. ૧૮૬૭માં હાર્ડી ડૉર્ચેસ્ટરમાં રહેવા પાછા આવ્યા. આ ગાળામાં ટ્રાયફિના સ્પાર્ક્સ સાથેનો એમનો ગવાએલો–વગોવાએલો પ્રેમસંબંધ બંધાયો હોવાનું મનાય છે. આ ટ્રાયફિના સ્પાર્ક્સ, ટૉમસ હાર્ડીની ભાણેજ થતી હતી એમ ઘણા માને છે. જોકે એવું પુરવાર કરવા માટે કોઈ પુરાવા વિદ્યમાન નથી. અઢાર વર્ષની વયની ટ્રાયફિના રૂપાળી યુવતી હતી. એના કામણનો પ્રભાવ હાર્ડીના મન ઉપર એટલો તો પ્રબળ હતો કે એ પ્રણયનું ગુંજન હાર્ડીની કવિતાઓમાં સાંભળવા મળે છે એટલું જ નહિ, પણ હાર્ડીની નવલકથાઓની ફૅન્સી ડે, જેરાલ્ડિન, યુસ્ટાસિયા, ટેસ અને બ્રિથિબા જેવી નાયિકાઓ એ ટ્રાયફિનાના જુદાજુદા અવતારો મનાય છે. હાર્ડી અને ટ્રાયફિના દંપતી તરીકે રહ્યાં હતાં ખરાં, પરંતુ લોહીના નિકટના સંબંધને કારણે લગ્ન કરી શક્યાં ન હતાં. એની ગ્લાનિ ઉભયનાં જીવનને વેદનામય બનાવી ગઈ હતી. ઈ. ૧૮૬૯માં ટ્રાયફિના ટૉમસ હાર્ડીના એક મિત્ર હૉરેસ માઉલના પ્રેમમાં પડી હતી. એ સ્નેહસંબંધ પણ ઝાઝું ન ટક્યો. ઈ. ૧૮૭૩માં હૉરેસ માઉલના આપઘાત પછી, ચાર્લી ગેઈલને પરણીને અજાણ્યા સંસારમાં તે પરોવાઈ ગઈ. જો કે આ પ્રણય-ત્રિકોણની કથા હાર્ડીએ 'અ પેર ઑવ બ્લૂ આઈઝ' અને 'જ્યૂડ ધી ઑબ્સ્ક્યુઅર'માં આલેખી છે. વળી, હાર્ડીએ એ વિયોગને કવિતામાં ય ઢાળ્યો છે. આ દૃષ્ટિએ જોઇએ તો હાર્ડીના આત્મવૃત્તાંત કરતાં એમની કવિતા અને નવલકથાઓમાં એમના જીવનની અપ્રકટ ઘટનાઓ વિશેષ અનાવૃત્ત થાય છે. હાર્ડીની કવિતાઓ નિજની સંવેદનાઓ ઉપરાંત હાર્ડીએ જોએલા લોકજીવનના રીતરિવાજો, લગ્ન, મરણ અને વિવાહવિચ્છેદ જેવા પ્રસંગો, દંતકથાઓ, કુદરતી ઘટનાઓ અને ઋતુઋતુઓના મિજાજોનું આલેખન છે. તેમ છતાં કવિતાથી પેટ ભરી



પોતાની બીજી પત્ની ફ્લૉરેન્સ સાથે દરિયાકાંઠે હાર્ડી

શકાય એમ ન હોવાને કારણે હાર્ડી નવલકથા લખવા તરફ વળ્યા હોય એ સંભવિત છે.

એમની પહેલી નવલકથા, 'ડેસ્પરેટ રેમેડીઝ' ૧૮૭૧માં હપ્તે હપ્તે પ્રકટ થઈ. તે પછી 'અંડર ધ ગ્રીનવૂડ ટ્રી' ૧૮૭૨, 'અ પેર ઑવ બ્લૂ આઈઝ' ૧૮૭૩ અને 'ફાર ફ્રોમ ધ મૅડિંગ ક્રાઉડ' ૧૮૭૪માં પ્રકટ થઈ. આ છેલ્લી નવલકથાની કમાણીમાંથી ટૉમસ હાર્ડીએ એમા લેવિના ગિફર્ડ સાથે લગ્ન કર્યાં. આ સન્નારી બહુ રૂપાળાં ન હતાં, પરંતુ શરીર પ્રમાણસર ભરાવદાર હતું. શિક્ષણ અને બુદ્ધિપ્રભામાં સામાન્ય એવાં એમા ગિફર્ડના પિતા એક નિષ્ફળ સૉલિસિટર હતા અને એ નિષ્ફળતાને એમણે દારૂની ટેવમાં ઢાંકવામાં વધારે ખુવારી વહોરી લીધી હતી. શ્વસુર તરીકે હાર્ડી એમને પસંદ ન હતા કેમ કે હાર્ડીના કુળને તેઓ નીચું ગણતા હતા. આ ગ્રંથિ એમામાં પણ હતી. એમનું નિઃસંતાન લગ્નજીવન સરળ અને રોમાંચક ન હતું અને શરૂશરૂનાં થોડાં વર્ષો પછી એ વણસી ગયું હતું. આમ છતાં, હાર્ડી અને એમા સાડત્રીસ વર્ષ જેટલા લાંબા સમય સુધી એક જ છત્ર નીચે રહ્યાં હતાં. વળી, આ જ સમય દરમિયાન હાર્ડીની પ્રતિષ્ઠા પૂર્ણ કળાને પામી હતી અને એના પરિપાક રૂપે ઈ. સ. ૧૮૮૫માં હાર્ડીએ ડૉર્ચેસ્ટરમાં પોતાનું મકાન 'મૅક્સ ગેઈટ' બાંધ્યું હતું. આ મકાન પણ હાર્ડીના એકલવાયા મિજાજનું જીવંત પ્રતીક છે. મકાનને ફરતી ઊંચી દીવાલ બાંધી, બાકી હતું તે અબભરીઝનાં વૃક્ષોથી ઢાંકીને એક અભેદ્ય કિલ્લા જેવું એને બનાવ્યું છે. આને કારણે 'મૅક્સ ગેઈટ' ગમગીનીનો આવાસ લાગે છે. ટૉમસ હાર્ડીની અરધો ડઝન જેટલી નોંધપાત્ર નવલકથાઓ આ ઘરમાં લખાઈ હતી. ઉપર નોંધેલી ચાર નવલકથાઓ ઉપરાંત હાર્ડીની બીજી નવલકથાઓ આ પ્રમાણે છે : ધ હૅન્ડ ઑવ એથલબર્ટા, ૧૮૭૬; ધ રીટર્ન ઑવ ધ નેટિવ, ૧૮૭૮; ધ ટ્રમ્પેટ મેજર, ૧૮૮૦; અ લેઓડિસિયન, ૧૮૮૧; ટૂ ઑન અ ટાવર, ૧૮૮૨; ધ મેયર ઑવ કેસ્ટરબ્રિજ, ૧૮૮૬; ધ વૂડલૅન્ડર્સ ૧૮૮૭; ટેસ ઑવ ધ ડી'અર્બરવિલ્ઝ, ૧૮૯૧; ધ વેલ બીલવ્ડ, ૧૮૯૭; જ્યૂડ ધી ઑબ્સ્ક્યર, ૧૮૯૫.

હાર્ડીની બધી નવલકથાઓ એ ૧૯મી સદીના ગ્રામજીવનની કથાઓ છે. જીવનની ઓજસ્વિતા કરતાં તમિસ્રનું આલેખન હાર્ડીના સ્વભાવને વિશેષ અનુકૂળ છે. લગ્નસંસ્થા પ્રત્યે એક વિદ્રોહની લાગણી અને જાતીય સંબંધોના નિખાલસ નિરૂપણને કારણે એક મોટા વાચક વર્ગની સાથે સાથે, મિસિસ ગ્રન્ડી અને માઉબ્રે મોરિસ જેવો એક ટીકાકાર વર્ગ પણ એમણે ઊભો કર્યો છે. ખુદ એમનાં પત્ની એમા ગિફર્ડ પણ 'જ્યૂડ ધી ઑબ્સ્ક્યર' જેવી નવલકથા ન છાપવા સામે પગલે પ્રકાશકને કહેવા ગયાં હતાં. આમ જુઓ તો, હાર્ડીએ નવલકથાને એક કલાપ્રકાર તરીકે ખેડી જ નથી. એમનો જીવ તો કથારસમાં જઈને ઠર્યો છે. તેમની બધી જ નવલકથાઓ હપ્તે હપ્તે સામયિકોમાં છપાઈ હતી, તેને કારણે ધારાવાહી નવલકથાઓમાં જે મર્યાદાઓ ઊતરે તે હાર્ડીના લેખનમાં પણ ઊતરી છે. પ્રત્યેક હપ્તાને રોચક બનાવવા અકસ્માતો, વિચિત્ર યોગાનુયોગો, વહેમો, ભેદભરમો અને અતિ પ્રાકૃતિક તત્ત્વોનો આશરો હાર્ડી લે છે. તેમનો આવો હસ્તક્ષેપ નવલકથાના કલાતત્ત્વને પાંખું પાડે છે, પરંતુ હાર્ડીને એની ફિકર નથી. પોતાની જાતને એ વાર્તાકાર ગણે છે—અને વાર્તા જો રસપ્રદ ન હોય તો બીજું શું? ટૉમસ હાર્ડીની આ ઊણપનું તેમના વ્યક્તિત્વમાં પડેલી કોઈ અદ્દીઠ પ્રતિભા પૂરું વળતર ચૂકવી આપે છે. એમનું ચરિત્ર-ચિત્રણ, એમનું પ્રકૃતિ-નિરૂપણ, 'એકો રસ:' કરુણનું તેમનું ગાન, ઋતુઓની લીલાઓ ને તેના વૈભવો, ગ્રામપાત્રોનું ભોળપણ અને ક્યાંક ડોકાઈ જતી નિરાવરણ લુચ્ચાઈ, ઘેટાં ઉછેર, કૃષિ, અનાજ, જલસંચાલિત ઘંટીઓ, છાપરાંને માથે ઘાસપરાળ છાવાની ક્રિયા, ડેરી ફાર્મિંગ અને કડિયાકામ જેવી પ્રવૃત્તિઓની આસપાસ નવલકથાના કથાતત્ત્વને ઉપસાવીને એને હોનહાર બનાવી મૂકતું તિમિરભર્યું અડાબીડ વાતાવરણ અને હૃદય વલોવતા ધીમા આક્રોશો એ બધાંનાં રસાયણમાંથી નિપજતી સમૃદ્ધિમાં રસાએલી દર્દીલી મધુરપ હાર્ડીની નવલકથાઓને આસ્વાદ્ય બનાવે છે. વેસેક્સનો પ્રદેશ એ હાર્ડીની પાત્રસૃષ્ટિનો વિહારપ્રદેશ છે. વેસેક્સનાં ગામો અને ઠામો થોડાક નામફેર સાથે એમાં સંચરે છે. આ જગત હાર્ડીએ આત્મસાત્ કરેલું જગત હોવાને કારણે તેમની રગેરગમાં રજોટાએલું છે. હાર્ડીનું વેસેક્સ એ, બર્કશિયર, હૅમ્પશિયર. વિલ્ટશિયર, ડોરસીટ. સમરસીટ અને ડેવન એમ છ પરગણાંનું બનેલું છે. એમાં ક્યાંક દાખલ થઈ ગએલું કૉર્નવૉલ એ તો હાર્ડીએ નોતરેલાં કોઈ મહેમાન કલાકારની જેમ આવ્યું છે. આ 'વેસેક્સ' શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ હાર્ડીના એક વિષમ–વયસ્ક મિત્ર કવિ વિલિયમ બાર્ન્સે કર્યો હતો પરંતુ એને ચલણી બનાવવાનો યશ હાર્ડીને ફાળે જાય છે. પોતાની નવલકથાઓના વિશાળ ફલક ઉપર વેસેક્સનાં નરનારીઓને ભેગાં કરી તેમના સ્વભાવની શક્તિ-મર્યાદાઓ, તેમના વ્યવસાયો, તેમની રંગરમણાઓ, તેમના ચારિત્ર્યના ઉમદા અંશો, તેમની મર્યાદાઓ અને શિથિલતાઓની એક અજાયબ સૃષ્ટિ રચીને લેખકે તેને અમરતા બક્ષી છે. હાર્ડીની કૃતિઓ એ રીતે વેસેક્સની અમરવેલ બનીને ઊભી છે.

એક હજાર કાવ્યો, ચાલીસ નવલિકાઓ અને ચૌદ નવલકથા લખી જનારા હાર્ડી નવલકથાકાર તરીકે વિશેષ જાણીતા છે. એ નવલકથાઓએ એમને સંપત્તિ તો અપાવી, પરંતુ પ્રતિષ્ઠા વધારે અપાવી છે. બાકી એક વ્યક્તિ તરીકે તેમની ખ્યાતિ તો ધૂળ જેવી જ રહી હતી. એમનું અલગારીપણું ઘણાને કઠતું. એમનો સંકોચ વીંધીને આત્મીય થવાનું બહુમાન ઘણા ઓછા લોકોને મળ્યું હશે. જેવું હૃદય તેવા જ હોઠ અને તેવા જ હાથ. એમના હોઠ ઉચિત પ્રશંસા કરવા ટેવાએલા ન હતા અને 'થૅંક યૂ' કહેવામાં પણ ઠીક ઠીક પરિશ્રમ એમને લેવો પડતો. એમની બિડાઈ રહેતી મૂઠીને કારણે ડૉર્ચેસ્ટરનાં બાળકો 'કંજૂસ હાર્ડી' તરીકે તેમનો ઉલ્લેખ કરતાં. ઍની મિચેલ જેવી તેમની પરિચારિકા ઘર માટેનો પુરવઠો વીસ માઈલ સાયકલ ચલાવીને લઈ આવે ત્યારે બક્ષિશમાં એને બે શિલિંગ મળતા! એને નાતાલની વધારેમાં વધારે લ્હાણી જુઓ તો અઢી શિલિંગ! આમ છતાં મૈત્રી કે પ્રેમનું મૂલ્ય હાર્ડીને ઓછું ન હતું. એકવાર થએલી મૈત્રી એ જીવનભર નિભાવી જાણતા. સીધા, બુદ્ધિમંત અને સાહિત્યપ્રેમી માણસો એમને ગમતા. હૉરેસ માઉલ, વિલિયમ બાર્ન્સ, જેમ્સ બૅરી, હર્મન લી, ડબ્લ્યૂ. આર, રટલૅન્ડ બ્લન્ડન, કોકરેલ, કેગન પૉલ, ક્વિલર કોચ, લેસ્લી સ્ટીવન, એડમંડ ગૉસ, રડયર્ડ કિપ્લિંગ, મેઈસફીલ્ડ, ટી. ઈ. લૉરેન્સ આદી સાથે એમના સંબંધો મૈત્રીના હતા. પરંતુ સ્ત્રીઓ, કદાચ, તેમને વિશેષ ગમતી. ઈ.

૧૯૧૨માં એમા લેવિના ગિફર્ડના અવસાન પછી ૧૯૧૪માં જ્યારે ફ્લૉરેન્સ સાથે એમણે લગ્ન કર્યું ત્યારે પોતે ૭૩ વર્ષના અને ફ્લૉરેન્સ પાંત્રીસ વર્ષની વયની હતી. એમા ગિફર્ડના અવસાન પછી ફ્લૉરેન્સ ખાસ તો હાર્ડીના ઘરની દેખભાળ કરવા આવી હતી અને મુખ્યત્વે ગૃહવ્યવસ્થા અને જાહેર સંપર્ક અધિકારીનું કામ એણે કર્યું છે. હાર્ડીની ફ્લૉરેન્સ તરફની લાગણી મોટે ભાગે એકમાર્ગી જ હતી. આવા એકમાર્ગી રસ્તે હાર્ડી સારું ચાલ્યા હોય એમ લાગે છે. તેમના હૃદયમાં સ્ત્રીઓ માટેની હેતભરી લાગણીનો અખૂટ સ્રોત ભર્યો હતો. નાનપણમાં ઑગસ્ટા માર્ટિનથી માંડીને છેક ૮૪ વર્ષની વયે મિસિસ બર્ગલર સુધીનાં ઘણાં નારી પાત્રો ઉપર હાર્ડી ઓળઘોળ થયા હતા. એમની ગૃહદાસી મિસ ટિટરિંગ અને અંગત સચિવ મિસ મે ઓટ્રે એની સાક્ષી પૂરે છે કે 'પુરુષો સાથે સામાન્ય રીતે અતડો લાગતો આ માનવી સ્ત્રીઓ સમક્ષ અત્યંત મૃદુ અને લાગણીસભર બની જતો.' હૃદયનો આ વૈભવ હાર્ડીએ પોતાની કૃતિઓની નવલિકાઓ ઉપર પણ ઢોળ્યો છે.

આયુષ્યની ઉત્તરાવસ્થામાં, બ્રિટનના સાહિત્યક્ષેત્રમાં ને સમાજ-જીવનમાં હાર્ડી બહુ મોટા માણસ ગણાતા. લંડનના ભોજન-સમારંભોમાં હાર્ડીની ઉપસ્થિતિ યજમાનને માટે ગૌરવ અને પ્રતિષ્ઠા આપનારી ગણાતી. પરદેશથી આવતા સહેલાણીઓ હાર્ડીને જોવા લાંબો વખત રાહ જોઇને ઊભા રહેતા. એમની ૮૦મી વર્ષગાંઠ પ્રસંગે બ્રિટનના લેખક મંડળે તેમનું અભિવાદન કરવા કેટલાક મૂર્ધન્ય લેખકોને મોકલ્યા હતા અને ખુદ બ્રિટનના રાજવીએ પ્રિન્સ ઑવ વેલ્સને ૧૯૨૪માં હાર્ડીને ઘેર મોકલીને એમનું બહુમાન કર્યું હતું. 'મૅક્સ ગેઈટ'ના ઉદ્યાનમાં પ્રિન્સ ઑવ વેલ્સ, શ્રીમતી ફ્લૉરેન્સ હાર્ડી અને ટૉમસ હાર્ડીની ખેંચવામાં આવેલી તસવીર પણ હયાત છે. તે પછી બ્રિટનના વડા પ્રધાન રૅમ્સે મૅકડોનલ્ડ, ઈ. એમ. ફૉર્સ્ટર, બર્નાર્ડ શૉ, ઑગસ્ટસ જહૉન વગેરે આપમેળે એમને મળવા ગયા હતા. બ્રિસ્ટલ યુનિવર્સિટીના એક પ્રતિનિધિમંડળે એમને માનાર્હ ઉપાધિ આપી હતી. આ પહેલાં ઍબર્ડીન, કેમ્બ્રિજ ને ઑક્સફર્ડ યુનિવર્સિટીઓની ઉપાધિ હાર્ડી મેળવી ચૂક્યા હતા.

૧૯૨૮માં અઠયાશી વર્ષની વયે એમનું અવસાન થયું ત્યારે એમના નિવાસસ્થાન 'મૅક્સ ગેઈટ'ના રસાલામાં કોઈ મોટા શોકનું વાતાવરણ ન હતું કે કોઈ મોટી ઘટના બની હોય એવી સભાનતા ન હતી. તેથી ઊલટું, લંડનના વેસ્ટ મિન્સ્ટર ઍબીમાં થનાર અંત્યેષ્ટિ-સંસ્કારો વેળા, જાન્યુઆરીની ગાત્રો થિજાવી નાખનારી ઠંડીમાં ને ઝરમરતા વરસાદમાં મોટો લોકસમુદાય એકઠો થયો હતો. એમના મૃતદેહને ઉપાડનારાઓમાં બૅરી, ગૉલ્સવર્ધી, ગૉસ, હૃસમન, કિપ્લિંગ, શૉ વગેરેનો સમાવેશ થતો હતો. એમના શરીરને વેસ્ટ મિન્સ્ટર ઍબીમાં મહાપુરુષોના અંતિમ વિરામસ્થાનમાં દફનાવવામાં આવ્યું હતું ને તેમના હૃદયને સ્ટાઈન્સ્ફર્ડ ચર્ચમાં, તેમનાં સદ્‌ગત પત્ની એમા લેવીના ગિફર્ડની કબરમાં પોઢાડવામાં આવ્યું હતું.

અવસાનનાં દસેક વર્ષ પૂર્વે, ૧૯૧૭માં હાર્ડીએ પોતાની આખરી વિદાયનું એક ગીત લખ્યું હતું. એમના અવસાન પછીનાં બાવન વર્ષે, એ વિદાયગીતના શબ્દોને જરા જુદી રીતે મૂકીને પૂછી શકીએ કે—મે માસનો વૈભવ લીલાં લીલાં પાંદડાંની જ્યારે પાંખો ફફડાવે, સંધ્યાકાળની ઝાકળ ઝમતી વેળાએ ઉપરવાસનાં ઝાડઝાંખરાં ઉપર કોઈક બાજ પક્ષી ઊતરી આવે, રાત્રિના નિબિડ અંધકારમાં જ્યારે કોઈક શેળો ઘાસના પાથરણા ઉપર ચૂપકીદીથી અભિસરે, જ્યારે તારાંકિત આકાશના માંડવા નીચે ઊભા રહીને લોકો પ્રકૃતિનાં રહસ્યો પામવા મથે અને જ્યારે, પવનના અંતરાયથી વિક્ષિપ્ત કોક દેવળના મૃત્યુઘંટ-નાદ ચોમેર પડઘાવા માંડે ત્યારે એ સહુને હૃદય ભરીને નીરખનારા અને નિરૂપનારા હાર્ડીને હવે ક્યાં ખોળવા? □

ટૉમસ હાર્ડીની એ ઘટનાસભર નવલકથા

ધ મેયર ઑફ કેસ્ટરબ્રિજ

પ્રો. જયન્ત પંડ્યા

વેઈડન–પ્રાયર નામના એક ગામમાં, ઉનાળાની આથમતી સાંજે, ફ્રુમિટી વેચતા એક તંબૂમાં એક ઊંચો કદાવર જુવાન દારૂના કેફમાં પોતાની પત્નીની હરાજી બોલાવે છે. સ્ત્રીના ખોળામાં નાનકડી બાળકી છે. સ્ત્રી કંઈક ઉચાટ અને આવેગથી પતિને વારવાનો પ્રયત્ન કરે છે, પરંતુ જુવાન શાંત્યો રહે એવો નથી. થોડી વારમાં એક નાવિક તંબૂમાં દાખલ થઇને પાંચ ગિની–પાંચ પાઉન્ડ અને પાંચ શિલિંગ–માં એ સ્ત્રીને ખરીદી લઈ, બાળક અને સ્ત્રીની સાથે રસ્તે પડે છે. નશામાં ઘેરાએલી આંખવાળો પેલો જુવાન રાતભર તંબૂમાં ઊંઘી રહે છે. બીજે દિવસે સવારે, સાન ઠેકાણે આવે છે ત્યારે પોતે શું કરી બેઠા એની વ્યથા ને એનો પશ્ચાત્તાપ મન ઉપર સવાર થઈ બેસે છે. એ જ મનઃસ્થિતિમાં જુવાન પોતાની પત્ની અને નાનકી દીકરીને ખોળવા ખેતર-પાધર એક કરે છે, પરંતુ ક્યાંયથી તેમનો અણસાર મળતો નથી.

આ પરિભ્રમણ વેળા, માર્ગમાં આવતા એક ગામના ચર્ચમાં પ્રવેશીને પ્રતિજ્ઞા લેતાં એ કહે છે કે: 'હું, માઇકેલ હેન્ચર્ડ, સોળમી સપ્ટેમ્બરની આ સવારે, ઈશ્વર સાક્ષીએ સોગંદ લઉં છું કે આજ લગી મેં ગુજારેલાં વર્ષો જેટલાં—એટલે કે એકવીસ–વર્ષો સુધી દારૂને હાથ નહિ અડાડું.' પત્ની અને પુત્રીની શોધમાં ભમતાંભમતાં સાગરકાંઠાના એક ગામમાં તે જેવું વર્ણન આપે છે તેવો પુરુષ, સ્ત્રી અને બાળક દરિયાઈ સફરે ચાલ્યાં ગયાં છે એવું જાણીને ખિન્ન હૃદયે પોતાની મુસાફરી ચાલુ રાખીને વેસેક્સના કેસ્ટરબ્રિજ નગરમાં આવી પહોંચે છે.

આ પ્રસંગને હવે તો વર્ષો વીતી ગયાં છે. એ જ વેઈડન–પ્રાયર નામના ગામમાં એક પ્રૌઢ સ્ત્રી અને જુવાન કન્યા આવે છે. સ્ત્રીની આંખો કશુંક ખોળે છે, ત્યાં ફ્રુમિટી વેચતી એક વૃદ્ધા ઉપર જઇને એની નજર લાંગરે છે. જુવાન કન્યા–ઇલિઝાબેથ જેઈન–ને થોભવા કહીને પેલી પ્રૌઢ સ્ત્રી વૃદ્ધા સાથે વાત કરીને પાછી આવે છે અને દીકરીને કહે છે કે આપણે જેને ખોળીએ છીએ તે આપણા સંબંધી માઇકેલ હેન્ચર્ડ, કેસ્ટરબ્રિજમાં રહે છે. પ્રૌઢ સ્ત્રી, મિસિસ ન્યૂસન અને ઇલિઝાબેથ જેઈન, પોતાની શોધના વિરામસ્થાન કેસ્ટરબ્રિજમાં સાંજની વેળાએ દાખલ થાય છે. ગામમાં પેસતાં જ માઇકેલ હેન્ચર્ડ વિષેની અછડતી માહિતી મા અને દીકરીને મળે છે. શહેરને એણે પૂરા પાડેલા ઘઉં બાદ હોવાને કારણે બ્રેડ પણ બેસ્વાદ બની ગઈ છે એના ઉહાપોહ ય તેમને સાંભળવા મળે છે. માઈકેલ હેન્ચર્ડ હવે તો કેસ્ટરબ્રિજના મેયર છે, એક બગલથેલો અને દાતરડું લઇને આવેલા એ માણસે ઘાસ-અનાજના ધંધામાં મબલખ કમાણી કરી છે, દારૂને તો એ અડતા પણ નથી. વળી, આજે તો કિંગ્ઝ આર્મ્સ હોટેલમાં મેયરના માનમાં મિજબાની ગોઠવાઈ છે, ઇત્યાદિ વાતોના તાંતણા હેન્ચર્ડ વિષેની માહિતી ઉપર ભરતગૂંથણ જેવા બની રહે છે. આ બધી વાતો સાંભળીને મિસિસ ન્યૂસનનો ફફડાટ વધી જાય છે. એને ચિંતા થાય છે કે ઉન્નતિને શિખરે બિરાજેલો માણસ અઢાર વર્ષ પછી એને ઓળખશે? અને ઓળખ્યા પછી આવકારશે ખરો? મેયરની મિજબાનીના સમારંભને સૂઝન (મિસિસ ન્યૂસન) અને ઇલિઝાબેથ જેઈન સામેની પગથાર ઉપર ઊભીને નિહાળે છે. એમાં પેલા

ખરાબ ઘઉંની વાતનો ઉલ્લેખ થતાં થોડી ચડભડ થાય છે તે વેળા બહાર આવીને ઊભેલો એક આગંતુક મેયરને ચિઠ્ઠી મોકલે છે. ચિઠ્ઠી વાંચીને વિચારમાં પડેલો માઈકેલ હેન્ચર્ડ થોડી વાર પછી બહાર આવી દરવાનને ચિઠ્ઠી આપનાર માણસ અંગે પૃચ્છા કરે છે; ને દરવાને આપેલી માહિતીને આધારે થ્રી મરિનર્સ ઈનમાં જઇને ચિઠ્ઠી મોકલનાર ડૉનલ્ડ ફારફ્રેને મળે છે. સૂઝન ને ઈલિઝાબેથ પણ રાતવાસો કરવા થ્રી મરિનર્સ ઈનમાં રોકાયાં છે. માઇકેલ હેન્ચર્ડ અને ડૉનલ્ડ ફારફ્રેની વાતચીત પડખેના રૂમમાં રહેલાં મા-દીકરી સાંભળે છે. ડૉનલ્ડ માઇકેલને બગડેલા ઘઉં સુધારવાની તરકીબ બતાવે છે અને માઇકેલ ડૉનલ્ડની રીતભાત તથા આવડતથી પ્રભાવિત થઈ તેને પોતાના વ્યાપારમાં જોડાવા આગ્રહ કરે છે. ડૉનલ્ડ અમેરિકા જવા આતુર છે એટલે હેન્ચર્ડની દરખાસ્તનો વિનયપૂર્વક અસ્વીકાર કરે છે.

બીજે દિવસે સવારે પોતાને કામે જવા નીકળેલો માઇકેલ થ્રી મરિનર્સ ઈનની બારીમાં ઊભેલા ડૉનલ્ડનું અભિવાદન કરે છે. હેન્ચર્ડ અને ડૉનલ્ડ ફારફ્રે થોડાક અંતરના સહપ્રવાસી તરીકે એકબીજાની સાથે ચાલે છે અને વિખૂટા પડવાની પૂર્વક્ષણે માઇકેલ હેન્ચર્ડ ફરી એક વાર ડૉનલ્ડને રહી જવાનો આગ્રહ કરે છે. ડૉનલ્ડ ફારફ્રે એ નિખાલસ પ્રેમ સમક્ષ નમતું જોખીને રહી જાય છે. દરમિયાન થ્રી મરિનર્સમાં રહેલાં સૂઝન અને ઈલિઝાબેથ માઇકેલ હેચન્ર્ડને કેમ મળવું તેની વિમાસણમાં પડેલાં છે. આખરે ઇલિઝાબેથે સંદેશો લઇને હેન્ચર્ડ પાસે જવું એમ નક્કી થતાં, ઇલિઝાબેથ તૈયાર થઇને નીકળી પડે છે. હેન્ચર્ડના નિવાસ-સ્થાને આવેલી ઇલિઝાબેથ ડૉનલ્ડ ફારફ્રેને દાણા ઉછાળતો જુએ છે. તે પછી હેન્ચર્ડની ઑફિસ પાસે ઊભી રહે છે. આ વેળા જોશુઆ જોપ નામનો એક માણસ જેને હેન્ચર્ડ મૅનેજર તરીકે રાખવા કહી બેઠેલો તેને કંઈક ગુસ્સામાં બહાર આવતો જુએ છે. હેન્ચર્ડની ઑફિસમાં દાખલ થઇને ઇલિઝાબેથ માએ આપેલો સંદેશો કહી સંભળાવે છે. ક્ષણિક વિચારમગ્ન હેન્ચર્ડ કેટલીક ઉષ્માભરી પૂછપરછ કરી સૂઝનને આપવા માટે એક ચિઠ્ઠી ને બીજા એક વિચારતરંગને વશ થઇને પાંચ ગિની ઇલિઝાબેથને આપે છે. ચિઠ્ઠીમાં લખ્યું છે કે: 'બડમથ રોડના વર્તુળ ઉપર, જો એળી શકો તો, આજે સાંજે આઠ વાગ્યે મળો. સ્થળ ખોળવું સહેલું છે. અત્યારે ઝાઝું કહી શકું તેમ નથી. તમારા સમાચારે મને વ્યગ્ર બનાવી મૂક્યો છે. છોકરીને કશો ખ્યાલ હોય એમ લાગતું નથી. હું મળું ત્યાં સુધી તેને યથાવત્ રાખશો.-મા. હે.'

બડમથ રોડ ઉપરનું વર્તુળ એટલે કેસ્ટરબ્રિજનું ઍમ્ફી થિયેટર. સૂઝન અને માઇકેલ સાંજે ત્યાં મળે છે. થોડીક સુખદુઃખની વાતો કર્યા પછી, ભૂતકાળને ઢંકાએલો રાખવા પરંતુ ઇલિઝાબેથને છત્રછાયા આપવા પુનર્લગ્ન કરવાનો વિચાર લઇને છૂટાં પડે છે.

ઘેર આવીને માઇકેલ હેન્ચર્ડ ડૉનલ્ડ ફારફ્રેને, પોતે ભરજુવાનીમાં સ્ત્રીને વેચવાની કેવી મૂર્ખાઈ કરી બેઠો હતો તેની કથા, સૂઝનનું પુનરાગમન, તેની સાથે થએલી મુલાકાત વગેરે વાત કરે છે. જુવાન દીકરી ઇલિઝાબેથને ભૂતકાળની કશી ખબર નથી એટલે તેને વસમું ન લાગે એટલા માટે સૂઝન સાથે પુનર્લગ્નની પોતે યોજના કરી છે તેની પણ ડૉનલ્ડને જાણ કરે છે. પરંતુ એક બીજી મૂંઝવણ પણ છે: ધંધાર્થે જર્સીમાં જતાં એક વાર પોતે માંદો પડયો ત્યારે એક કન્યાએ ખૂબ પ્રેમથી એની સારસંભાળ લીધી હતી. એ પરિચય પછી તો ઠીકઠીક પાંગર્યો અને લગ્નને કાંઠે આવીને ઊભો હતો. બરાબર એ જ ટાંકણે સૂઝનનું આવવું થયું છે એટલે જર્સીમાં રહેતી કન્યા સાથે લગ્ન કરી શકાય એવું રહ્યું નથી. જો કે એ કન્યા ભૂતકાળની કથા કેટલેક અંશે જાણે છે એટલે સૂઝન ગમે ત્યારે આવી ચડે એવો સંભવ સ્વીકારે છે. તેને બધી વિગતો જણાવી નિભાવ માટે અમુક રકમનો ચેક મોકલી આપવા હેન્ચર્ડ ફારફ્રેને સૂચના આપે છે. થોડા વખત પછી સૂઝન–માઈકેલનાં લગ્ન થઈ જાય છે. લગ્ન પછી ઇલિઝાબેથ-જેઈન પાછળ લાગતી ન્યૂસન અટક બદલીને હેન્ચર્ડ રાખવાનું સૂચન માઇકેલ કરે છે, પરંતુ મા-દીકરી બન્નેમાંથી કોઈ ઉમળકો બતાવતું નથી એટલે એ વાત ત્યાં અટકે છે.

ડૉનલ્ડ ફારફ્રેના રોકાઈ ગયા પછી, બન્નેની ભાગીદારીમાં માઈકેલ હેન્ચર્ડનો ધંધો સરસ જામે છે પરંતુ એબલ વિટલ નામના એક ખેત-મજૂરના પ્રશ્નમાં હેન્ચર્ડના મનમાં એક ગાંઠ પડી જાય છે. તે પછી તો યત્રતત્ર સાંભળવા મળતી ફારફ્રેની પ્રશંસા એ ગાંઠને વધારે જટિલ બનાવતી જાય છે. જ્યાં એક વાર પ્રેમ હતો ત્યાં ઈર્ષ્યાનો પ્રવેશ થઈ જાય છે, અને આ ઈર્ષ્યા એ જ નવલકથાનું ભાવબીજ છે. એ ભાવબીજ ઈર્ષ્યા–સ્પર્ધા, સ્પર્ધા–વૈમનસ્ય, વૈમનસ્ય–વિનાશ એમ ક્રમેક્રમે વિકસતું ચાલે છે. ફારફ્રે સાથે ઊંચું મન થયા પછી રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં હેન્ચર્ડનું આયોજન ધૂળધાણી થઈ જાય છે અને ફારફ્રેને ભવ્ય સફળતા મળે છે તેની સાથે જ પ્રેમસંબંધનો તંતુ તૂટી જાય છે.

ડૉનલ્ડ ફારફ્રેએ, માઇકેલ હેન્ચર્ડથી છૂટા પડીને ડર્નોવર હિલ ઉપર એ જ ધંધો શરૂ કર્યો છે. તે પહેલાં ફારફ્રે અને ઇલિઝાબેથ વચ્ચે અંકુરિત થએલા પ્રણય-સંબંધ ઉપર પણ માઇકેલ હેન્ચર્ડે પ્રતિબંધ ફરમાવ્યો છે. બન્ને હરીફો વચ્ચે 'કેમ છો ?' કહેવાના સંબંધો પણ ઘસાઈ રહ્યા છે. એ વેળા સૂઝનની તબિયત કથળવા માંડે છે. દરમિયાન પેલી જર્સી-કન્યા લ્યુસેટાએ પોતે લખેલા પ્રેમપત્રો પાછા સોંપવા હેન્ચર્ડને જણાવ્યું છે. આજાર સૂઝનની ઈચ્છા છે કે ઇલિઝાબેથ ડૉનલ્ડ ફારફ્રે સાથે લગ્ન કરે, પરંતુ હેન્ચર્ડ સાથે ફારફ્રેના અણબનાવ પછી એ વાત આગળ કેમ ચલાવવી તેની તેને સૂઝ પડતી નથી. સૂઝનની તબિયત બગડતી ચાલે છે. એક દિવસે સૂઝન, હેન્ચર્ડને એક સીલ કરેલો કાગળ આપીને કહે છે કે—'આ પત્ર ઇલિઝાબેથનું લગ્ન થઈ જાય તે પછી વાંચજો.' તે પછી સૂઝનની આંખ સદાને માટે મિચાઈ જાય છે.

સૂઝનના અવસાન પછી માઇકેલ હેન્ચર્ડ, ઇલિઝાબેથ સમક્ષ પોતે તેના પિતા હોવાની વાત રજૂ કરે છે અને બીજે દિવસે સવારે તેની ખાતરી કરાવવાનું કહે છે. ઇલિઝાબેથને આપવાના પુરાવાની ખોળ કરતાં હેન્ચર્ડના હાથમાં સૂઝનનો છેલ્લો પત્ર આવે છે. પત્રનું સીલ ઊખડી ગયું છે અને કાગળ ઉપર કોઈ ઢાંકણ રહ્યું નથી. માઈકેલ એ પત્ર વાંચે છે, જેમાં લખ્યું છે કે ઇલિઝાબેથ-જેઇન એ રીચર્ડ ન્યૂસનની દીકરી છે; એમની પોતાની દીકરી ઇલિઝાબેથ તો, પેલા વેઈડન-પ્રાયરના સ્ત્રીવિક્રય પછી ત્રણ માસમાં ગુજરી ગઈ હતી. એની ખોટ પૂરવા આ બીજી દીકરીનું નામ ઇલિઝાબેથ-જેઈન રાખવામાં આવ્યું હતું. પત્ર વાંચીને માઇકેલ હેન્ચર્ડનું એક રૂપાળું સ્વપ્ન નંદવાઈ જાય છે. અરે! જેને પોતાની માનતો હતો એ દીકરી જ પંડનું સંતાન નથી! બસ તે દિવસ પછી હેન્ચર્ડનો ઇલિઝાબેથ સાથેનો વ્યવહાર બદલાઈ જાય છે. વાતવાતમાં એ તેની સાથે છીંડુ પાડે છે. હવે તો એ પોતાના ઘરમાંથી જાય તો કાશ ટળે એવા ખ્યાલથી ફારફ્રેને ચિઠ્ઠી લખી અગાઉ મૂકેલો પ્રતિબંધ ઉઠાવી લે છે. શરત એટલી કે 'મળો તો ભલે, પણ મારા ઘરમાં નહિ.'

બીજી બાજુ ઇલિઝાબેથને પણ બાપનું ઘર ખાવા ધાય છે. એનું મન બાપનું ઘર છોડવા ઉત્સુક છે ત્યાં જ હાઈપ્લેસ હૉલમાં રહેવા આવેલી મિસ ટેમ્પલમનના સોબતી તરીકે તેને ઘેર રહેવા જાય છે. આ મિસ ટેમ્પલમન એ પેલી જર્સીની કન્યા લ્યુસેટા છે. સૂઝનના અવસાન પછી, હવે હેન્ચર્ડ સાથે ઘર માંડવાનો અવકાશ છે એવા વિચારથી લ્યુસેટા કેસ્ટરબ્રિજમાં આવીને વસી છે. લ્યુસેટાએ હેન્ચર્ડ સાથેનો સંપર્ક તાજો કરવા માંડયો છે, પરંતુ પરિસ્થિતિગત તરંગો ઉભય પક્ષે સંવાદ રચવામાં નિષ્ફળ નીવડે છે. દરમિયાન લ્યુસેટા ડૉનલ્ડ ફારફ્રે સાથે આકસ્મિક પરિચયમાં આવે છે. બન્નેને એકબીજામાં રસ પડવા માંડયો છે. એક

વેળા હેન્ચર્ડે પોતાની કથા ફારફ્રેને કહી હતી એવી જ રીતે લ્યુસેટા પોતાના હૃદયની મૂંઝવણની વાત ઇલિઝાબેથને કરે છે. ઇલિઝાબેથ એનો મર્મ સમજે છે. લ્યુસેટાની સમસ્યાનો કોઈ સ્પષ્ટ ઉત્તર એ આપી શકે તેમ નથી. બીજી બાજુએ લ્યુસેટા પાસે લગ્ન કરવાની દરખાસ્ત માઇકેલ હેન્ચર્ડ મૂકે છે, પરંતુ તેના યોગ્ય પ્રતિભાવો ન મળતાં કોઈ અદીઠ સ્પર્ધાની હેન્ચર્ડને ગંધ આવે છે. એક વાર માઇકેલ લ્યુસેટાને મળવા જાય છે ત્યારે ફારફ્રે પણ ત્યાં આવી ચડે છે. લ્યુસેટા બન્નેની આગતા-સ્વાગતા કરે છે પરંતુ હેન્ચર્ડના મનનો કોયડો ઉકલી જાય છે: આ ફારફ્રે જ મારા તમામ દુ:ખનું મૂળ છે એવા વિચારથી તેના મનની કટુતા ખૂબ વધી જાય છે. ફારફ્રેનો ધંધો તોડી પાડવા હેન્ચર્ડ, જોશુઆ જોપ-ની મૅનેજર તરીકે નિમણૂંક કરે છે અને એક ભુવાની ભવિષ્યવાણીને આધારે મબલખ ખરીદી કરી માલ ભરે છે એમાં આખરે માર હેન્ચર્ડને પડે છે, ફારફ્રેનો સિતારો ચમકે છે.

જે કામ સમજાવટથી ન થઈ શક્યું તે સંબંધ પ્રકટ કરી દેવાની ધમકી આપીને હેન્ચર્ડ કરી લેવા તત્પર છે. એની ધમકીથી ગભરાઇને લ્યુસેટા ઇલિઝાબેથની સાક્ષીએ, હેન્ચર્ડને લગ્ન કરવાની સંમતિ આપે છે. આ અરસામાં પેલી ફર્મિટી વેચનારી બાઈ ભરી કોર્ટમાં હેન્ચર્ડે વીસ વર્ષ ઉપર, વેઈડન-પ્રાયરમાં, પત્નીનું વેચાણ કર્યું હતું એ વાતનો ભંડો ફોડે છે. ન્યાયાધીશની ખુરશીમાં બેઠેલો હેન્ચર્ડ એ ઘટનાનો સ્વીકાર કરીને ખુરશીમાંથી ઊઠી જાય છે. એક વેળા લોકનજરમાં ઊંચું સ્થાન ધરાવતા મેયરનું પ્રારબ્ધ તે દિવસથી બદલાવા માંડે છે. એ બનાવ પછી તો લ્યુસેટા ય પોર્ટ બ્રેડીમાં જઇને ડૉનલ્ડ ફારફ્રે સાથે લગ્ન કરી નાખે છે.

ફારફ્રેને ધૂળ ચાટતો કરી મૂકવાના ઉપક્રમમાં ખુવાર થઈ ગએલો માઇકેલ હેન્ચર્ડ, પછી તો નાદાર થઈ જાય છે. હાટ્ટાપીઠની તેની દુકાન ઉપર ડૉનલ્ડ ફારફ્રેના નામનું પાટિયું લટકી ચૂક્યું છે, તેની પાસે નિજનો એવો કોઈ વ્યવસાય રહ્યો નથી, પ્રતિષ્ઠા રહી નથી. એને મજૂરી કરવા પણ ડૉનલ્ડ ફારફ્રેને ત્યાં જવું પડે છે. જે ઘરમાં, લ્યુસેટા સાથે જીવન ગુજારવાની ઝંખના હતી તે ઘરમાં લ્યુસેટા છે પરંતુ ફારફ્રેની પત્ની તરીકે. વિધિની આવી વક્રતાથી હેન્ચર્ડની વેરભાવના વધારે અણિયાળી બને છે. એમાં ફારફ્રેના મેયર થવાના ભણકારા વાગી રહ્યા છે. હેન્ચર્ડ જેવા અપ્તરંગી જીવને આ બધું અસહ્ય લાગે છે. પોતે વર્ષો પહેલાં લીધેલી પ્રતિજ્ઞાની મુદત પૂરી થતાં હેન્ચર્ડ દારૂની લતે ચઢે છે. કાલક્રમે ડૉનલ્ડ ફારફ્રે કૅસ્ટરબ્રિજનો મેયર થાય છે પણ તે પછી તેને લ્યુસેટા સાથે ફરતો જોઇને હેન્ચર્ડ મનોમન સળગી ઊઠે છે. બીજી બાજુએ લ્યુસેટાને મેયર-ની પત્ની બન્યા પછી પોતાના પ્રેમપત્રો હેન્ચર્ડ પાસે રહે એમાં જોખમ દેખાય છે. આજીજીપૂર્વકની લ્યુસેટાની માગણીના જવાબમાં હેન્ચર્ડ તેને ઍમ્ફી થિયેટરમાં મળવા બોલાવે છે. અહીં એક વાર એ સૂઝનને મળ્યો હતો અને પુનર્લગ્નની યોજના કરી હતી. આજે એ જ સ્થળે લ્યુસેટાને મળે છે. પરંતુ બંનેના સંદર્ભો કેવા જુદા છે! તેમ છતાં કંઈક અનુકંપાથી લ્યુસેટાને તેના પત્રો બીજે દિવસે મોકલી આપવાની ખાતરી આપે છે. ઍમ્ફી થિયેટરમાંથી ઘેર પાછા ફર્યા પછી, બીજા દિવસની રાહ જોયા વિના જોશુઆ જોપને તે પત્રો લ્યુસેટાને પહોંચાડવા સોંપી દે છે. જોપ પત્રો વાંચી લે છે એટલું જ નહીં પણ મિક્સન લેઈન નામની ઉતાર ગલીમાં જઇને શહેરના ખલનાયકોને પણ તેનો રસાસ્વાદ કરાવે છે. સહુ શ્રોતાઓને તેમાં સ્કિમિટી રાઈડ માટેની ઉત્તમ સામગ્રીનાં દર્શન થાય છે.

બીજે દિવસે કૅસ્ટરબ્રિજમાં કોઈ રાજપુરુષની પધરામણી થવાની છે. ગામમાં ઉત્સવનું વાતાવરણ છે. રાજવંશીને કોણે, કેમ સત્કારવા એનો વિધિ વિચારાય છે ત્યાં માઇકેલ હેન્ચર્ડ, તેને પણ સત્કારની કોક તક મળે એવી માગણી કરવા આવે છે. ડૉનલ્ડ ફારફ્રે એ માગણીનો સ્વીકાર કરવા અશક્તિ દર્શાવે છે. પોતાનું ધાર્યું કરવા મથનાર હેન્ચર્ડ 'જોઉં છું બીજું કોણ સ્વાગત કરે છે' એમ કહીને ચાલ્યો જાય છે. તે પછી રાજપુરુષના આગમનટાણે, નાનકડો ધ્વજ ફરકાવતો તે હાજર થઇને સત્કારવાનો અનધિકાર પ્રયાસ કરતાં તેનો કોલર પકડીને ફારફ્રે તેને ખસેડી મૂકે છે. હેન્ચર્ડ આ અપમાનનો બદલો લેવા ફારફ્રેને તેના જ કોઠારમાં બોલાવીને કુસ્તીથી ફેંસલો કરી લેવાનું આહ્વાન આપે છે. એ ઝપાઝપીમાં પડછંદ અને સશક્ત હેન્ચર્ડ એક જ હાથનો ઉપયોગ કરી ફારફ્રેને બારી સુધી ધકેલી લઇ જઇને નીચે ફેંકી દેવાનું જ બાકી રાખે છે; અને પાછો પોતાના આવા ગાંડપણ ઉપર પસ્તાવો પણ કરે છે.

કોઈ જાદુગર પોતાના કોથળામાંથી જાતજાતના પદાર્થો કાઢીને પ્રેક્ષકોને દંગ કરી દેતો હોય તેમ હાર્ડી નવલકથામાં ઉપરાઉપરી બનાવો, અકસ્માતો વગેરેની ભરમાર ખડકીને વાચકોના આશ્ચર્યને પોરો ખાવા-ની પણ તક આપતા નથી. એક જ દિવસમાં કેટકેટલા ભિન્ન બનાવો એ પોતાના પાત્રમાં સંભરી શકે છે! રાજવંશીની મુલાકાત અને વિદાય, હેન્ચર્ડ અને ફારફ્રેની ઝપાઝપી ઉપરાંત એ જ સાંજે ગામના નવરા લો-કોએ લ્યુસેટા અને હેન્ચર્ડના ભૂતકાળના સ્નેહ-સંબંધોનો લાભ ઉઠા-વીને બંનેની હાંસી કરવા સ્કિમિટી રાઈડ—ગર્દભ સવારીની યોજના કરી મૂકી છે. ઢળતી સાંજે, લ્યુસેટા અને હેન્ચર્ડનાં પૂતળાંને અવળે મોંએ બેસાડીને ગર્દભ સવારીનું સરઘસ આખા ગામમાં ફરે છે. ડૉનલ્ડ ફારફ્રે એ વેળા ગામમાં નથી. હેન્ચર્ડ સાથેના દ્વંદ્વ યુદ્ધ પછી બડમથ રોડ ઉપરના એક ગામમાં એ જવા માગતો હતો, પરંતુ નીકળતી વેળા એક તાકીદનો પત્ર મળતાં એ વેધરબરી તરફ ગયો છે. સ્કિમિટી રાઈડનું દૃશ્ય જોઇને લ્યુસેટા મૂર્છા પામે છે. એની સારવાર કરનાર ડૉક્ટરને લ્યુસેટાની સ્થિતિ ગંભીર લાગતાં ડૉનલ્ડને જલ્દી બોલાવી લાવવાનું નોકરને કહેવામાં આવે છે. નોકર બડમથ રોડ ઉપર જવાની તજવીજ કરે છે ત્યાં હેન્ચર્ડ આવીને કહે છે કે ફારફ્રે તો મેલસ્ટૉક, વેધરબરી તરફ ગયો છે. નોકરો એની વાતની નોંધ લેતા નથી એટલે હેન્ચર્ડ પોતે વેધરબરીને રસ્તે જઇને ડૉનલ્ડને ખબર આપે છે. ડૉનલ્ડને લાગે છે કે દ્વંદ્વયુદ્ધથી ન ધરાનારાં હેન્ચર્ડ, પોતાનું કાસળ કાઢવાની તરકીબ લઇને આવ્યો છે. તેથી હેન્ચર્ડની વાત કાને ધર્યા વિના એ પોતાને માર્ગે ચાલ્યો જાય છે. હેન્ચર્ડ પાછો આવીને ઇલિઝાબેથ મારફતે લ્યુસેટાની હાલત વિષે પૂછપરછ કરે છે. એ રાત્રે હેન્ચર્ડને પણ જંપ નથી. વહેલી સવારે એ ફરી લ્યુસેટાની ખબર કાઢવા જાય છે ત્યાં, લ્યુસેટાનું કસુ-વાવડમાં અવસાન થયાની એને જાણ થાય છે.

સૂઝન ગઈ, લ્યુસેટા ગઈ, જીવનના ઉત્તમ દિવસો ગયા, સાહ્યબી ગઈ કેવળ પેટ માટે મજૂરી કરતા હેન્ચર્ડના જીવનમાં હવે નરી એકલતા જ રહી છે. જીવનની સામે બાથ ભરવામાં એ હારી ખાય એવો નથી, પરંતુ સ્નેહનું કોઈક પાત્ર, હૃદયનો કોઈક વિસામો એને જોઇએ છે. હવે તો, જે ગણો તે, એક માત્ર ઇલિઝાબેથ રહી છે. છોકરી પણ ડાહી ને સમજું છે. જીવનની છાંયમાં કરમાતા જતા પિતાની ઇલિઝાબેથ કાળજી રાખે છે. અને હેન્ચર્ડનું મન પણ, તેના વિષાદપૂર્ણ એકસૂરા જીવનમાં સારસંભાળ લેતી ઇલિઝાબેથ જેઈન પ્રત્યે કૂણું અને ઉત્તરોત્તર વહાલપ ભર્યું બનતું જાય છે. પરંતુ વિધાતાને એ ય મંજૂર હોય એમ લાગતું નથી.

એક દિવસે, કોઈ અજાણ્યો મુસાફર હેન્ચર્ડની મઢૂલીને દરવાજે આવીને રીચર્ડ ન્યૂસન તરીકે પોતાનો પરિચય આપી ઇલિઝાબેથ વિષે પૂછપા કરે છે. હેન્ચર્ડના માનસપટ ઉપર વીસેક વર્ષ પહેલાંનો પ્રસંગ તાજો થાય છે. સૂઝન-ઇલિઝાબેથને ખરીદી લઈ ગએલો આ નાવિક! આજે શું ઇલિઝાબેથને ય લઈ જશે? કંઈક અન્યમનસ્ક ભાવે ને કંઈક ઉશ્કેરાટમાં —'એ જીવતી નથી' એમ હેન્ચર્ડ કહી દે છે. ન્યૂસન એ સાંભળીને પાછો વળી જાય છે, ત્યારે તેની પાછળ જઇને સાચી વાત

હરિઃ ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૭૫ માટેનું 'દત્તોપંત વામન પોતદાર'ના લેખક પ્રા. શંકરદેવ વિદ્યાલંકારને મળે છે.

કહી દેવા હેન્ચર્ડ જાય છે ખરો, પરંતુ એ પહોંચે ન પહોંચે ત્યાં તો ન્યૂસનની બગી ઊપડી જાય છે. આ પ્રસંગ પછી ન્યૂસન ફરી આવશે એવા ભણકારા હેન્ચર્ડના મનમાં વાગ્યા કરે છે.

દરમિયાન, એક વાર ઇલિઝાબિથ અને ફારફ્રેના મનમાં અંકુરિત થઇને, લ્યુસેટાના પ્રવેશ પછી, બિલાઈ ગએલા પ્રેમાંકુરો ફરીથી પાંગરવા માંડયા છે. ગામમાં યે હવે તો એ વાત ચર્ચાવા માંડી છે. ઇલિઝાબિથ પોતાનાથી દૂર જાય એ વિચાર હેન્ચર્ડને ગમતો નથી. નબળાઈની પળોમાં તેને એમ પણ થાય છે કે 'લાવને, ફારફ્રેને જઇને કહી દઉં કે જેને તે પરણવા માગે છે એ ઇલિઝાબિથ કોઈનું ય કાયદેસરનું સંતાન નથી'. પણ તરત જ આવા અનિષ્ટ વિચાર માટે હેન્ચર્ડને પસ્તાવો થાય છે. કોઈ-કોઈક વાર દૂરબીન માંડીને દૂરદૂરની વનરાજી જોવાની હેન્ચર્ડને ટેવ છે. આવી રીતે, એક વાર એ દૂરબીન માંડીને જુએ છે તો દૂરથી એક આકૃતિ આવતી નજરે પડે છે. આવનાર માણસ ન્યૂસન છે એની ખાતરી થતાં તો હેન્ચર્ડના હૈયામાં ફાળ પડે છે. આ એક અજાણ્યો માણસ આવીને, પોતે જેને જતનથી જાળવ્યું છે એ પિતૃત્વ જ ઉપાડી જશે એ કલ્પના હેન્ચર્ડથી સહી શકાતી નથી. વળી, ન્યૂસનની હાજરીમાં પોતાને જૂઠા ઠરી ભોંઠા પડવું પડે તે કરતાં તો ચાલ્યા જવું શું ખોટું? આવા વિચારથી હેન્ચર્ડ ઇલિઝાબિથને બોલાવીને કહે છે: 'ઈઝી, હું હવે કેસ્ટરબ્રિજ છોડી જાઉં છું; મને લાગે છે કે આપણી નાનકડી દુકાન તું પણ ચલાવી શકીશ'. ઇલિઝાબિથને થાય છે કે ફારફ્રે સાથે લગ્ન કરવાની વાત કદાચ તેના પિતાને નહીં ગમતી હોય. પરંતુ એવા સવાલના જવાબમાં હેન્ચર્ડ કહે છે: 'તને જે ગમે તેમાં મને શો વાંધો હોય, ઈઝી! હું તને મના કરતો નથી, પરંતુ મને ભૂલી જઈશ નહીં.'

આ પ્રસંગ પછી, માઇકેલ હેન્ચર્ડના ભવચક્રની અંતિમ યાત્રા શરૂ થાય છે. કેસ્ટરબ્રિજમાં આવ્યો હતો એ જ રસ્તે, એ જ સાધન સરંજામ અને એ જ વેશે, પોતાના ભૂતકાળનાં સ્મરણોને પ્રત્યક્ષ કરતો કોઈક શાપિત આત્માની જેમ એ ચાલ્યા કરે છે. આ એ જ વેઈડન પ્રાયર જ્યાં પોતે સૂઝનને વેચી દીધી હતી! આ એ જ રસ્તો જ્યાંથી અમે વેઈડન-પ્રાયરમાં પ્રવેશ્યાં હતાં! આ ચર્ચ, જ્યાં પ્રતિજ્ઞા લઇને મેં દારૂ છોડયો હતો. ને છતાં ય આજે પેલી જુવાની નથી; જુવાનીનો જુસ્સો નથી. ફરી ફરીને એનાં ચરણો કેસ્ટરબ્રિજની પરિસીમામાં સ્થિર થાય છે, કેમ કે પોતે જેને માની છે તે એકમાત્ર દીકરી, કહેવા જેવું એક સ્વજન, કેસ્ટરબ્રિજમાં રહે છે. અને…હવે તો થોડા વખતમાં એનાં લગ્ન થશે. ના કહ્યા છતાં ય એના લગ્નમાં ન જઈએ તો કેમ ચાલે! આવી ભાવભૂમિમાં લીન માઇકેલ ઓલ્ડ વેસ્ટર્ન હાઇવે ઉપર ઘાસ કાપીને એની ગંજી કરવાની મજૂરી રળે છે; અને રસ્તે જતા રાહદારીઓ-ગાડીવાનોની વાતચીત ઉપર એના કાન મંડાએલાં રહે છે. આવી જ એક વાતચીતમાંથી ઇલિઝાની લગ્નતિથિની એને ખબર પડે છે. એ પ્રસંગે હાજર થવા એ કેસ્ટરબ્રિજ જવા નીકળે છે. રસ્તે પોતાને માટે પોશાક અને ઇલિઝાબિથને ભેટ આપવા માટે ગોલ્ડફિન્ચ પંખીવાળું એક પાંજરું એ ખરીદી લે છે; અને બેસતી રાતના અંધકારમાં કેસ્ટરબ્રિજમાં પ્રવેશી ઇલિઝાબિથ સમક્ષ હાજર થાય છે. તેને જોયા પછી 'ઓહ, ઈટ ઈઝ મિ. હેન્ચર્ડ!' એવો ઇલિઝાબિથનો ઉદ્‌ગાર સાંભળી હેન્ચર્ડનું હૈયું ભાંગી પડે છે. પિતાને બદલે મિ. હેન્ચર્ડ! કહેવા કરતાં તો ઇલિઝાબિથે ચાબુક ફટકાર્યો હોત તો સારું. ભગ્ન હૃદયે, બહાર મૂકેલું પિંજરું ત્યાં જ રાખીને હેન્ચર્ડ પાછો વળે છે. એના જીવનનો ચૈતન્યરસ થીજવા માંડયો છે.

લગ્ન પછી પિંજરું ઇલિઝાબિથની નજરે પડે છે. એમાંનું પંખી ભૂખથી ગુજરી ગયું છે. એ પિંજરું કયાંથી આવ્યું એનો ઠીકઠીક સમય સુધી ખુલાસો મળતો નથી. એક દિવસ ગૃહદાસી આવીને ઇલિઝાબિથને કહે છે કે મૅડમ, પેલો ખેડૂત જેવો માણસ, લગ્નને દિવસે આવ્યો હતો તે આ પિંજરું લાવ્યો હતો એમ મને લાગે છે. આ ખુલાસાની સાથે—એ ભેટની પાછળ હેન્ચર્ડના સદ્‌ભાવ અને પશ્ચાત્તાપની ઇલિઝાબિથને પ્રતીતિ થાય છે. એના પ્રતિભાવ રૂપે ડૉનલ્ડને લઇને તે હેન્ચર્ડને ખોળવા નીકળે છે. રસ્તે માહિતી મળે છે કે એક એકલવાયો મુસાફર એગ્ડન હીથને માર્ગે જતો જોવા મળ્યો હતો. પતિપત્ની ચારેકોર ખોળી વળે છે પણ કયાંય હેન્ચર્ડનો પત્તો નથી. થાકીને ડૉનલ્ડ જાતતપાસ પડતી મૂકવાનું કહે છે અને એક આખરી નજર એ પ્રદેશ ઉપર નાખે તે વેળા ઝાડના ઝૂંડમાંથી એબલ વિટલ તેમની નજરે પડે છે. હેન્ચર્ડના અંત સમયનો સાથી વિટલ હેન્ચર્ડના અવસાનની વાત કરે છે અને તેની પાસેથી મળેલો એક કાગળ—માઇકેલ હેન્ચર્ડનું વિલ—તેમને આપે છે. એમાં લખ્યું છે:

ઇલિઝાબિથ જેઇન ફારફ્રેને મારા મરણની ખબર ન આપશો અને મારે ખાતર એને અફસોસ ન કરવા દેશો. * વિધિસર ફાળવેલી ભૂમિમાં મને દફનાવશો નહિ. * મારો મૃત્યુઘંટ બજાવશો નહિ. * મારા મૃતદેહને કોઈ જોવાની આશા ન રાખે. * મારી પાછળ કોઈ ડાઘુઓ ન ચાલે. * મારી કબર ઉપર કોઈ ફૂલો ન રોપે—ને કોઈ મને સંભારે નહિ. આ ઇચ્છા સાથે હું મારું નામ જોડું છું. —માઇકેલ હેન્ચર્ડ

'ધી મેયર ઑફ કેસ્ટરબ્રિજ' આમ તો કેસ્ટરબ્રિજના એક વેળાના મેયરની કથા છે. એ મેયર માઇકેલ હેન્ચર્ડ સમગ્ર નવલકથા ઉપર છવાઇને ઊભો છે. પ્રકૃતિની જેમ એનાં પણ બેવડાં રૂપ છે. એનું કદ એના શરીરથી યે ઊંચું છે અને તેથી પણ વિશાળ એની કરુણતા છે. વિભૂત યુગમાંથી ઊતરી આવ્યો હોય તેવો આ માણસ જીવનની સાથે ફેંસલો કરી લેવામાં લગીરે અચકાતો નથી, સહેજે પાછી પાની કરતો નથી. રીઝે તો ન્યાલ કરે અને ખીજે તો ખુવાર એવા એના સ્વભાવને કારણે એને સહન કરવું પડે છે એ સાચું, તેમ છતાં બહારનાં પરિબળો એના પતનને અંતિમ અને કરુણાંત બનાવવામાં પાછાં પડતાં નથી. ખુદ લેખક પણ તેની તરફ અનુકંપા રાખી લાગતી નથી. જેના મળતાવડા સ્વભાવથી આકર્ષાઇને હેન્ચર્ડે હાથ ઝાલીને ભાગીદાર બનાવ્યો તે ડૉનલ્ડ ફારફ્રે એના ઘરનો, એણે વિકસાવેલા વ્યાપારનો, એની પ્રેયસીનો, એના મેયરપદનો અને અંતે એની અનૌરસ દીકરીનો અધિપતિ થઇને બેસે એવાં નિયતિનાં વિધાન સામે હેન્ચર્ડ એક યોદ્ધાની જેમ ઝઝૂમ્યો છે, એટલું જ નહિ, પણ અંતિમ વિલ દ્વારા એ પરાક્રમની ખાંભી ય એણે જાતે રચી છે. એ કંઈ સાવ માયાભાવે કે ઊખડેલ માણસ છે એમ કહી શકાય તેમ નથી. માનવહૃદયની પ્રેમ, કરુણા, વિશ્વાસ જેવી સંપત્તિ એની પાસે પણ છે. એમ ન હોત તો સૂઝનના વિક્રય પછી એ દારૂ છોડત ખરો? વૈભવના તપતા સૂરજની વેળાએ, અઢાર વર્ષે પાછી આવેલી સૂઝનને સંઘરત ખરો? લ્યુસેટાએ પરણવાનું વચન ન નિભાવ્યું તેનો એને રોષ છે, પરંતુ એના પ્રેમપત્રો રાખી મૂકીને સદૈવ લાચારી ભરી સ્થિતિમાં તેને રાખવાની ધૃષ્ટતા કે ધૂર્તતા એ બતાવતો નથી. દ્વંદ્વયુદ્ધમાં ફારફ્રેને એ ચપટીમાં મસળી શકે તેમ છે છતાં જવા દે છે. લ્યુસેટાની

(અનુસંધાન પૃષ્ઠ ૧૩૨ પર)

તિબ્બ યુનાની ઉપચાર-પદ્ધતિ

લેખક · શશિકાન્ત ચી. જરદોસ

જૂનું એક મકાન હોય, તેમાં બહાર રસ્તા પર ખૂલતો એક ખંડ હોય, અંદર એકાદ જૂની ઢબની ભારેખમ ખુરશી ને તેની સામે ત્રીડું થઈ ગએલું એક મેજ હોય, મેજ ઉપર નાનીમોટી અનેક શીશીઓ ગોઠવી હોય ને બાજુમાં લિપિમાં લખેલા કાગળોની એકાદ થપ્પી તથા કલમદવાત પડયાં હોય, મેજની પાસે જ એકાદ સંદૂક યા ખખડધજ કબાટ હોય, ને જ્યારેજ્યારે એ ખૂલે ત્યારેત્યારે તેમાંથી કેવડા–ગુલાબજળ, સંદલ, બનફશા યા અંબર કે કસ્તૂરીની મહેક ચારે બાજુ ફેલાઈ જતી હોય, ખુરશીની પાછળ દીવાલ ઉપર કાબા શરીફનું ચિત્ર, કુરાને શરીફની આયાતો યા અરબી સૂત્ર-સુવાક્યોના ખુશનવીસ તુગરા ટાંગ્યા હોય; મેજ ઉપર એક બાજુ કસીદા કરેલો બટવો યા પિત્તળનું પાનદાન પડયું હોય તો બહાર લટકાવેલું પાટિયું વાંચ્યા વિના પણ ખયાલ આવી જાય કે આ કોઈ હકીમનું દવાખાનું છે. અને બહારના બોર્ડમાંની ઉર્દૂ લિપિ ઉકેલતાં આવડે તો એમાં પણ કદાચ આવું જ કંઈ લખ્યું હોય : યુનાની દવાખાના કે શાહી દવાખાના યા દિલ્હી કે અજમેરવાલા હકીમ ફલાણા ફલાણા.

કલ્પી શકાય તેવું દૃશ્ય છે. કારણ હજી યે ઘણે સ્થળે યુનાની દવા કરતા હકીમો જોવા મળે છે. અલબત્ત, એલોપથીની બોલબાલા અને એના બાહ્ય ઠસ્સા સામે આયુર્વેદ અને યુનાની ઉપચાર પદ્ધતિ જાણે પોતાના જ ઘરમાં પરાઈ અને ઉપેક્ષિત જેવી બની ગઈ છે. એનાં બીજાં પણ અનેક કારણો છે. જોકે થોડાં વર્ષોથી આયુર્વેદની પ્રતિષ્ઠા ફરી જામવા લાગી છે, અને યુનાની પદ્ધતિ પણ સરકારના ટેકે ટકી રહી છે.

આયુર્વેદિક ઉપચાર કરે તે વૈદ્ય અને યુનાની ઉપચારો કરનાર તે હકીમ. એક હિંદુ, બીજો મુસલમાન. જે કેટલાક વિચિત્ર ને ભૂલભરેલા ખયાલો આમ લોકોમાં ફેલાએલા છે તેમાંનો આ પણ એક છે.

હકીમ એ રૂઢ થઈ ગએલો શબ્દ છે. ખરો શબ્દ છે ‘તબીબ’. ‘તિબ્બ’ (એટલે વૈદક) પરથી ‘તબીબ’ શબ્દ બન્યો છે. દવાખાનાને ‘શિફાખાના’ પણ કહેવાય છે. ‘શિફા’ એટલે તંદુરસ્તી–આરોગ્ય. યુનાની દવાખાનામાં ‘હૂ અલ શાફી’ એટલે કે ‘ખરો વૈદ્ય તો ઈશ્વર’ એવું અરબી સૂત્ર પણ જોવા મળે. આયુર્વેદ પણ માને છે ને—‘વૈદ્યો નારાયણ હરિ.’

એલોપથીની વિરુદ્ધમાં તો હવે ઘણુંઘણું બહાર આવતું જાય છે, જ્યારે આયુર્વેદિક ઔષધોની નિર્દોષતા અને શ્રેષ્ઠતા હવે પશ્ચિમમાં પણ સ્વીકારાવા લાગી છે. ઉત્તર ભારત બાદ કરતાં આપણે ત્યાં યુનાની પદ્ધતિ પ્રમાણમાં ઓછી પ્રચલિત દેખાય છે, પણ આયુર્વેદ જેટલી જ એ સુલભ, સ્વાભાવિક, સસ્તી અને અસરકારક ઉપચાર પદ્ધતિ છે. આયુર્વેદની સરખામણીમાં એ ઓછી પ્રચલિત હોવાનાં અનેક કારણોમાં એક તો અમુક અપવાદો બાદ કરતાં યુનાની તબીબો બહુધા મુસલમાન હતા અને છે. આમ જનતામાં એમને માટે ભાષાની મર્યાદા નડતર રૂપ રહી છે. આપણી તરફનાં ઘણાંખરાં રજવાડાં હિન્દુ હોઈ આયુર્વેદના પ્રમાણમાં યુનાની પદ્ધતિને ઓછો રાજ્યાશ્રય મળ્યો હતો. પરદેશથી આવેલી પદ્ધતિ હોવાને કારણે પણ તેનો વ્યાપ મર્યાદિત રહ્યો હશે. યુનાની ઔષધોમાં હિન્દુઓમાં અભક્ષ્ય એવા પદાર્થો પડતા હોવાથી પણ એના પ્રસારમાં કંઈક રુકાવટ નડતી રહી હશે. અંગ્રેજી ભણતરના નવા જમાનામાં એલોપથીએ પોતાના પ્રભાવમાં પણ દેશી ઉપચાર પદ્ધતિઓને પાછળ પાડી દીધી હતી. સરકારી નીતિ પણ એલોપથી માટે પ્રોત્સાહક બની રહી તે કારણે પણ દેશી પદ્ધતિઓને ઘણું નુકસાન થયું છે. પરંતુ હવે મોડેમોડે પણ દેશી ઉપચારપદ્ધતિઓને સરકારે સ્વીકારી છે. એલોપથીને માટે ઉચ્ચ સત્તાધિકારી ઇન્ડિયન મૅડિકલ કાઉન્સિલ છે. તે સાથે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ યુનાની મેડિસિનની પણ દિલ્હીમાં સ્થાપના થએલી છે. અને દેશમાં પાંચ સેન્ટ્રલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટો પણ ઊભાં કરેલાં છે.

સને ૧૯૭૮માં સેન્ટ્રલ કાઉન્સિલ ફૉર રિસર્ચ ફૉર યુનાની મેડિસિન (અને એવી જ...આયુર્વેદિક મેડિસિન માટે પણ) સ્થાપના કરી છે. ભારતમાં પંદર યુનાની કૉલેજો છે તે પૈકી બેમાં તો પોસ્ટ ગ્રેડ્યુએટ કૉર્સની વ્યવસ્થા છે. પરંતુ આયુર્વેદિક તથા યુનાની કૉલેજોમાં ભણેલા વિદ્યાર્થીઓને વ્યવસાય કે નોકરી માટે ભારે મુસિબત પડે છે. જો કે રાહતના એક પગલા તરીકે નવા નિયમો અનુસાર ગામડાનાં પ્રાથમિક આરોગ્ય-કેન્દ્રોમાં દર ત્રણ ડૉક્ટરો પૈકી એક યુનાની યા આયુર્વેદિક કે હોમિયોપેથિક દાક્તરને લેવાનું હવે ફરજિયાત છે.

ઈ. સ. પૂર્વે ૪૬૦માં જન્મેલા બુક્રાત–હિપોક્રેત–યુનાની તિબ્બના પિદર ગણાય છે. તેમના પછી બીજા ગ્રીક હકીમ અને ચિંતક જાલીનૂસ થઈ ગયા. અબૂ અલીસિના-અવિસેના (જુઓ ‘કુમાર’ અંક ૬૨૯) નામના મહાન હકીમે યુનાની ઉપચાર પદ્ધતિનું મૂળ પુસ્તક ‘અલ કાનૂન’ લખ્યું. આરબોએ યુનાની પદ્ધતિને વ્યવસ્થિત રૂપ આપ્યું. સદીઓ સુધી યુનાની પદ્ધતિનો યુરોપમાં પણ પ્રચાર રહ્યો હતો.

આપણે ત્યાં યુનાની હકીમોએ ભારતીય જડીબુટ્ટીઓને પણ અપનાવી. આઠમી સદીમાં ખલીફા હારૂન અલ રશીદના દરબારમાં હિંદુસ્તાની વૈદ્યરાજો પણ હતા. આમ, આયુર્વેદ તથા યુનાની પદ્ધતિનો સમન્વય પણ થયો. મુઘલ શાસનકાળમાં રાજ્યાશ્રય ઉપરાંત લોકાશ્રય પણ મળવાથી તે પ્રતિષ્ઠિત અને વૈભવવંતી બની.

યુનાની તિબ્બનું પ્રથમ સૂત્ર છે, ‘રોગીને સારો કરો, માત્ર રોગને જ નહિ.’ કામચલાઉ થાગડથીગડ રાહતમાં નહિ, પરંતુ મૂળગામી કાયમી અને અશેષ ઉપચારમાં તે માને છે. તેની આ વિશિષ્ટતા તેની એક કમજોરી પણ બની શકે. દર્દીને સાજા થવામાં વધુ સમય લાગે છે. સ્વાભાવિક રીતે જ તિબ્બમાં ઈંજેક્શન કે આધુનિક સર્જરીની વાત નથી.

યુનાની મત પ્રમાણે શરીર ચાર મૂળ તત્ત્વોનું બનેલું છે. આપણે જે પંચ મહાભૂતો કહીએ છીએ તેમાંનું આકાશ તત્ત્વ–એમાં લેવામાં આવ્યું નથી. બાકીનાં ચાર તત્ત્વો—‘અનાસિરે અરબા’માં આબ, બાદ, આતિશ અને ખાકની તેમાં ગણના છે, જેને આપણે જલ, વાયુ, અગ્નિ અને પૃથ્વી તરીકે ઓળખીએ છીએ. આ ચાર તત્ત્વોનું સપ્રમાણ સંયોજન–એતદાલ–તેનું નામ આરોગ્ય. અંગ્રેજી પરિભાષામાં એને ‘બૅલેન્સ ઑવ હ્યુમર્સ’ કહે છે. શરીરનાં આ તત્ત્વોનાં યુનાની નામ અનુક્રમે બલગમ, ખૂન, સફરા અને સોદા છે. આપણે તેને કફ, લોહી, પિત્ત અને વાયુ કહીએ છીએ.

ઉપચારની સાથે જ ઈશ્વરમાં શ્રદ્ધા પણ યુનાની પદ્ધતિના પાયામાં છે. આ વિષે ઘણું લખાયું છે. ‘દર્દીને ભગવાન જ સારો કરે છે, હકીમ નહિ—કરી શકે પણ નહિ. મેં દર્દીને સાજો કર્યો એમ કહેનારના મોં પર ધૂળ! ભગવાન રોગ આપે છે અને આરોગ્ય પણ એ જ આપે છે. ભગવાનની ઇચ્છા ન હોય તો અકસીર ઈલાજો પણ નાકામિયાબ બની જાય, અને એ ઈચ્છે તો ચપટી ધૂળ પણ અકસીર નીવડે. હકીમ પોતે તો એક નિમિત્ત છે.’ એ તો કહે છે, ‘એસ્સૈયુ મિન્ની વશિફા મિનલહક’—‘હું મારો નમ્ર પ્રયાસ કરું છું, આરોગ્ય આપનાર તો એક માત્ર ઈશ્વર જ છે’ વગેરે. હકીમોમાં ઘણા શાયરીના રસિયા પણ હોય છે, તેઓ આ જ બાબત જુદી રીતે વ્યક્ત કરે છે—‘યે દર્દ જીસને દિયા હૈ હમકો, વોહી દવા કરેગા’ અથવા ‘મોત કો રોકનેવાલા કોઈ પૈદા ન હુવા.’ જાલીનૂસ પોતાના યુગનો પેટનાં દર્દોનો નિષ્ણાત હકીમ ગણાતો ને એ પેટના દર્દથી જ મર્યો. ક્ષયનો ખાસ તબીબ અરસ્તુ પોતે ક્ષયથી

મર્યો, લકવાનો નિષ્ણાત અફલાતૂન–પ્લૅટો પોતાનો લકવા મટાડી શક્યો નહોતો. બુક્રાત યુનાની પદ્ધતિનો પિતા પોતે પોતાનો રોગ દૂર કરી શકેલો નહિ. કેમ કે બધા સમર્થ હકીમોથી સમર્થ પણ કોઈ છે જ.

હઝરત ખિઝ્ર નામના અતિ વૃદ્ધ અને લીલાં વસ્ત્રધારી એક પુરાણ-પુરુષનું નામ ખ્યાત છે. એને અમર માનવામાં આવે છે. મનાય છે કે એણે 'આબે હયાત'—અમૃતનો ઝરો શોધી કાઢયો છે. હજારો સાલથી તેઓ જંગલોમાં ભટકયા કરે છે અને ભૂલા પડેલા મુસાફરને સાચા માર્ગ પર પહોંચાડી દે છે. જીવવાથી એ એટલા બધા કંટાળી ગયા હોવાનું કહેવાય છે કે તેઓ વારંવાર ખુદાને અર્જ કરે છે કે, હે હકીમોના હકીમ, તું મારું આ અમરત્વ પાછું લઈ લે અને મને જિંદગી રૂપી આ મહા વ્યાધિમાંથી છોડાવ.

તિબ્બ એ પ્રાકૃતિક ચિકિત્સાપદ્ધતિ છે. બે અરબી શબ્દોમાં એનો જે સાર રજૂ થયો છે તે આપણા વૈદકોમાંથી લીધો હોય એવો લાગે છે. એનો ભાવાર્થ છે–ખાઓ ત્યારે થોડું ઓછું ખાઓ, ખાધા પછી ન ખાઓ, અન્ન પચે તો જ આરોગ્ય છે, અને તે જ આરોગ્ય છે. એક ખોરાક ઉપર બીજો ખોરાક નાખવો તે માંદગીનો પર્યાય છે.

હકીમ લુકમાનને કોઇએ પૂછ્યું, 'કયારે ખાવું હિતકારક છે? ત્યારે તેણે કહેલું, 'ગરીબ માણસને ખાવાનું મળે ત્યારે, અને પૈસાદાર માણસ-ને જ્યારે ભૂખ લાગે ત્યારે ખાવું હિતકારક છે.' ઉચ્ચ વર્ણના હિન્દુઓ હકીમો પાસે જતા નથી. યુનાની દવાઓમાં હિન્દુઓને મન અભક્ષ્ય એવી વસ્તુઓ વપરાતી હોવાની સૂગ તેમાં કારણભૂત હોઈ શકે. પણ એમની બધી જ દવાઓ એવી હોતી નથી. અને એમ તો કોડલીવર ઑઈલ ને ચિકન એક્સ્ટ્રેક્ટ જેવી દવાઓ ઘણા હિન્દુઓ બેધડક વાપરે જ છે ને? બારસો વર્ષ પહેલાં બગદાદના એક ખલીફાને પેટમાં ચૂંક ઉપડેલી. અત્યંત તીવ્ર અને અસાધ્ય બની રહેલી એ ચૂંકનો ઈલાજ એના દરબારમાં રહેલા એક હિન્દુ વૈદે કર્યો હતો. એણે રણમાં થતા એક કાળા ઝેરી વીંછીને પકડી મંગાવ્યો ને તેને કોરી માટલીમાં મૂકી એના પર કોડિયું ઢાંકી, માટીના લેપ વડે સાંધ પૂરી દઇને તે માટલીને અડાયાની તાપણીમાં કલાકો સુધી તપાવી, પછી તપી બળીને લાલચોળ થઈ ગએલા એ વીંછીને બહાર કાઢી તેને વાટીને બનાવેલી ભસ્મ ખલીફાને પાઈ, અને ખલીફાની વીંછીના ડંખ જેવી પેલી વેદના મટી ગઈ. આ તો એક દંતકથા જ હશે, અને વીંછીની ભસ્મના ઔષધીય ઉપયોગની પણ આપણને ખાતરી નથી જ, પણ આવો જીવહિંસાવાળો પ્રયોગ વૈદે કર્યો હોય તો તેને આયુર્વેદનો પ્રયોગ ગણવો કે તિબ્બનો? □

અનુસંધાન] **શિરીષ** [પૃષ્ઠ ૧૩૦થી

અથડાવાથી સુકાએલી શીંગો દ્વારા થતા સતત અવાજને અમેરિકામાં 'સ્ત્રીઓની જીભ' સાથે સરખાવીને શિરીષ વૃક્ષને 'વૂમન્સ ટંગ' એવું નામ પણ અપાયું છે.

સંસ્કૃતમાં શિરીષનાં ભંડી, ભંડીર, કર્ણપૂર, ભંડિલ, કપીતન, શુકતરુ, શુકપ્રિય અને શ્યામવલ્ક વગેરે અનેક નામ છે. ગુજરાતીમાં એને કાળિયો સરસ, સરસડો, કાળિયો કાંસકીઓ પણ કહે છે. મરાઠીમાં શિરસી, શિરસ નામે; ફારસીમાં દરખ્તે ઝકરિયા, અરબીમાં સુલતાનુલ સરજાર અને ઉર્દૂમાં દરાશ નામે તે ઓળખાય છે. અંગ્રેજીમાં પણ તેનાં Siris, Black Siris, Sizzling tree, Fry-wood tree, Parrot tree, Woman's tongue અને Sultan's tree વગેરે નામો છે.

શિરીષનું લાકડું ઈમારતી કામમાં ને રાચરચીલું બનાવવામાં વાપરી શકાય તેટલું મજબૂત હોય છે. આવાં કામ ઉપરાંત, રેલગાડીના ડબ્બા, ખેતીવાડીનાં ઓજારો, રમકડાં, તેલની ઘાણી ને શેરડી પીલવાના કોલુ માટે પણ વાપરી શકાય છે. આંદામાનથી શિરીષના લાકડાની પરદેશમાં સારી નિકાસ થાય છે.

ચા અને કૉફીના બગીચાઓમાં છાયા માટે શિરીષનાં વૃક્ષો ઉગાડ-વામાં આવે છે. એનાં પાંદડાંનું સારું ખાતર બને છે અને પશુઓ પણ એનાં પાન રુચિપૂર્વક ખાય છે.

શિરીષના અનેક ઔષધીય ઉપયોગો પણ છે: કુષ્ઠ રોગમાં શિરીષ-ની વાટેલી છાલના લેપની, તથા કફજન્ય રતવામાં શિરીષ-પુષ્પોના ચૂર્ણને ઘીનું સહેજ મોણ દઇને તેને પાણીમાં વાટીને ચોપડવાની, અને શ્વાસ (દમ)માં શિરીષનાં ફૂલોનો સ્વરસ પીપર અને મધ નાખીને પીવાની ચરકે ભલામણ કરી છે.

સુશ્રુતના મત પ્રમાણે આધાશીશીમાં શિરીષ અને મૂળાનો રસ નાકમાં નાખવાથી ફાયદો થાય છે. કૃમિનાશ માટે શિરીષ અને અપા-માર્ગનો રસ મધ સાથે પીવાની તેણે ભલામણ કરી છે. ઉંદર ને સર્પના વિષમાં પણ શિરીષ ગુણકારી હોવાનો સુશ્રુતનો મત છે.

દુખતી આંખમાં શિરીષનાં પાનનો રસ મધ સાથે આંજવાથી ફાયદો થતો હોવાનો શોઢલનો અભિપ્રાય છે. હિન્દી ચીનમાં શિરીષની છાલ અને બીજ હરસ, ઝાડા અને મરડામાં અપાય છે, તો માલાગાસી-માં શિરીષનાં પાન ચાંદી રોગ મટાડવા માટે વપરાય છે.

શિરીષનાં ફૂલ શીતલ અને દાહનાશક છે. તે વાટીને ગૂમડાં, ગાંઠ, ચાંદાં અને સોજામાં ચોપડવામાં આવે છે. શિરીષની છાલના કવાથથી પ્રદર દૂર થતો હોવાનું મનાય છે. છાલનો કવાથ પીવાથી અને પાનનો રસ આંખમાં આંજવાથી રતાંધળાપણું દૂર થાય છે. બાળકોને દાંત આવતા હોય ત્યારે શિરીષનાં બીજની માળા પહેરાવી રાખવાથી બાળકને પેઢામાં વેદના થતી નથી.

લાલ શિરીષ

આછા ગુલાબી રંગનાં પુષ્પોવાળા શિરીષની એક અન્ય જાત પણ થાય છે. જે અન્ય બધી રીતે શિરીષ જેવી છે, પણ એનાં ફૂલોમાં સુગંધ ઓછી હોય છે. વડોદરામાં મ. સ. વિશ્વવિદ્યાલયના દાદાભાઈ નવરોજી છાત્રાલયની પાસે આવેલી તરુવિથિમાં એનાં અનેક વૃક્ષો છે. જૂનાગઢના સક્કર બાગમાં પણ લાલ શિરીષનાં વૃક્ષો છે. એનું શાસ્ત્રીય નામ Albizzia Julibrissin છે.

વનસ્પતિશાસ્ત્રના સંશોધકોએ બીજી પણ ચારેક જાતિઓ બતાવી છે જે મૂળ શિરીષના પ્રતિનિધિ તરીકે વ્યવહારમાં લેવાય છે. તેનાં નામ—શ્વેત સુગંધિત શિરીષ—Albizzia Odoratissima; શ્વેત શિરીષ-Albizzia Procera; કાળો શિરીષ-Al. Amara અને પીળો શિરીષ- Al. Stipulata. □

પર્થ

પ્રદેશે જય-વિજયના-૫
લેખક • પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ



દુનિયાનો સૌથી મોટો ટાપુ અને સૌથી નાનો ખંડ ઑસ્ટ્રેલિયા કદમાં યુરોપથી સહેજ નાનો અને લગભગ યુ. એસ. એ. જેવડો દેશ છે. આ સમગ્ર ખંડ પર મુખ્યત્વે એક જ—અંગ્રેજી ભાષાનું ચલણ છે જે ખુદ ઇંગ્લૅંડમાં પણ નથી. આફ્રિકાથી પૂર્વમાં ૬૦૦૦ માઈલ ને અમેરિકાની પશ્ચિમે ૭૦૦૦ માઈલ જેટલે દૂર આવેલો આ દેશ પૃથ્વીના ગોળા પર ઇંગ્લૅંડની બિલકુલ સામે છેડે છે. ઇંગ્લૅંડથી આરંભીને પૃથ્વીના કેન્દ્રમાંથી પસાર થાય તે રીતે જો એક આરપાર બાગદો કોરવામાં આવે તો તેનો સામેનો છેડો ઑસ્ટ્રેલિયાથી અગ્નિ દિશામાં માત્ર ૧૫૦૦ માઈલ છેટે નીકળે. ઉત્તર અને વાયવ્યમાં વિશાળ એશિયા ખંડ, અને તેમાંથી યે ઈન્ડોનેશિયા તો પોતાનાથી કેવળ બેએક હજાર માઈલ જેટલો નજીક હોવા છતાં અન્ય દેશોની સરખામણીમાં ઑસ્ટ્રેલિયાનો આ ખંડ સાથેનો સંપર્ક પ્રમાણમાં ઓછો છે. આસપાસના અનેક નાનાનાના ટાપુઓ અને ટાસ્માનિયા સહિત લગભગ વીસેક લાખ ચોરસ માઈલના વિસ્તારવાળા આ દક્ષિણ ગોળાર્ધના ખંડનો લગભગ ત્રીજા ભાગનો વિસ્તાર ઉષ્ણ કટિબંધમાં આવેલો છે. એની ચારે તરફની વિશાળ સાગરકંઠારનો મોટો ભાગ હિંદી મહાસાગરમાં હોવા છતાં ઑસ્ટ્રેલિયાની ગણના પૅસિફિક મહાસાગરના દેશો સાથે થાય છે, ને પૅસિફિક બાજુના એના પ્રદેશનું મહત્ત્વ પણ વધુ છે. નકશામાં તૂટક રેખા વડે દર્શાવેલા એના સૂકા વેરાન રણપ્રદેશોના વિસ્તારને લીધે એકબીજાના સંપર્કમાં ઓછા આવવાને કારણે ઑસ્ટ્રેલિયાનાં છ યે રાજ્યો—વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા, નૉર્ધર્ન ટેરીટરી, સાઉથ ઑસ્ટ્રેલિયા. ક્વીન્સલૅન્ડ અને ન્યૂ સાઉથ વેલ્સ તથા વિક્ટોરિયા એકબીજાથી કેટલીક બાબતોમાં ભિન્ન લાગે છે. ખાસ કરીને પૂર્વ ને પશ્ચિમનાં રાજ્યો વચ્ચે ઘણો તફાવત છે. વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા એ તેનું પશ્ચિમનું વિશાળ રાજ્ય છે, અને પર્થ તેનું પાટનગર. લેખકે આ પર્થમાં પોતે કરેલા મુકામને અહીં વર્ણવ્યો છે.—સં.

બપોર પછી અમે પર્થ શહેર જોવા નીકળ્યા. લગભગ એંસી-હજારની વસ્તીવાળું નાનું પણ સ્વચ્છ શહેર છે. ઑસ્ટ્રેલિયામાં જગ્યાનો કોઈ પ્રશ્ન નથી એટલે લોકો ચારે બાજુ દૂરદૂર સુધી મોકળાશથી વસ્યા છે. પણ બજારવાળો શહેરનો મધ્યભાગ બહુ નાનો છે, જેમાં લગભગ સમાંતર એવા બે મુખ્ય માર્ગ છે. એક તે સેન્ટ જ્યૉર્જિસ ટેરેસ, જેમાં કેટલાંક આધુનિક પદ્ધતિનાં નવાં બહુમાળી મકાનો છે. બીજો માર્ગ તે 'હાઈ સ્ટ્રીટ', જ્યાં જૂના વખતના મોટામોટા સ્ટોર છે. આ હાઈ સ્ટ્રીટનો એક છેડો વાહનો માટે બંધ કરીને ત્યાં આવતાજતા લોકો માટે વિવિધ સગવડો ગોઠવી છે. રસ્તા વચ્ચે બેઠકો અને ફૂલઝાડ છે. માત્ર ફરવા કે જોવા ખાતર પણ અહીં લોકો આવે છે. રાહદારીઓ માટેના જ આ વિભાગને અહીં મૉલ(Mall) કહે છે.

તે દિવસ રજાનો હતો એટલે બધા સ્ટોર બંધ હતા. અમે ત્યાં નીકળ્યા ત્યારે લોકોની અવરજવર પણ બહુ નહોતી એટલે પાર્કિંગની મુશ્કેલી પણ પડી નહિ.

ત્યાંથી અમે 'કિંગ્સ પાર્ક'માં ગયા. હજાર એકર જેટલા વિસ્તારમાં એક ટેકરી ઉપર આ બાગ બનાવેલો છે. અહીં ફૂલક્યારીઓ ઓછી છે પણ ચારે બાજુ ઉગાડેલાં વૃક્ષોથી બાગ બહુ રળિયામણો લાગે છે. અહીંથી નીચે વળાંક લેતી નાનકડી સ્વૉન નદી સાથે પર્થ શહેરનું દૃશ્ય સુંદર લાગે છે. પર્થથી જુદીજુદી જગ્યાએ જવા માટેનો એક્સપ્રેસ મોટર માર્ગ પણ અહીંથી પસાર થાય છે. મોટાં શહેરોમાં મોટરગાડીઓની ઝડપી અવરજવરને માટે ચાર કે છ રસ્તા મળતા હોય ત્યાં ગાડીઓને થોભવું ન પડે તે માટે 'ઓવરબ્રિજ'માંથી હવે 'સ્પૅઘટી જંક્શન્સ' બનાવવામાં આવે છે, જેમાં એક સાથે જુદાજુદા અનેક રસ્તાઓ એક બીજાની ઉપરથી વળાંકો લઈને નીકળતા હોય છે. પર્થમાં સ્વૉન નદી ઉપર પણ આવી રચના છે. કિંગ્સ પાર્કમાંથી નીચે નજર કરતાં આ માર્ગો ઉપરથી સંખ્યાબંધ મોટરગાડીઓ સડસડાટ સરકતી જોવા મળે છે. આમ તો સ્વૉન આપણી વાત્રક કરતાં યે નાની નદી છે, પણ કિંગ્સ પાર્કની ઊંચાઈએથી એનો વળાંકદાર પટ સુંદર લાગે છે.

'ઑસ્ટ્રેલિયાની મોટામાં મોટી નદી કઈ?' મેં પૂછ્યું.


'મરે.' યોગેશે કહ્યું : 'પણ આપણી નદીઓની તોલે ઑસ્ટ્રેલિયાની નદીઓ ન આવે.' યોગેશની વાત સાચી હતી.


ઑસ્ટ્રેલિયા ઘણો મોટો ખંડ છે, પરંતુ તેનો પાણીનો પ્રશ્ન પણ એટલો જ વિકટ છે. ઑસ્ટ્રેલિયાના પશ્ચિમ અને મધ્ય ભાગમાં મોટાં-મોટાં રણ છે, ગરમી પણ સખત પડે છે અને ઘણાખરા ભાગોમાં દસ ઇંચથી પણ ઓછો વરસાદ પડે છે તે યે જમીનમાં શોષાઈ જાય છે. આથી ઑસ્ટ્રેલિયા દુનિયાનો સૌથી વધુ સૂકો પ્રદેશ ગણાય છે.

અલબત્ત, ઑસ્ટ્રેલિયાના દક્ષિણ, પશ્ચિમ અને પૂર્વ કિનારે સાધારણ સારો વરસાદ પડે છે. એટલે ત્યાં કેટલીક નદીઓ વહે છે ખરી ને એથી તે પ્રદેશ થોડો હરિયાળો પણ છે. પરંતુ આપણી ગંગા કે બ્રહ્મપુત્ર તો બાજુ પર રહી, પણ તાપી કે નર્મદા જેવી નદીઓ પણ ઑસ્ટ્રેલિયામાં નથી. જે નદીઓ છે તે પણ ઘણી છીછરી છે અને તેના પટ ઘણા નાના છે. આ નદીઓને ખોદીને ઊંડી અને પહોળી કરવા માટે ઑસ્ટ્રેલિયા ઘણા પૈસા ખરચે છે. મેલબર્ન પાસે વહેતી યારા નદીને આ રીતે ઊંડી બનાવાઈ છે, અને એથી મેલબર્ન બંદરે જહાજોની અવરજવર શક્ય બની છે. પરંતુ મોટી અને ઊંડી નદીઓના અભાવે ઑસ્ટ્રેલિયામાં જળમાર્ગો વિકસ્યા નથી. સારા આંતરિક જળમાર્ગોને કારણે કેટલાક દેશનો ભૂતકાળમાં જે રીતે વિકાસ થઈ શક્યો છે તેવા વિકાસનો લાભ ઑસ્ટ્રેલિયાને મળ્યો નથી. જો કે રેલ, બસ અને વિમાનનો વ્યવહાર વધતાં હવે આંતરિક જળમાર્ગોનું પહેલાં જેટલું મહત્ત્વ પણ રહ્યું નથી, છતાં શક્ય હોય ત્યાં જલમાર્ગ વિકસાવવાના તેમના પ્રયત્નો તો જારી છે જ.

યુનિવર્સિટી ઑફ વેસ્ટ ઑસ્ટ્રેલિયા

પર્થની યુનિવર્સિટી પણ જોવા જેવી છે. 'યુનિવર્સિટી ઑફ વેસ્ટ ઑસ્ટ્રેલિયા' નામે તે ઓળખાય છે. અમે એ યુનિવર્સિટી જોવા પણ ગયા. ઑસ્ટ્રેલિયાની આ જૂનામાં જૂની યુનિવર્સિટી છે. પોતાના પ્રદેશ-





સમગ્ર પશ્ચિમ ઑસ્ટ્રેલિયાને આવરી લેતું વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા આ દેશનાં બીજાં રાજ્યો- નૉર્ધર્ન ટેરીટરી, સાઉથ ઑસ્ટ્રેલિયા, ક્વીન્સલૅન્ડ, ન્યૂ સાઉથ વેઈલ્સ અને વિક્ટોરિયા કરતાં વિસ્તારમાં મોટું છે. આ રાજ્યનું પાટનગર પર્થ ઑસ્ટ્રેલિયા ખંડની નૈઋર્ત્ય કાંઠે દરિયાથી દસેક માઈલ દૂર સ્વૉન નદીના કાંઠા પર વસેલું છે. સ્વૉનમાં જહાજો ચાલી શકે તેટલી એ મોટી નદી નથી એટલે બંદર તરીકે દરિયાકિનારા પર ફ્રીમૅન્ટલ વિકસ્યું છે. પર્થ શહેર પાસે સ્વૉન નદીનો પટ પહોળો હોઈ પાણીની રમતો તથા સહેલ-સાઠ માટે આદર્શ છે. પર્થની બાજુમાં જ આવેલા કિંગ્સ પાર્કની ઊંચાઇએથી (ઉપર જમણી બાજુના ચિત્ર પ્રમાણે) આ સ્વૉન અને પર્થ શહેરનો અત્યંત સુંદર દેખાવ જોવા મળે છે. ઈ. ૧૮૨૯માં કૅપ્ટન સ્ટર્લિંગે પર્થની સ્થાપના કરેલી, પણ ઈ. ૧૮૯૦માં વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયામાં સોનું મળી આવ્યા પછી અહીં માનવ વસવાટ વધી ગયો અને પરિણામે શક્તિ અને સમૃદ્ધિનો જે સંચય થયો તેનો લાભ પર્થ અને સમગ્ર વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયાના વિકાસને થયો. ઈ. ૧૯૧૩માં વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા યુનિવર્સિટીની સ્થાપના થઈ. એનો વિસ્તાર ને (ડાબી બાજુના ચિત્ર પ્રમાણે) એનાં મકાનો ઑસ્ટ્રેલિયાની અન્ય બધી યુનિવર્સિટીઓ કરતાં વધુ સુંદર ગણાય છે. એક અખબાર-માલિકની ઉદાર સખાવતના કારણે આ યુનિવર્સિટીમાં કોઈ પ્રવેશ ફી આપવી પડતી નથી એ એની અજોડતા છે. પૂર્વ ઑસ્ટ્રેલિયાનાં ફળદ્રુપ અને સમૃદ્ધ રાજ્યોથી બે હજાર માઈલ જેટલા વિશાળ વેરાન રણ પ્રદેશથી અલગ પડી જવાના કારણે વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયા અનેક રીતે ભિન્ન જણાય છે. પર્થની પ્રજા પણ પોતાને બહુ ચડિયાતી માનતી હોઈ જાણે એક આગવી વસાહત સમી બની રહેલી છે. સંસ્કારી, આરામપ્રિય અને પૂર્વના રાજ્યોની નીતિરીતિ પ્રત્યે શંકાશીલ આ લોકો અનેક બાબતોમાં સીડની અને મેલબોર્નના બદલે ઇંગ્લૅન્ડ તરફ વધુ મીટ માંડે છે. —સં.

ની જેમ પોતાની આ યુનિવર્સિટી માટે પણ પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના લોકો ઘણું ગૌરવ ધરાવે છે. ઑસ્ટ્રેલિયામાં જાતિ કે ધર્મના તો બહુ પ્રશ્નો નથી, પણ પ્રાદેશિક સ્પર્ધા અને ચડસાચડસી તો અહીં પણ જોવા મળે છે. તેમાં વેસ્ટ ઑસ્ટ્રેલિયાના લોકો પોતાને બહુ ચડિયાતા ગણે છે.

આ યુનિવર્સિટીનું આયોજન બહુ કુશળ રીતે કરેલું છે. તેના વિશાળ વિસ્તારમાં લીલાછમ ઘાસથી આચ્છાદિત મેદાનો અને વૃક્ષ વિથિઓની વચ્ચે છૂટાંછવાયાં મકાનોથી યુનિવર્સિટી કૅમ્પસના શાંત અને પ્રેરક વાતાવરણનો મન ઉપર ઊંડો પ્રભાવ પડે છે. આની સરખામણીમાં ભારતની કેટલીક યુનિવર્સિટીઓ દેખાવની દૃષ્ટિએ ઘણી પછાત લાગે.

યુનિવર્સિટીમાં ફરતાંફરતાં અમે ત્યાંના મુખ્ય હૉલમાં ગયા. કૉન્વોકેશન અને બીજી કેટલીક પ્રવૃત્તિઓ માટે એ હૉલ વપરાય છે. અહીં બંને બાજુની દીવાલ ઉપર દુનિયાની જુદીજુદી યુનિવર્સિટીઓનાં પ્રતીકો હોય તેની નવાઈ નહોતી. ભારતની કલકત્તા અને પંજાબ યુનિવર્સિટીનાં પ્રતીકો પણ અહીં જોયાં. મુંબાઈ યુનિવર્સિટીમાં હું ભણાવું છું એટલે તેનું પ્રતીક પણ છે કે નહિ તે જોવા માટે મેં બે વખત ચક્કર લગાવ્યું, પણ તે દેખાયું નહિ. પ્રશ્ન થયો કે પંજાબ યુનિવર્સિટીને સ્થાન મળ્યું અને મુંબાઈ યુનિવર્સિટીને કેમ નહિ. મેં તે વિષે યોગેશને પૂછ્યું. પણ તેઓ આ અંગે કંઈ જાણતા ન હતા. અમારી યુનિવર્સિટીને પણ તેની કંઈ ખબર નથી. કદાચ પરસ્પર આદાનપ્રદાનના ધોરણે ત્યાં ભારતની એ બે યુનિવર્સિટીઓનાં પ્રતીક હશે!

યુનિવર્સિટીમાં 'ઑફ્ટગન' નામનું એક અષ્ટકોણ આકારનું થીએટર છે, જ્યાં નિયમિત રીતે નાટક અને સંગીતના કાર્યક્રમો રજૂ થતા રહે છે. થીએટરની રચનામાં નવીનતા અને સૌન્દર્ય ધ્યાન ખેંચે છે.

ઑસ્ટ્રેલિયા એટલે એક વખતના બ્રિટિશ સામ્રાજ્યનું જ અંગ. અંગ્રેજોએ પોતાના બધાં જ સંસ્થાનોમાં બ્રિટિશ પદ્ધતિની કેળવણી દાખલ કરી હતી. જેમાં પ્રાથમિક શાળાનાં ચાર ધોરણ પછી સાત ધોરણ માધ્યમિક શાળાનાં, અને એ અગિયાર વર્ષના અભ્યાસ પછી વિદ્યાર્થી મૅટ્રિક પાસ કરીને બીજાં ચાર વર્ષ કૉલેજમાં અભ્યાસ કરી સ્નાતક બને. જેમ હિંદુસ્તાનમાં તેમ ઑસ્ટ્રેલિયામાં પણ એમણે એ જ પદ્ધતિ રાખી હતી. જો કે બ્રિટિશ સામ્રાજ્યમાંથી બ્રિટિશ કૉમનવેલ્થ રચાયા પછી હવે તો રાષ્ટ્રસમૂહના દેશોએ પોતપોતાની શિક્ષણનીતિ અનુસાર તેમાં ફેરફારો કર્યા છે.

ઑસ્ટ્રેલિયમાં વસવાટ કર્યા પછી થોડાં જ વર્ષોમાં અંગ્રેજોએ શિક્ષણ-વ્યવસ્થા ઊભી કરી દીધી હતી. ઓગણીસમી સદીના આરંભમાં તો સંખ્યાબંધ પ્રાથમિક શાળાઓ ચાલુ થઈ ગઈ હતી, ને પછી ક્રમેક્રમે માધ્યમિક શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓ પણ સ્થપાઈ ગઈ. હાલ અહીં શિક્ષણ એ અહીંના દરેક રાજ્યની પોતપોતાની જવાબદારી છે, પરંતુ કેળવણીની પદ્ધતિ અને અભ્યાસક્રમ લગભગ એકસરખાં છે. માધ્યમિક શ્રેણી સુધીનું શિક્ષણ ફરજિયાત છે. વિક્ટોરિયા રાજ્યમાં ચૌદ વર્ષની વય સુધી, ટાસ્માનિયામાં સોળ વર્ષની ઉંમર સુધી અને અન્ય રાજ્યોમાં પંદર વર્ષની વય સુધી કેળવણી ફરજિયાત છે. મફત કેળવણીની પણ સગવડ છે. મૅટ્રિકમાં પસાર થયા પછી વિદ્યાર્થીઓ

કૉલેજમાં પ્રવેશ મેળવે છે. સિડની, મેલ્બર્ન, બ્રિસબેન, એડિલેઈડ, પર્થ વગેરે બધાં જ મોટાં શહેરોમાં યુનિવર્સિટીઓ છે. લગભગ દસ લાખ વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે છે.

ઑસ્ટ્રેલિયામાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અનેક સગવડો મળે છે, અને સાધનો પણ પુષ્કળ છે, છતાં સ્વેચ્છાએ યુનિવર્સિટીનું શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ ઓછું છે. ઈજનેરો, ડૉક્ટરો, વકીલો વગેરે માટેની કેળવણી લેનારા વિદ્યાર્થીઓ તો એથી પણ ઓછા હોય છે. લોકો ખાધેપીધે સુખી કોઈ વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યની આર્થિક ચિંતા એકંદરે ઓછી રહે છે, એટલે જેમાં વધુ વર્ષ આપવાં પડે અને ભણવામાં વધુ ખર્ચ કરવો પડે તેવા લાંબા ને મોટા અભ્યાસક્રમ લેવા માટે પ્રમાણમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ તૈયાર થતા હોય છે. મોટા ભાગના વિદ્યાર્થીઓ ખપ પૂરતું જ ભણે છે. આથી ઈજનેરો, ડૉક્ટરો, વકીલો વગેરેને બીજા દેશોમાંથી બોલાવવા પડે છે. એવા વિદેશીઓને તેમના કાયમી વસવાટ માટે ઑસ્ટ્રેલિયામાં જલ્દી મંજૂરી આપવામાં આવે છે.

યોગેશના એક મિત્રનું નામ છે સામ. તેઓ ડૉક્ટર છે. મૂળ ભારતના, પરંતુ એમના પિતાએ પહેલાં ફિજીમાં અને પછી ઑસ્ટ્રેલિયામાં વસવાટ કર્યો છે. સાંજે અમારે તેમને ત્યાં ચા-પાણી માટે જવાનું નિમંત્રણ હતું. યુનિવર્સિટી જોઈને અમે તેમને ઘેર ગયા. એમને ત્યાં 'સ્વિમિંગ-પુલ' પણ છે એટલે અમે સ્વિમિંગ કૉસ્ચ્યુમ પણ સાથે લઈ ગયા હતા. ઑસ્ટ્રેલિયામાં ઘણા લોકોને ત્યાં બગીચા સાથે ઘરનાં પાછળના ભાગમાં તરવા માટે નાનકડો હોજ પણ હોય છે. પર્થમાં ઘણી ગરમી પડતી હતી એટલે અમે તરવાની પૂરી મજા માણી. તે પછી અમે રંગીન ટી. વી. પર તે સમયે ભારત અને વેસ્ટ ઑસ્ટ્રેલિયા વચ્ચે રમાતી મૅચ જોવા બેઠા. રમતના ક્ષેત્રે વેસ્ટ ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ ઘણા હોશિયાર ગણાય છે. કેટલીક વાર વેસ્ટ ઑસ્ટ્રેલિયાના કેટલાક ખેલાડીઓ સાથેની સમગ્ર ઑસ્ટ્રેલિયાની સંયુક્ત ટીમને સહેલાઈથી જીતી શકાય, પણ એકલી પશ્ચિમ ઑસ્ટ્રેલિયાની ટીમને જીતવી સહેલી નથી.

ઑસ્ટ્રેલિયામાં માખીનો કેટલો ઉપદ્રવ છે એ તો ટી. વી.માં પણ જોઈ શકાતું હતું. ક્રિકેટ રમતા ખેલાડીઓ પણ થોડીથોડી વારે હાથ ઊંચો કરી માખીઓ ઉડાડતા દેખાતા હતા. સદ્ભાગ્યે ડૉ. સામે ઘરનાં બારીબારણાંને જાળીઓ લગાડી હતી. એટલે એમના ઘરમાં માખીઓ ઉડાડવાની પ્રવૃત્તિથી અમે મુક્ત હતા. મેં ડૉક્ટરને પૂછ્યું, 'અહીં આટલી બધી માખીઓ છે તો લોકોના આરોગ્ય ઉપર તેની અસર નથી થતી?'

'ખાસ નહિ. કારણ કે અહીં સ્વચ્છતા પણ ઘણી જળવાય છે. ગંદકી નથી એટલે માખીઓ દ્વારા રોગચાળો ફેલાવાનો ભય નથી.'

ડૉ. સેનની વાત ખરી હતી. જો કે ઑસ્ટ્રેલિયામાં ભારતીય ડૉક્ટરોની સંખ્યા સારી છે, પણ અહીં માંદગીનું પ્રમાણ ઓછું છે. સારી આબોહવા, રહેવા માટે પૂરી સગવડોવાળાં સારાં, મોટાં સ્વચ્છ આવાસો અને પૌષ્ટિક ખોરાકને કારણે લોકોમાં માંદગીનું પ્રમાણ બહુ ઓછું છે. વળી, લોકો બહાર હરવા-ફરવાના, રમત-ગમતના, તરવાના કે બોટિંગ કરવાના પણ શોખિન છે. એથી યે એમનું આરોગ્ય સારું જળવાય છે. સમૃદ્ધ દેશ હોવાને લીધે અહીં આરોગ્યનાં આધુનિક સાધનોથી સુસજ્જ એવી પૂરતી હૉસ્પિતાલો પણ છે. વસ્તીના પ્રમાણમાં દેશ પણ ઘણો વિશાળ હોઈ પાંચ-છ મોટાં શહેરો બાદ કરતાં અહીં લોકો પણ દૂરદૂર છૂટાંછવાયાં ગામોમાં રહે છે, અને તેમને પણ તબીબી સેવાઓ પૂરી પાડવા માટે સુંદર વ્યવસ્થા છે. કોઈપણ ગામમાં કોઈ માંદું પડે ત્યારે માત્ર ટેલિફોન કરવાથી વિમાનમાં બે ડૉક્ટરો જરૂરી બધી સાધનસામગ્રી સાથે તેને ત્યાં પહોંચી જાય છે. આ માટે એમનાં વિમાનો પણ નાનાં અને થોડીશી સપાટ જગ્યામાં પણ ઊતરી શકે તેવાં હોય છે. કોઈ વાર હેલિકૉપ્ટરનો ઉપયોગ પણ થાય છે. લોકોની આવક પણ સારી હોઈ તેમનું જીવનધોરણ ઘણું જ ઊંચું છે. અલબત્ત, અહીં ગરીબી નથી એમ ન કહી શકાય, પરંતુ એવા ગરીબ જોવા હોય તો પ્રયત્નપૂર્વક એમને શોધવા પડે. મોટા ભાગના લોકોને પોતાની માલિકીનાં જ ઘર હોય છે. આ બાબતમાં દુનિયાના બીજા દેશોની ટકાવારીમાં ઑસ્ટ્રેલિયા સૌથી મોખરે છે. ઑસ્ટ્રેલિયાની આ પ્રગતિ ખાસ કરીને બીજા વિશ્વયુદ્ધ પછી સધાઈ છે. અહીં મજૂર પક્ષ જ્યારે સત્તા પર આવ્યો ત્યારે એણે કાયદા દ્વારા મધ્યમ અને નીચલા વર્ગના લોકોને પુષ્કળ આર્થિક રાહત આપીને દેશની ઉન્નતિને ઝડપી બનાવી દીધી હતી.

સાંજે અમે ઘેર પાછા ફર્યા ત્યારે જમવાને થોડી વાર હોઈ એ દરમિયાન સદીકે મને 'પૂલ' રમવા કહ્યું. બિલિયર્ડ જેવી એ રમત મને તો આવડતી નહોતી, પણ સદીકે મને એ રમત રમવાની રીત અને તેના નિયમો બતાવીને થોડી પ્રેક્ટિસ કરાવી. પછી તો અમે બે ત્રણ દાવ પણ રમ્યા. એક દાવમાં હું જીત્યો પણ ખરો. મને રસ પડે ને મારો ઉત્સાહ જળવાઈ રહે એટલા માટે કદાચ એણે જાણી જોઈને મને જીતવા દીધો હશે.


જમ્યા પછી રાતે અમે ફરી કિંગ્સ પાર્કમાં ગયા. ત્યાંની ઊંચાઈ પરથી બત્તીઓના પ્રકાશમાં ઝળહળતા પર્થનું દૃશ્ય જુદી જ મનોહરતા દાખવતું હતું. દિવસે આવેલા ત્યારે ગરમી હતી, પરંતુ અત્યારે શીતલ વાયુ લહેરાતો હતો. ત્યાંથી ફરી વાર શહેરમાં ચક્કર લગાવીને અમે અગિયારેક વાગ્યે પાછા ફર્યા. રૂહાન્દાએ ચા પાઈ અને ફરી વાતોનો દોર ચાલુ થયો.

સદીક મુસલમાન છે. તેમનું કુટુંબ મૂળ તો અફઘાનિસ્તાનનું, પણ એમના દાદા ફિજીમાં જઈ વસેલા. ફિજીના લોકો હિન્દી સારી રીતે બોલે છે. સદીક પણ કોઈ વાર હિન્દીમાં બોલે. ફિજી અને ઑસ્ટ્રેલિયા ઉપરાંત ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને મધ્ય પૂર્વના રાજકારણથી સદીક ઠીકઠીક સુપરિચિત હતા. વ્યાપાર, વિજ્ઞાન અને ધર્મની વાતોમાં પણ તેમને રસ એટલે આવા ઘણા વિષયો પર વાતો ચાલી.

ઑસ્ટ્રેલિયાના લોકો બહુ ઝડપી અને કંઈક જુદા ઉચ્ચારવાળું અંગ્રેજી બોલે છે. શરૂઆતમાં તો હું સદીકના અંગ્રેજી ઉચ્ચારો તુરત પકડી શકતો નહોતો. તેઓ 'બાઇસિક' અને 'બાઇસિકલી' જેવો શબ્દ ઉચ્ચારે ત્યારે તેઓ બાઇસિકલને લગતું કંઈક કહે છે એમ લાગે, પણ વસ્તુતઃ તેઓ 'બેઝિકલી' કહેતા હતા. સદીકે મને કહ્યું : 'અહીં તમને 'ડીડ યુ કમ ટુ ડાઈ?' એમ કોઈ પૂછે તો માઠું લગાડતા નહિ, કારણ કે કોઈ તમને મરવા વિષે પૂછતું નહિ હોય. અહીંના લોકો 'ટુ-ડે'ને બદલે 'ટુ ડાઇ' બોલે છે. રવિવાર કે સોમવારને માટે 'સન્ડાઇ', 'મન્ડાઇ' એમ બોલે છે. 'એ'નો ઉચ્ચાર 'આઇ' કરાય છે.'

યોગેશે કહ્યું : 'પર્થમાં હું આવ્યો ત્યારે એક વાર રસ્તામાં કોઈકે મને પૂછ્યું : 'વ્હેર ઈઝ હાઈ સ્ટ્રીટ?' એટલે તેમને મદદ કરવા માટે હું એની સાથે ઘણી ગલીઓ ફરી વળ્યો, પણ ક્યાંય 'હાઈ સ્ટ્રીટ'નું પાટિયું વંચાયું નહિ. અંતે ખબર પડી કે તેઓ 'હે સ્ટ્રીટ' માટે પૂછી રહ્યા હતા અને અમે શરૂઆતમાં જે સ્ટ્રીટમાં ઊભા હતા તે જ 'હાઈ સ્ટ્રીટ' હતી આમ, અહીં Hayનો ઉચ્ચાર High જેવો થાય છે અહીં Dairy અને Diaryના ઉચ્ચાર વચ્ચે બહુ ફરક નહિ જણાય.'

સદીકે તેમાં ઉમેરણ કરતાં કહ્યું : 'ઑસ્ટ્રેલિયનોના કેટલાક શબ્દપ્રયોગો પણ જુદા છે. અહીં કોઈ તમને 'થૅન્ક યુ' નહિ કહે, અને તમે કહેશો તો કોઈ એ સમજશે પણ નહિ. 'થૅન્ક યુ' માટે અહીં Good on you કહેવાય છે. તેવી જ રીતે રાહ જોવા માટે Wait નહિ પણ Hang on કહેવાય છે. ટેલિફોન ઉપર કોઈ આપણને Hang on કહે તો ગાળ નહિ સમજવાની. આવા તો બીજા અનેક શબ્દો છે.' મોડી રાત સુધી અમારી વાતો ચાલતી રહી. અંતે બે વાગ્યે વાતો અટકાવી પરાણે સૂવા માટે ઊભાં થયાં. બીજે દિવસે બાર વાગ્યાની ફ્લાઈટમાં મારે સીડની જવાનું હતું. (ચાલુ)



શિરીષ

શિરીષો મૃદુપુષ્પશ્ચ મંડિરઃ શંખિની फलः।
कपीतनः शुकतरुः श्यामवल्कः शुकप्रियः ॥

—(ધન્વન્તરિ નિઘંટુ)—

પુષ્પમાળા–૧૪

લેખક• શંકરદેવ વિદ્યાલંકાર

પોતાના પરિમલની મધુરિમાથી મઘમઘતું અને અતિ મૃદુલ પુષ્પોને લીધે સર્વત્ર જાણીતું શિરીષનું ઘટાદાર પુષ્પવૃક્ષ સમસ્ત ભારત, મલયેશિયા, ચીન અને આફ્રિકા–અમેરિકા સહિત સમશીતોષ્ણ હવામાનવાળા ઘણાખરા પ્રદેશોમાં ઊગે છે. હિમાલયના પહાડી પ્રદેશોમાં બારસો ફૂટ સુધીની ઊંચાઈએ પણ આ વૃક્ષ જોવા મળે છે. અને વન્ય દશા ઉપરાંત ઉપવનો, ઉદ્યાનો, શહેરની સડકો તથા ધોરી માર્ગો ઉપર શોભા અને છાયા માટે ઉગાડવામાં આવે છે.

ચાળીસથી સિત્તેર ફૂટ સુધી ઊંચું વધતું અને આંદામાન ટાપુઓમાં તો એથી યે વધુ ઊંચે જતું આ પર્ણપાતી, એટલે કે પાનખરી વૃક્ષ છત્રાકારે ચોપાસ ફેલાય છે. એની ખરબચડી અને કાળાશ પડતા ભૂખરા રંગની છાલના કારણે સંસ્કૃતમાં એને 'શ્યામવલ્ક' નામ પણ અપાયું છે. સંસ્કૃતમાં ને અંગ્રેજીમાં એનાં વિવિધ નામો એની જુદીજુદી લાક્ષણિકતા-દર્શાવે છે. એના શાસ્ત્રીય નામ 'આલ્બિઝીઆ લેબેક' (Albizzia Lebbeck)માં આલ્બિઝીઆ એ અઢારમી સદીના એક ખ્યાતનામ ઈટાલિયન વનસ્પતિશાસ્ત્રીના નામ પરથી એના માનમાં લીધેલો શબ્દ છે, જ્યારે લેબેક એ એનું મિસર દેશનું નામ હોવાનું મનાય છે, પણ તેનો શબ્દાર્થ મળતો નથી. '

પાનખરમાં પાન ખરી ગયા પછી ગ્રીષ્મ ઋતુમાં શિરીષ એની શીળી છાયા ને લીલી ઝાંયવાળાં શ્વેત સુગંધી રુંછાંદાર ગોળ ફૂલોના ગુચ્છોથી આહ્લાદક બની રહે છે. અન્ય પુષ્પો જેવી પાંખડીઓ વિનાનો, ત્રણ-ચાર ઇંચની દાંડી પરનો એનો ગોટો સ્પર્શમધુર લાગે છે. બુઠ્ઠી અણીવાળી પાંદડીની જોડવાળાં અને ઉપરથી લીસાં ઘેરાં લીલાં અને પાછળ ફિક્કાં એવાં પાનની વચ્ચે શિરીષનાં પુષ્પગુચ્છો એક અનેરી શોભા ને મધુર શીતળતા પ્રકટાવે છે. શિરીષનાં પુષ્પોનો રુંછાંદાર ગોળ આકાર ને એની આછી મીઠી સુગંધથી કવિ કાલિદાસે વર્ણવ્યા પ્રમાણે સ્ત્રીઓ તેનો કર્ણભૂષણ તરીકે ઉપયોગ કરવા પ્રેરાય એ તદ્દન સ્વાભાવિક લાગે છે.

શિરીષ પુષ્પોની સુકુમારતાનાં વર્ણનોથી સંસ્કૃત કાવ્યો ને પરવર્તી ભાષાઓનું સાહિત્ય ભરચક છે. લલિત લલનાઓને શિરીષ સમી મૃદુ કહેવા કવિ જરૂર લલચાય જ. 'કુમારસંભવ'માં કવિ કાલિદાસે પાર્વતીજીની ભુજાઓને શિરીષ પુષ્પો કરતાં ય વધુ કોમળ કહેતાં લખ્યું છે કે—

શિરીષપુષ્પાધિકસૌકુમાર્યૌ બાહૂ તદીયાવિતિ મે વિતર્કઃ

એ જ રીતે 'રઘુવંશ'માં એક રાજાની સુકુમારતા વર્ણવતાં તે કહે છે—

શિરીષપુષ્પાધિકસૌકુમાર્યઃ ખેદં સ યાયાદપિ ભૂષણેન ।

—તે શિરીષનાં પુષ્પ કરતાં પણ વધુ સુકુમાર હોઈ તેને આભૂષણો પહેરતાં પણ કષ્ટ થતું. વળી, 'શાકુંતલ'માં કાલિદાસ લખે છે —

ઈષદ્ ઈષદ્ ચુમ્બિતાનિ ભ્રમરૈઃ સુકુમાર-કેસર શિખાનિ ।
અવતંસયન્તિ દયમાનાઃ પ્રમદાઃ શિરીષ-કુસુમાનિ ॥

ભ્રમરો અતિ કોમળ શિરીષ-મંજરીઓને આછુંઆછું ચુંબન કરી ઊડી જાય છે અને મૃદુલ હૃદયા રમણીઓ હળવે હાથે શિરીષ પુષ્પોને કર્ણાભરણ તરીકે ધારણ કરે છે.

એક અન્ય સ્થળે શિરીષપુષ્પોના વર્ણનમાં કાલિદાસની કલ્પના-ગરિમા અદ્ભુત રીતે તરી આવે છે—

અમી શિરીષપ્રસવાવતંસાઃ પ્રભ્રંશિનો વારિ-વિહારિણીનામ્ ।
પારિપ્લવાઃસ્રોતસિ નિમ્નગાયાઃ શૈવાલલોલાંશ્છલયંતિ મીનાન્॥

જલવિહાર કરતી વખતે આ રાણીઓનાં શિરીષનાં કર્ણફૂલો ખરીને નદીના પ્રવાહમાં તરવા લાગ્યાં અને માછલીઓ શેવાળની ભ્રાંતિથી તેને ખાવા માટે પડાપડી કરવા લાગી.

ઉનાળાની કલગી સમાં શિરીષ પુષ્પોને બિરદાવતાં દસમી સદીનો કવિ રાજશેખર લખે છે—कर्णे स्मेरं शिरीषं जयति मृगदशां ग्रैष्मिको वेष एषः અર્થાત્ ગ્રીષ્મમાં મૃગનયની રમણીઓ કર્ણફૂલ તરીકે શિરીષ પુષ્પોને કાનમાં ભેરવતી હતી. એ કાંતાઓના ગૌરવર્ણી ગાલો પર લટકતાં આ પુષ્પોની શોભા દર્શનીય છે. માર્દવની વર્ણના માટે સંસ્કૃત કવિઓ અપવાદ સિવાય શિરીષ પુષ્પને જ યાદ કરે છે. કવિવર શ્રી હર્ષ નૈષધચરિત્રમાં દમયંતીનાં અંગોની સુકુમારતાને આ રીતે રજૂ કરે છે—

શિરીષ કોષાદપિ કોમલાયાઃ વેધા વિધાયાંગ મશેષ મસ્યાઃ ।
પ્રાપ્ત-પ્રકર્ષઃ સુકુમાર-સર્ગે–સમાપયદ્ વાચિ મૃદુત્વ–મુદ્રામ્॥

વિધાતાએ શિરીષ પુષ્પોથી પણ વધુ કોમળ એવાં દમયંતીનાં અંગોને ઘડીને સુકુમાર સૃષ્ટિમાં પ્રકર્ષ પ્રાપ્ત કર્યો છે.

શિરીષનાં આ મૃદુલ પુષ્પો ખર્યા પછી તેને સ્થાને ફાફડા જેવી ચારથી બાર ઈંચ લાંબી અને એક થી બે ઈંચ પહોળી શીંગો આવે છે. ફિક્કા પીળા રંગની આ શીંગો બંને બાજુથી બુઠ્ઠી લીસી અને ચમકદાર હોય છે. તેમાં ચારથી બાર જેટલાં ચપટાં લીસાં ફિક્કા તપખીરી રંગનાં બીજ આવે છે. શિરીષનો વિસ્તાર બીજ વડે અને કાપ કલમથી કરવામાં આવે છે. પવનમાં હલવાથી એકબીજા સાથે (અનુસંધાન પૃ. ૧૨૬)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક : પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

દલપતરામની કવિતામાં હાસ્યરસ

દલપતરામે (અને નર્મદે પણ) વિપુલ સંખ્યામાં કવિતા રચી છે. સંસારસુધારાએ તો તેમને કાવ્યરચના માટે પ્રેરણા આપી જ હતી, પરંતુ તે ઉપરાંત અસંખ્ય નવા વિષયો તેમને કાવ્યરચના માટે સૂઝી રહ્યા. દલપતરામ કવિ તરીકે ભલે મહાન ન હતા, પણ સામાન્ય જનસમાજમાં તેમણે અદ્ભુત લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. એ લોકપ્રિયતા પાછળનું એક અતિ મહત્ત્વનું કારણ તે તેમની કવિતામાં વારંવાર રેલાતો હાસ્યરસ. નર્મદ ગંભીર પ્રકૃતિનો 'જોસ્સાદાર' કવિ હતો. કવિતાને તેણે મહદંશે ગંભીર વિચારો માટે પ્રયોજી. તેનામાં હાસ્યવૃત્તિ નહિ જ. દલપતરામ પ્રકૃતિથી ઠાવકા હાસ્યકાર હતા. એમની વિનોદ-ટીખળ કરવાની સ્વાભાવિક વૃત્તિ કવિતામાં તેમ જ ગદ્યમાં સુપેરે ઝળકી ઊઠી ને જોતજોતાંમાં એમની કવિતા વિશાળ લોકસમૂહમાં—આબાલવૃદ્ધોમાં પંકાઈ ગઈ.

દલપતરામે નાનાં મુક્તકોથી માંડીને એમનાં વિખ્યાત સુદીર્ઘ કાવ્યોમાં વિનોદ રૂડી પેરે રેલાવ્યો છે. 'ઊંટ કહે', 'શરણાઈવાળો', 'ભોળો ભાભો', 'નમેલી ડોશી' એ મુક્તકોનો હાસ્યરસ આજે પણ વાસી થયો નથી. 'ફાર્બસ વિલાસ', 'વિજયક્ષમા', 'વેનચરિત્ર' જેવાં વિસ્તૃત કાવ્યો પણ એમના હાસ્યરસને કારણે વધુ લોકપ્રિયતા પામ્યાં છે. એમના હાસ્યરસની તરી આવતી વિશેષતા એ છે કે એ હાસ્યરસ સહુકોઈ નિરાંતે માણી શકે તેવો સ્વચ્છ અને નિર્દંશ હોય છે. દલપતરામના વિશાળ લોકસંપર્કને કારણે તેમનો રમૂજી કથાઓનો ભંડાર સમૃદ્ધ બનેલો છે. એમનું માનવજાત વિષેનું, તત્કાલીન સમાજનું નિરીક્ષણ પણ વિશાળ અને ઊંડું છે. માણસની પ્રકૃતિમાં રહેલી મૂર્ખાઈ, બિનકૂફી, તેનો ગર્વ, તેની કૃપણતા ઇત્યાદિને તે કટાક્ષનાં નિશાન બનાવે છે. વિનોદ-કટાક્ષ માટે તે ઈસપ શૈલીની પ્રાણીકથાઓ રચે છે, પંચતંત્રકારની રીતે પણ તે અનેક કથાઓને વિનોદથી રસી દે છે. વિવેચક રામનારાયણ પાઠકે તેમના હાસ્યરસને અંજલિ આપતાં કહ્યું છે : 'દલપતરામનાં કાવ્યોમાં પોતાના માનવબંધુઓ પ્રતિ પ્રેમ વહેતો હતો અને પોતાના માનવબંધુઓ તરફ તેણે બાધાત્મક અને સભારંજક રૂપ આડંબર વિના સ્વાભાવિક રીતે જ ગ્રહણ કર્યું છે. તેમના હાસ્ય રસમાં આ જ કારણથી પોતાના જ્ઞાનનું અભિમાન કે તજ્જન્ય લોક તરફના તિરસ્કારનો ડંખ પણ નથી. અને માટે જ હજુ પણ સામાન્ય લોકોના મોટા વર્ગમાં તેમનાં કાવ્યો ઘણાં જ પ્રિય છે.' (કાવ્યસમુચ્ચય ભાગ-૧; ૪થી આવૃત્તિ, ભૂમિકા પૃ. ૭૦.)

દલપતરામ પાસે હાસ્ય નિષ્પન્ન કરવા માટે શબ્દરમત, મનોહર પ્રાસરચના, વર્ણનની ચમત્કારકતા, રૂઢિપ્રયોગો યોજવાની કુશળતા સમસ્યાબાજી એવી સામગ્રી મબલખ છે : 'વિજય વિનોદ' કાવ્યમાં દીવાનની ઝાટકણી કાઢતી શ્લેષાત્મક પંક્તિઓ સુપરિચિત છે :

> જોતાં કોઈ જણાય નહિ, શાહુકાર કે ચોર,
> દીવા-નથી દરબારમાં છે અંધારું ઘોર.

એમાં 'દીવા-નથી' પરનો શ્લેષ તરત ધ્યાન ખેંચે છે.

રાજા બિનહુન્નર અને અણઘડ હોય તો પ્રજાની શી સ્થિતિ થાય તે સમજાવવા માટે તેમણે અંધેરી નગરી ને ગંડુ રાજાની વિનોદી કથા પદ્યમાં વર્ણવી છે. એમાંનો હાસ્ય રસ અલબત્ત સ્થૂલ છે દલપતરામનો હાસ્ય રસ મોટે ભાગે સ્થૂલ જ છે–તેમ છતાં એમની વિનોદયુક્ત પ્રસંગો યોજવાની ચાતુરી તેમ જ આકર્ષક મનોરંજક કથન-શૈલી આસ્વાદ્ય બની રહે છે. એ જ રીતે 'વિજયક્ષમા'માં ભોળા કણબીઓ અને સુલતાનની મુલાકાતની સમગ્ર કથા રમૂજી છે. કણબી સુલતાન પ્રત્યે બેઅદબી દાખવવા માટે કેદમાં પુરાયો છે. એનો સાવકો ભાઈ સુલતાનને અરજ કરવા જાય છે અને કેદમાં પુરાએલા ભાઈ સાથેની પોતાની સગાઈ દર્શાવે છે :

> 'છે મારે સાંકડી સગાઈ, અમ બંને આંગળિયા ભાઈ.'

સુલતાનને આ અરજદાર કણબીની વાતમાં રસ પડે છે :

> રાજી થઇને પૂછે રાય, કેને આંગળિયા કહેવાય,
> દેતો તો ઉત્તર દીવાન, 'હું કહું' કહિ બોલ્યો હેવાન;
> પાછ્યાનો મરિ જાય પિતા જ, પાછ્યાની મા નાત્રે જાય,
> પ્રસવે પુત્ર સુવાવડ ખાઈ, એ પાછ્યા આંગળિયા ભાઈ.

'રાજવિદ્યાભ્યાસ'માં વઢકણી વનિતાની પ્રકૃતિ પર પ્રકાશ પાથરતું એક મુક્તક પણ એમની વિનોદ પ્રકટાવવાની શક્તિનું એક સારું ઉદાહરણ છે :

> કુભારજા કંથને મનાવા માટે કહે કેણ,
> હું તો તુંથી હારી હવે માટે માફી માગું છું;
> માણસો મળી મને કહે છે કંથને મનાવ્ય,
> માટે હું મનાવા આવી ભ્રાંત તારી ભાંગું છું.
> તેં તો વાળ્યો આડો આંક, ટાંક મારો વાંક નથી,
> શાંક બની બધી રીસ રૂદયની ત્યાગું છું;
> રોયા તારી રીસ મૂકથ, કર્યું તારું મોઢું કાળું,
> પીટયા હું તને પચાસ વાર પગે લાગું છું.

'વેનચરિત્ર'માં વાંઢાના વિલાપ દ્વારા તેમ જ ગામના લોકોએ કરેલા બ્રાહ્મણોના બહિષ્કારના પ્રસંગ દ્વારા જે વિનોદ રેલાવ્યો છે તે દલપતરામની આ પ્રકારની શક્તિનાં જ્વલંત ઉદાહરણો છે.

અલબત્ત દલપતરામનું હાસ્ય ઉચ્ચ કોટિનું, સૂક્ષ્મ નથી. પ્રેમાનંદની સૂક્ષ્મતા તો તેમનામાં નથી જ. કેટલીક વાર તો હાસ્ય નિષ્પન્ન કરવામાં તે શિષ્ટતાની મર્યાદા પણ ઓળંગી જાય છે. 'વેનચરિત્ર'માં એવા ગ્રામ્ય કોટિના હાસ્યનાં ઉદાહરણ સહેજે મળે છે. તેમ છતાં દલપતરામે પોતાની વિનોદવૃત્તિનો સમાજસુધારણાના કાર્યમાં સમર્થ ઉપયોગ કરી દેખાડયો એ તેમની મોટી સિદ્ધિ છે. વિવેચક વિશ્વનાથ ભટ્ટ દલપતરામની આ હાસ્યશક્તિને બિરદાવતાં લખ્યું છે : 'એની કથનકળા અને એનો વાર્તારસ કેટલેક અંશે પ્રેમાનંદ ને શામળના વારસારૂપ છે પણ આ હાસ્યરસ તો એની સર્વથા સ્વકીય ગણાય તેવી સંપત્તિ છે.' અને એ ઉમેરે છે કે : 'ખરી રીતે પ્રેમાનંદ પછી ગુજરાતી સાહિત્યમાં કોઈ સમર્થ હાસ્યરસ–કવિ થયો હોય તો તે દલપત જ છે.' (સાહિત્ય-સમીક્ષા, પૃ. ૧૩૧) સાચે જ, દલપતરામનો હાસ્યરસ એ એમની કવિતાનો એક ચિરંજીવ અંશ છે.

દલપતરામ કવિ

દલપતરામની સમગ્ર કાવ્યપ્રવૃત્તિની ચર્ચા પછી અર્વાચીન કવિતામાં દલપતરામનું સ્થાન ક્યાં એ પ્રશ્ન સ્વાભાવિક રીતે થાય. દલપતરામની કવિતા એમના જમાનામાં ખૂબ લોકપ્રિય થઈ હતી અને એમને

માટે તેણે કવીશ્વરનું બિરુદ મેળવી આપ્યું હતું. 'પચાસપચાસ વર્ષ સુધી દલપતકવિતાનાં દૂધ પીને પ્રજા ઊછરતી હતી' એવું નાનાલાલ કવિનું વિધાન અતિશયોક્તિભર્યું નથી. કોઈ પણ અર્વાચીન ગુજરાતી કવિની કવિતા ભાગ્યે જ આવો ઉમળકાભર્યો પ્રજાસત્કાર પામી હશે. દલપતરામની કાવ્યશૈલીનું આલંબન લઇ કેટલાય કવિઓએ પોતાની કવિ તરીકેની કારકિર્દીનો આરંભ કર્યો હતો. દલપતરામ પોતે અંગ્રેજી ભણેલા નહિ, વ્રજ ભાષાના કાવ્યગ્રંથોએ તેમની કાવ્યવિભાવના ને રુચિ ઘડયાં અને દલપતરામ એ સાંકડા વર્તુલમાં જ પુરાઈ રહ્યા. કવિતાએ નવાં પ્રસ્થાન આરંભ્યાં ત્યારે એ તેની સાથે કદમ મિલાવી શક્યાં નહિ એ હકીકત સાચી છે. દલપતરામે શ્રીમંતોની અને સરકારની પ્રશસ્તિ–સ્તુતિ માટે ફરમાસુ કવિતા રચી. સભાજનોનાં ડોકાં શબ્દાર્થની ચમત્કૃતિથી ડોલી ઊઠે એટલું જ પ્રયોજન તાકયું અને શીઘ્ર કવિ થવાની લાલસામાં કવિતાભાસી પદ્ય જોડકણાં પણ રચ્યાં. આ બધી દલપતરામ કવિની તરત આંખે ચડે તેવી મર્યાદાઓ છે.

વિવેચક વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ નોંધ્યું છે તેમ 'Poet of a sort' દલપતરામ કવિ; કારણ કે ''રચ્યા છે રૂડા છંદ દલપતરામે'' રૂડા એટલે ભૂલ વગરના, માત્રામેળવાળા, ઝડઝમકાદિ ગુણવિભૂષિત. કવિતાનો ઉપયોગ તેમણે દાઢીની દાઢી અને સાવરણીની સાવરણી જેવો કર્યો છે. ક. દ. ડા. કવિતામાં ભાષણ આપે, અરજ કરે, વાત કરે, બોધ દે, વખાણ કરે; કવિતામાં તેઓ નિબંધ લખે, ઇતિહાસ લખે, ભૂગોળ લખે, અને તમે કહો તો ગણિત પણ લખે. કવિતાનો સિક્કો જ્યાં જોઇએ ત્યાં ચાલે; બાગબગીચા બનાવવા હોય તો ત્યાં પણ ચાલે અને શાકભાજી લાવવાં હોય તો ત્યાં પણ ચાલે.' (વિવેચના, ૧૯૬૪, પૃ. ૨૮.)

દલપતરામની કવિત્વશક્તિનું યથાયોગ્ય સરવૈયું વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કાઢયું છે, અને વધારામાં દલપતરામે અંગ્રેજી રાજ્ય-અમલની સ્તુતિ ગાઈ—અંગ્રેજભક્તિ દાખવી એ પણ એમનો કવિ તરીકેનો ગુનો ! દલપતરામ દંડાઈ ગયા. એક જમાનામાં ગુજરાતમાં ઘેરેઘેર કવિ તરીકેની પ્રતિષ્ઠા પામનાર દલપતરામે 'ગરબી ભટ્ટ' અને 'ઉપકવિ'ની ગાળ ખાધી. એમની કવિતાને ઉપેક્ષાપૂર્વક 'સભારંજની' ગણાવાઈ અને છેક 'અકવિ' કહેવા સુધી ગુજરાતી વિવેચન પહોંચી ગયું. અલબત્ત, ફરી વિવેચક વિષ્ણુપ્રસાદનું એક મંતવ્ય ટાંકીએ તો 'કવિ દલપતરામમાં, એક કવિ પાસે માગીએ એવી તેજસ્વી પ્રતિભા નથી; ઉપમાઓનો તેની પાસે પુરાણો ભોકડો છે; પણ ભાન ભુલાવે, જગત ભુલાવે, જીવતર ફેરવે એવી કલ્પના નથી; ઊર્મિ નથી.' (એજન, પૃ. ૩૨.)

દલપતરામ મહાન કવિ, કવીશ્વર નથી જ નથી. તેમ છતાં અર્વાચીન કવિતામાંથી તેમનો એકડો કાઢી નાખવો, તેમની કવિતા પ્રત્યે માત્ર વક્રતા દાખવવી તે તેમને અને તેમની કવિતાકલાને અન્યાય કરવા જેવું છે. કવિ સુંદરમે નોંધ્યું છે તેમ '...ઐતિહાસિક ન્યાયે અર્વાચીન કવિતામાં દલપતરામનું સ્થાન પહેલું છે અને નર્મદનું તે પછી છે.' (અર્વાચીન કવિતા, આવૃત્તિ ઈ. ૧૯૬૫. પૃ. ૪). અલબત્ત નર્મદની કવિતા જરા વધુ ઊંચું ઉડ્ડયન કરે છે, એનો ઊછળતો 'જોસ્સો' તેમાં પ્રેરક બને છે. તેમ છતાં દલપતરામ સદાસર્વથા ટાઢા બોળ, ઉષ્માહીન, ઊર્મિહીન હતા એ તેમની સામેના આક્ષેપ સામે 'હુન્નરખાનની ચડાઇ'નું સુદીર્ઘ રૂપકકાવ્ય ધરી શકાય. દલપતરામનો દેશોન્નતિ માટેનો ઉત્સાહ ત્યાં છલકાય છે. 'વેનચરિત્ર'નો જો સ્વસ્થતાપૂર્વક અભ્યાસ થાય તો એમની તેમાં અનેક મર્યાદાઓ પછી પણ એ કાવ્ય અનેક દૃષ્ટિબિંદુથી આસ્વાદ્ય બની રહે તેમ છે. 'સંપ–લક્ષ્મી સંવાદ' તો એમની સુશ્લિષ્ટ ને મનોહર કૃતિ છે. 'ફાર્બસવિલાસ' આજે પણ એમાં દલપતરામના વિનોદચાતુર્યને કારણે આસ્વાદ્ય બની શકે તેમ છે. એમાંનાં વિનોદી મુક્તકોની ગાદી હજુ આજે પણ કોણ ઝૂંટવી શકે તેમ છે ? 'ફાર્બસવિરહ'માં અંગ્રેજી નહિ ભણેલા દલપતરામને હાથે અનાયાસે કરુણપ્રશસ્તિનો કાવ્યપ્રકાર ખેડાયો છે. 'બાપાની પીપર' લખીને પ્રકૃતિકાવ્યો રચવામાં પણ નવપ્રસ્થાન તેમણે જ કર્યું. 'વિજયવિનોદ' ને 'વિજયક્ષમા' જેવાં કાવ્યોમાંનો કથારસ હજુ વાસી થયો લાગતો નથી. અને દલપતરામ માત્ર અંગ્રેજભક્ત હતા એવા આક્ષેપ સામે 'વેઠે કામ ન કરવા વિશે'નું દીર્ઘ કાવ્ય ધરી શકાય. અંગ્રેજી રાજ્ય અમલનાં અનિષ્ટોની ટીકા તેમણે સચોટ રીતે એમાં કરી છે. એમની સંસારસુધારાને લગતી, સામાજિક ઉત્સવો વિષેની તેમ જ ભક્તિ વિષયક ગરબીઓ લખીને 'દલપતરામે ગરબીઓની રચનાનું બાપીકું ધન જાળવીને આપણને આપ્યું છે.' (વિવેચના, પૃ. ૩૫.) દલપતરામે નવા યુગના અનુલક્ષમાં નવીન કાવ્યપ્રકારો ખેડયા અને ભલે 'મધ્યકાલીન કળાદૃષ્ટિનો સાંગોપાંગ વિનિયોગ દલપતરામે અર્વાચીન જીવનની પોતાની કવિતામાં કર્યો છે, છતાં એમને હાથે કાવ્યના છંદ, વિષયો અને કાવ્યરૂપમાં મહત્ત્વનાં નવાં પ્રસ્થાનો થાય છે.' (અર્વાચીન કવિતા, પૃ. ૭–૮.) સ્વતંત્ર પિંગળની ગુજરાતીમાં પ્રથમ વાર પ્રતિષ્ઠા પણ દલપતરામે જ કરી અને સંસ્કૃત રૂપમેળ વૃત્તોનો ગુજરાતી ભાષાની કવિતામાં સફળ વિનિયોગ કરી બતાવીને તેમણે એ વૃત્તોની અનુકૂળતા સિદ્ધ કરી આપી. દલપતરામની કવિતામાં બોધકતા ત્રાસરૂપ બની છે ખરી, પરંતુ એ જમાનો બોધકતાનો પ્રેમી હતો ને દલપતરામની કવિતામાં બોધકતા ક્યારેક વિનોદથી વિંટળાઇને આવે છે ત્યારે તો એ અવશ્ય આસ્વાદ્ય બને છે.

દલપતરામ રાજામહારાજાઓની પ્રશસ્તિ કરનારા કવિ હતા એ આક્ષેપમાં તથ્ય છે ખરું, તથાપિ તેમણે સર્વથા અંગત લાભ કે સ્વાર્થ માટે જ આવી પ્રશસ્તિઓ કરી છે એમ કહી શકાશે ખરું ? ગુજરાતી વાણી રાણીના વકીલ તરીકે વડોદરામાં ખંડેરાવના દરબારમાં ખંડેરાવની ખુશામત કરનારા દલપતરામ પામર પરોપજીવી નહિ, પણ દેશભક્ત હતા.

કવિ દલપતરામની વિપુલ કાવ્યરચનાઓમાંથી ચૂંટી કાઢેલાં કાવ્યોનો એક પ્રતિનિધિ સંગ્રહ જેમ નર્મદની કવિતામાંથી થયો તે રીતે, થયો હોત તો દલપતરામની કવિત્વશક્તિનું સાચું મૂલ્યાંકન થઈ શક્યું હોત. જહાંગીર અંજારિયાનો આ મતલબનો અભિપ્રાય યોગ્ય છે.

(આવતે અંકે દલપતરામનું ગદ્ય-સાહિત્ય)

અનુસંધાન] **ધ મેયર ઑફ કેસ્ટરબ્રિજ** [પૃષ્ઠ ૧૨૪થી

માંદગીના ખબર ફારફ્રેને પહોંચાડવા એ જાતે જ જાય છે; અને એક નાના બાળકની જેમ ઇલિઝાબેથને વારેવારે એની ખબર પૂછતો રહે છે. ઇલિઝાબેથ સાથેના વ્યવહારમાં પણ પહેલાં વહાલ, પછી અભાવ-ઉપેક્ષા અને અંતે મમતાભર્યા વહાલની સંસ્થિતિ ઉપર જઇને એ ઠરે છે. 'ઇલિઝાબેથ હયાત નથી' એમ ન્યૂસનને કહેલું એ જુઠાણું છે એ તે સમજે છે અને તેથી જ સાચી વાત કહેવા એ તેની પાછળ જાય છે. એની આ નબળાઈ વહાલથી રસાએલી છે. પોતાના લગ્નના દિવસે ઇલિઝાબેથ એને મિ. હેન્ચર્ડ કહીને સંબોધે છે તે ક્ષણે જ એનું ભાવજગત તૂટી પડે છે. અભિશાપ પામેલા કોઈ અશ્વત્થામાની જેમ એનું ભટકવું શરૂ થઈ જાય છે; ફેર હોય તો એટલો જ કે માથાને બદલે એનું હૃદય કોઈએ કોરી લીધું છે. આઘાતો અને આપત્તિઓથી ન હારેલો માણસ આપ્તજનના વેણથી મરણ પામે એ આ કથાની કરુણતા છે.

નવલકથાનું કેસ્ટરબ્રિજ, તે ઇંગ્લૅંડના દક્ષિણ-પશ્ચિમ કાંઠાનું ડૉર્ચેસ્ટર નગર છે. આ નવલકથા હાર્ડીએ ડૉર્ચેસ્ટરમાં રહીને લખી છે. કેસ્ટરબ્રિજની હાઈ સ્ટ્રીટ, એનાં ઍમ્ફી થિયેટર અને મિક્સન લેઇન અને નવલકથાનો એગ્ડન હીથ સહિતનો પ્રાકૃતિક પરિવેશ પણ મોજૂદ છે. પરંતુ હાર્ડીએ નિરૂપેલું ગ્રામજગત આજે રહ્યું નથી. માઇકેલ હેન્ચર્ડ એ લુપ્ત થઈ ગએલા જગતનો અંતિમ પ્રતિનિધિ છે અને તેથી જ એ સ્મરણીય છે. □

પચ્ચીસ વર્ષ પહેલાં



એપ્રિલ ૧૯૫૫ - સળંગ અંક ૩૩૬

'કુમાર'ના વાચકોના સુપરિચિત શિવપ્રસાદ ત્રિવેદીની લોકપ્રિય લેખમાળા 'કાયાની કરામત' પૂરી થયા પછી એમણે 'માંદગીનાં મૂળ' નામની બીજી લેખમાળા શરૂ કરેલી. (એ બંને માળાઓ પુસ્તકાકારે બહાર પડી છે.) એ બીજી માળાનો આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલ 'જીવાણુઓથી થતા રોગો' નામના હપતાનો ઉપયોગી ભાગ.

માનવજાતને પીડતા અનેક રોગોમાં જીવાણુઓ (જંતુઓ)થી થતા રોગોનું પ્રમાણ વધારે છે. કોઈ પણ વ્યક્તિ આખા જીવન દરમિયાન જીવાણુઓથી થતા રોગ–મૅલેરિયા, ટાઇફૉઈડ, ન્યુમોનિયા વગેરે પૈકી એકાદની ભોગ બન્યા વિના ભાગ્યે જ રહી હશે. આ જમાનામાં શહેરોની ગીચ વસતિમાં રહેણાક, આધુનિક શિક્ષણ, આધુનિક મોજમજાહો, વાહન અને સંદેશવ્યવહારનાં સાધનોનો વિકાસ, આવા અનેક કારણોસર માનવીને જીવાણુઓથી થતા રોગો થવાની શક્યતા વધી છે. સામી બાજુએ, જો કે વિજ્ઞાને શોધેલાં સાધનો વડે માનવીને આ રોગોથી રક્ષણ તો મળે છે, પણ જ્યાં વસતિની ગીચતા વિશેષ ત્યાં રોગ થઈ આવવાનો ભય અનિવાર્ય જ.

જીવાણુઓ એ વનસ્પતિવર્ગના જીવ છે. એમને પ્રથમ શોધી કાઢનાર ડચ વૈજ્ઞાનિક લ્યુવેનહૉ (ઈ. સ. ૧૬૮૭) હતો. એમનું કદ અતિ સૂક્ષ્મ છે અને તે માઇક્રોનના માપથી મપાય છે. માઇક્રોન એટલે ઇંચનો પચ્ચીસ હજારમો ભાગ. વજનમાં પણ તે એટલા જ સૂક્ષ્મ છે. પચાસ કરોડ જીવાણુઓનું વજન માત્ર એક મિલિગ્રામ (ગ્રામનો હજારમો ભાગ તે મિલિગ્રામ, અને એક ગ્રામ એ બે આનીભારનો પોણો ભાગ) થાય છે.


જળ, સ્થળ ને હવા; ભીંત ફર્નિચર ને કપડાં, પુસ્તકો ખાનપાન અરે, આપણા દરેકે દરેક પદાર્થમાં જીવાણુઓનો વાસ છે. આકાર પ્રમાણે એમના છ વિભાગો પાડવામાં આવ્યા છે: (૧) વર્તુલાકાર (cocus), (૨) સળિયા આકારના (bacillus), (૩) અલ્પવિરામ આકારના (commas), (૪) દ્વિગોળાકાર (diplococus), (૫) સર્પાકાર (spirillum) અને (૬) સાંકળ આકારના (striptococus). આમાંનાં કેટલાઓને માછલીની ફિન જેવાં સાધનો હોવાથી તે હલનચલન કરી શકે છે. એમનામાં નર ને નારી જેવા જાતિભેદ નથી. દેહના બે ભાગલા પાડવાના વિભાજનની સાદી ક્રિયાથી એમની ઉત્પત્તિ થાય છે.

જીવાણુઓની વિશાળ સૃષ્ટિમાંથી અતિ જૂજ પ્રકારો જ માનવી માટે નુકસાનકારક છે, બાકીનાને માનવીનું શરીર માફક આવતું ન હોવાથી તેઓ માનવી પ્રત્યે બિનદરકાર રહે છે. થોડાક જીવાણુઓ તો માનવી માટે ઉપકારક છે. તેઓ અન્નમાર્ગમાં વસી પાચનક્રિયાને મદદ કરે છે. જમીનમાંના નત્રવાયુનું પ્રમાણ સતત જાળવી જમીનની ફળદ્રુપતા આબાદ રાખે છે. દહીંને પનીર બનાવનાર પણ આપણા મિત્ર જીવાણુઓ જ છે. પણ ઉપર કહ્યું તેમ થોડાં જીવાણુઓની આપણા શરીર પર માઠી અસરો થતી હોવાથી આપણે તો એમના સંબંધે જ વિચારવાનું છે.

જીવાણુઓથી થતા રોગ બે રીતે પેદા થાય છે: એક તો શરીરની પેશીઓ ઉપર જીવાણુઓનો હુમલો થવાથી, અને બીજું પેશીઓ માટે નાશકારક ઝેર છોડવાથી. કેટલાક જીવાણુઓ હુમલો કરવાની શક્તિ વિનાના છે, તો ઘણા જીવાણુઓ આ બંને રીતો અજમાવતા હોય છે.

પોતાની મૂળ જગ્યાએ કાબૂ બહારની સંખ્યામાં વધી આખા શરીરમાં પ્રસરી વળે એ એમનો 'હુમલો' છે. દાખલા તરીકે ડિપ્થેરીઆના જીવાણુઓ ગળામાં આવેલા ચોળિયાની સપાટી ઉપર અડ્ડો જમાવી સંખ્યામાં વધે છે. અને એમાંથી ઉત્પન્ન થએલું ખાસ પ્રકારનું ઝેર, તળેની પેશીઓમાં શોષાઈ કે લોહીમાં ભળી આખા શરીરમાં પસરી જાય છે. આ ક્રિયાની અસર નીચે મગજના કોષો નાશ પામવાથી શરીરની અગત્યની કામગીરીઓ બંધ પડે છે અને દર્દી મરણ પામે છે.

જીવાણુઓની સંખ્યા, એમની સંહારશક્તિ (virulence) અને શરીરમાં એમનો પ્રવેશ, આ ત્રણ બાબતો પર કોઈ પણ જીવાણુના રોગ સંચારનો આધાર છે. વળી જીવાણુઓનું ઝેરીપણું કાયમી નથી હોતું, પરિસ્થિતિ, ખોરાક અને બીજાં બળોના કારણથી ટૂંકા સમયને અંતરે એમાં ફેરફાર પણ થાય છે. ઉપરાંત જીવાણુઓથી થતા રોગો સો એ સો ટકા મારક પણ નથી હોતા. રોગચાળા વખતે અમુક વ્યક્તિઓ તદ્દન બચી જાય છે, તો કેટલાક રોગમાં સપડાઇને સાજા પણ થાય છે. જીવાણુઓની સંહારશક્તિ ઘટવાથી અથવા માનવીની પ્રતિકારશક્તિ વધીને જીવાણુઓનું પરજીવીપણું નહિ ટકવાથી ધીમેધીમે એમનો નાશ થાય



સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુ બૅકટીરિયાના છ વિવિધ આકારો: (૧) વર્તુલાકારના (Cocus), (૨) સળીયા આકારના (Bacillus); (૩) અલ્પવિરામના આકારના (Commas); (૪) દ્વિગોળાકાર (Diplococus); (૫) સર્પાકાર (Spirillum) અને (૬) સાંકળના આકારના (Streptococus).

થાય છે. ઇંગ્લૅંડમાંથી ક્ષય ઘટવાનાં ઉપરનાં બે કારણો છે.

થોડાક જીવાણુઓ શરીરના કોઈ પણ દ્વારમાંથી પ્રવેશી રોગ પેદા કરે છે, તો વળી બીજા જીવાણુઓ પ્રવેશવા માટે શરીરના કોઈ ખાસ અવયવ કે પેશીને પહેલી પસંદ કરે છે. ટાઈફૉઈડ તાવ આપનાર બૅસિલસ ટાઇફૉસસ પાણી કે ખોરાક દ્વારા મોં વાટે પ્રવેશી આંતરડાંમાં અડ્ડો જમાવે છે. ચામડીમાં ઘૂસવાથી, ઘામાં મૂકવાથી કે ફેફસાંમાં શ્વાસ વાટે એ જીવાણુઓ જવાથી ટાઇફૉઇડ તાવ આવતો નથી. પરમિયો કરનાર 'ગોનો કોકાઇ' જીવાણુઓએ રોગ ઉપજાવવા માટે મૂત્રનળીની આંતરત્વચા કે આંખના નેત્રાવરણમાં સ્થાન જમાવવું જોઇએ. સિફિલિસના જીવાણુઓ તંદુરસ્ત આંતરત્વચા પર હુમલો કરી શકે છે, પણ સળંગ ચામડીમાં પ્રવેશી શકતાં નથી. ધનુરવાના જીવાણુઓ દુરસ્ત પેશી ઉપર પોષણ કે સંવર્ધન પામતા નથી, પણ ઘામાં પ્રવેશ્યા બાદ જ ઊછરે છે. એમનાથી પેદા થતું ઝેર ઝેરકચોલાં કરતાં દોઢસો ગણું ને નાગના કાતિલ ઝેર કરતાં વીસગણું વધારે તીવ્ર હોય છે!

હવે આપણે જીવાણુઓને શરીરમાં પ્રવેશવાનાં દ્વારો જોઇએ. આપણા બધા જ અવયવો ચામડીના અસ્તરથી ઢંકાએલા છે. નાક, કાન, મોઢું ને જનનેન્દ્રિય જેવાં છિદ્રોને આંતરત્વચાનું આવરણ આવેલું છે. કપાયા વિનાની ચામડીમાંથી મોટા ભાગના જીવાણુઓ પ્રવેશી શકતા નથી. ઘણા થોડા જીવાણુ જ ચામડી ભેદી શકે છે. જીવાણુઓ એટલા તો સૂક્ષ્મ છે કે નરી આંખે ના દેખાય એવી ચામડીની ફાટ-

માંથી તેઓ પ્રવેશ મેળવે છે. ચપોચપ કે જાડાં કપડાંનો પહેરવેશ, ખજવાળ, હજામત, ઊડેલી રજકણોનો સપાટો, પછડાટ, વાગવું, ડોકરાવું વગેરે ઘણાં કારણોથી ચામડીમાં પડતી સૂક્ષ્માતિસૂક્ષ્મ ફાટમાંથી જીવાણુઓને શરીરમાં પ્રવેશવાનું સહેલું થઈ પડે છે.


શરીરના લગભગ સૌ અવયવો જીવાણુઓના હુમલા સામે થોડી પ્રતિકારશક્તિ તો ધરાવે જ છે, પણ તે ચામડીની તોલે ન આવી શકે.

આપણા શરીરનું મોટામાં મોટું છિદ્ર તે અન્નમાર્ગ છે. એની શરૂઆત મોઢાથી થાય છે. અને ગુદા એ તેનો છેડો છે. એમાં રહેલાં ખોરાક કે જીવાણુઓ શરીરની બહાર રહેલાં જ ગણી શકાય. સમજમાં ના આવે એવી આ બીનાના સ્પષ્ટીકરણમાં કહેવાનું કે જ્યાં સુધી ખોરાક કે જીવાણુઓ શોષાઈ કે અંદર પ્રવેશી શરીરમાં ન જાય ત્યાં સુધી તો તે શરીરની બહાર જ ગણાય. થૂંક, ખોરાક તથા પાણીમાં વસતા અસંખ્ય જીવાણુઓ જો શરીરની અંદર પ્રવેશતા હોય તો આપણે જીવાણુઓથી થતા રોગોથી કદી મુક્ત ન હોત. પણ આ બધા જીવાણુઓનો જઠરના હાઇડ્રોક્લોરિક ઍસિડમાં નાશ થાય છે. કોઈ કારણસર આમાંથી બચેલા જીવાણુઓ આંતરડામાં જાય તો ત્યાં અનેક જાતના જીવાણુઓના ટોળામાં ક્યાંય અટવાઈ જઈ છેવટે મળ સાથે શરીર બહાર ફેંકાઈ જાય છે. સૂકા મળના ત્રીજા ભાગનું વજન તો જીવાણુઓ ને ફૂગનું જ હોય છે! પણ અન્નમાર્ગની આંતરત્વચા કૉલેરા, મરડો અને ટાઇફૉઈડના જીવાણુઓ માટે તો ઘણું નબળું રક્ષણ આપે છે.

હવા નાકમાંથી ગળાઇને જતી હોવાથી ઘણા થોડા જીવાણુઓ ફેફસાં સુધી પહોંચી શકે છે. નાકમાર્ગના સ્રાવમાં ઘણા જીવાણુઓ સપડાઈ જાય છે. જે ગળા વાટે ઊતરી, ગળાઈ જઈ, હોજરીમાં નાશ પામે છે. ટૂંકામાં આપણું શરીર વિવિધ પ્રકારના અવયવોનું બનેલું છે. અને એ દરેક અવયવને જીવાણુઓથી રક્ષતી પ્રતિકારશક્તિ વરેલી છે. છિદ્રોમાંથી પ્રવેશતા જીવાણુઓ ત્યાંના સ્રાવોની કાર્યરીતિથી રોકાઈ રહે છે. રોગજનક જીવાણુઓ ને માનવી વચ્ચેના સતત વિગ્રહમાં માનવીનું પલ્લું સામાન્ય રીતે સદા ઊંચું રહે છે. પણ બહારનાં ને અંદરનાં કારણોસર તે નીચું ઢળતાં જીવાણુઓનો હુમલો થઈ આવે છે.

વ્યક્તિમાત્રને થોડાક રોગો માટે રોગક્ષમતા (immunity) હોય જ છે એ હકીકત જાણવા જેવી છે. મોટેરાં કરતાં બાળકોમાં તે ઓછી હોય છે. બાળકોમાં થઈ આવતા ખાસ રોગો એ આની સાબિતીરૂપ છે. પણ આ રોગક્ષમતા ફેરફાર પામનારી સ્થિતિ છે. વળી એને અસર કરનારાં બહારનાં બળોમાં ભૂખ અને તરસ, તીવ્ર ગરમી ને ઠંડી છે. જાણીતું છે કે શિયાળામાં ન્યુમોનિયાનો ઉપદ્રવ વધી પડે છે, અને અશક્તોમાં બધા પ્રકારના રોગો થઈ આવે છે. ઉપભોગનો અતિરેક, ચિંતા ને થાકપણ શરીરનાં કુદરતી રક્ષણ બળોને નબળાં પાડે છે.

રોગજનક જીવાણુઓ નથી આપણાં મિત્ર, કે નથી આપણા દુશ્મન. આપણી બહારની દુનિયાના ઉત્પાતો સામેના સતત વિગ્રહમાં સૂક્ષ્મ જીવાણુઓનો હુમલો એ પણ એક નાનકડો વિગ્રહ છે. આ યોજનામાં રોગસંચાર એ એક અકસ્માત છે. જીવંત સૃષ્ટિ ને બહારની દુનિયા વચ્ચે ચાલતી અનંત ગોઠવણીનું એ દૃષ્ટાંત છે. માનવી આવા ઉત્પાતોને શમાવતો આવ્યો છે.



હવા, પાણી, માટી, અને મૃત તથા સજીવ સૃષ્ટિ બધે જેનો વાસ છે અને જે પરને ખાઇને જ પોષાય છે એ રોગનો ફેલાવો કરતાં અત્યંત સૂક્ષ્મ જીવાણુઓ. એક ઇંચના ૬૦૦મા ભાગથી માંડીને ૫૦,૦૦૦મા ભાગ જેવડા કદનાં એ જીવાણુઓના પણ અનેક પ્રકારો છે. એમાંના સોળ રોગોનાં જીવાણુઓ અહીં અતિગણા વિપુલ કરી બતાવ્યા છે.

આવાર્તા

કલાનો આસ્વાદ

'કુમાર'ની નીતિ

'ગોંડલના સાંકડા ક્ષેત્રમાંથી હું ગુજરાતના વિશાળ સંસ્કારક્ષેત્રમાં યથાશક્તિમતિ કામ કરવા ૧૯૧૯ની આખરમાં અમદાવાદ આવ્યો ત્યારે ગુજરાતમાં કલાની સૂઝ-સમજ તો શું પણ સભાનતા સુધ્ધાં શૂન્ય જેવી હતી. શ્રી રવિશંકર રાવળ આ બાબતથી વ્યથિત હતા ને કોઈ કોઈ વાર સામયિકોમાં આપણા સમૃદ્ધ કલાવારસા વિષે લખતા. ઈ. ૧૯૨૪માં અમે 'કુમાર' શરૂ કર્યું તે દ્વારા ગુજરાતની કલાભિરુચિ ઘડવા તથા તદ્‌વિષયક સૂઝ-સમજ કેળવવા માટેનું ક્ષેત્ર અમને હાથવગું થઈ રહ્યું.

પત્રકારત્વ પરત્વે મારી એક એવી ભાવના છે કે પત્રના તંત્રીનાં લખાણો સાથે તેનું નામ ન હોવું જોઇએ. આથી 'કુમાર'માં મારાં લખાણો સાથે વિરલ અપવાદ સિવાય શરૂથી—છેક ૧૯૨૪માં 'કુમાર' સ્થપાયું ત્યારથી—મેં કદી મારું નામ આપ્યું નથી. અલબત્ત, 'કૌમુદી', 'માનસી', 'નવચેતન' આદિ પત્રો તથા ચિત્રકારોના સંપુટો વગેરેમાં કલાવિષયક લખાણો હું સ્વનામથી લખતો રહ્યો છું. આ બધાં લખાણો પાછળ મારો હેતુ એ કલાસર્જનોમાં રહેલી ખૂબીઓ અને ગુણો સમજાવવાનો તથા એમાં રહેલો રસાનંદ વાચકોમાં સંક્રાન્ત કરવાનો રહ્યો છે. છેલ્લાં પચાસેક વર્ષના યથાશક્તિમતિ કરેલા એ પ્રયત્નનું જે કાંઈ પરિણામ આવ્યું છે તેનો મને સંતોષ છે.

આધુનિકોમાં અમારા વિષે એક એવો પૂર્વગ્રહ પ્રવર્તે છે કે અમે એમના વિરોધી છીએ. એ વાત સાચી નથી. કલાવિષયક વિવિધ વિભાવનાઓનો અમે પુરસ્કાર કરીએ છીએ ને નમ્રપણે એમ કહી શકાય કે 'કુમાર' જ એક એવું પત્ર છે કે જેના દ્વારા વિવિધ કલાપ્રકારો અને વિભાવનાઓનો રસ ગુજરાતે માણ્યો છે. પણ અમારો સદા એવો આગ્રહ રહ્યો છે કે જેનો રસ અમે વાચકોમાં સંક્રાન્ત ન કરી શકીએ તેવી સમજ બહારની કૃતિઓ તેમની આગળ નિરર્થક મૂકવી નહિ... ઘણા કલાકાર મિત્રોને મારું ખુલ્લું આમંત્રણ ક્યારનું ઊભું છે કે મૉડર્ન આર્ટની વિવિધ શૈલીઓ અને તેમાંથી પ્રાપ્ત કરવાના રસને અમારા વાચકો આગળ વિશદ રીતે મૂકી આપે; પણ કોઈ એ માટે તૈયાર થતું નથી. અલબત્ત, થોડાં વર્ષો પહેલાં ભાઈ જ્યોતિભટ્ટે એ પ્રકારની એક લેખમાળા ('કલામાં વિકૃતિકરણ') અમને લખી આપેલી, જે ભરચક ચિત્રો સાથે 'કુમારે' છાપેલી. પરંતુ ત્યાર પછી એ દિશામાં કોઈ આગળ આવ્યું નથી.

કળાનું સર્જન નિજી અનુભૂતિથી થાય છે, નિર્જીવ અનુકરણથી નહિ. અને સાચો કલાકાર એ કે જે પોતાને થએલો રસાનંદ પોતાની કૃતિ દ્વારા જોનારના હૃદયમાં સંક્રાન્ત કરી શકે. એમ કરવામાં એની નિજી શૈલી સર્જાતી હોય છે. અવનીન્દ્રનાથે સ્થાપેલી બંગાળ શૈલી પાછળ એતદ્દેશીય પરંપરા ઉપરાંત યુરોપ, ચીન, જાપાન, ઈરાન આદિ દેશોની કલાશૈલીઓનો પ્રેરણાસ્રોત હોવા છતાં એમણે ભારતીય સંસ્કાર ને વાતાવરણથી રસાએલી કૃતિઓ સરજી અને એમનાથી માંડી અમૃતા શેરગિલ સુધીના કલાકારોએ પોતપોતાની જુદી તરી આવતી એવી શૈલીઓ ઘડી કે કૃતિ સાથે કર્તાનું નામ ન હોય તો પણ તે કયા કલાકારની છે તે પરખાઈ જાય... આપણે ત્યાં પણ કેટલાક કલાકારોએ નિજી શૈલી વિકસાવી તો કેટલાકે પરંપરાગત પરિપાટી અને લોકકલા આદિની પ્રેરણાથી પોતપોતાનાં ઇડિયમ પણ ઉપજાવ્યાં. એ જ રીતે પશ્ચિમના કોઈ ઈઝમ કે શૈલીમાંથી પ્રેરણા અવશ્ય લઇએ, પણ આપણામાં તેનું રસાયન થઇને આપણી પોતીકી કોઈ વિશિષ્ટ શૈલી સરજાવી જોઈએ. વળી, એ કલાકૃતિઓમાં તથા તેના નામમાં અર્થઘટનનું ઇંગિત પણ હોવું જોઇએ, જે ભાવકને એનો રસાનંદ માણવા તરફ દોરી જાય.

આપણા મૂર્ધન્ય કવિ અને મનીષી શ્રી ઉમાશંકર જોશી પોતાની અમેરિકાની યાત્રા દરમિયાન ત્યાંના એક અગ્રગણ્ય કવિ રૉબર્ટ ફ્રૉસ્ટને મળવા ગએલા. એ મુલાકાતમાં ફ્રૉસ્ટે કહેલું કે કાવ્યસર્જનનો હેતુ ભાવકને 'વિઝડમ ઍન્ડ ડિલાઈટ' આપવાનો છે: વિઝડમ ઍન્ડ ડિલાઈટ—પ્રબોધ અને પ્રમોદ—વિચારપ્રેરક તત્ત્વ અને રસાનંદ. આપણા કાવ્યશાસ્ત્રના પૂર્વાચાર્યોએ પણ કહ્યું છે કે કાવ્યકૃતિમાં પ્રસાદ, ઓજસ અને માધુર્ય હોવાં જોઇએ. પ્રસાદ એટલે વાંચતાં-સાંભળતાંની સાથે જ ભાવ સ્ફૂરે અને હૃદયમાં ઊતરી જાય એવો ગુણ. અને જે કાવ્ય માટે સાચું છે તે પ્રત્યેક કલાકૃતિ માટે પણ સાચું છે.

એ દિશામાં પ્રજાની સૂઝ-સમજ અને રસ કેળવવામાં મેં યથાશક્તિમતિ જે પ્રયત્નો કર્યા છે એ મારા નમ્ર પ્રયાસને પણ અકાદમી આમ બિરદાવીને મારું જે બહુમાન કરે છે એનું હું મોટું ગૌરવ અનુભવું છું અને અકાદમીનો તથા રાજ્ય સરકારનો આભાર માનું છું.'

[ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનો ઈ. ૧૯૭૯ના વર્ષનો કલાના પ્રચાર માટેનો ઍવૉર્ડ – શાલ, તામ્રપત્ર અને રૂ. ૧૦૦૦ – આ પત્રના તંત્રી–શ્રી બચુભાઈ રાવતને ગુજરાતનાં રાજ્યપાલ શ્રીમતી શારદા મુખરજીને હસ્તે ગઈ તા. ૨૯–૩–૮૦ના રોજ અર્પણ થયો તે વખતે કરેલું વક્તવ્ય.]

ભારતીય સુલેખનકળા

લખવું એ આમ તો સામાન્ય કાર્ય લાગે છે, પણ એની અસર ચોક્કસ, દૂરગામી અને ઊંડી હોય છે. સુંદર હસ્તાક્ષરો અને કલામય સુલેખન એ બંને વચ્ચે ઘણું અંતર છે. સુલેખન કળા એ સુંદર લખાણથી વિશેષ છે.

સુલેખનમાં લિપિની આગવી લાક્ષણિકતા, એના અક્ષરોના આકારમેળ, લખાણમાં શબ્દો અને અક્ષરોની વચ્ચે પડતી ખાલી જગ્યાનું પ્રમાણભાન, લેખનની સામગ્રીની પસંદગી, શાહી બનાવવાની આવડત, લેખનને વિષયાનુરૂપ ઉઠાવ આપવાની દૃષ્ટિ વગેરે અનેક પ્રકારની સૂઝ અને કુશળતા હોવી જરૂરી છે.


અરબી ભાષાનું સુલેખન કે 'ખુશનવીસી' વિખ્યાત છે. વિવિધ વિષયનાં સચિત્ર હસ્તલિખિત ગ્રંથોથી માંડી વિશાળ ઈમારતોનાં શોભનો સુધી જુદીજુદી લેખનશૈલીમાં સુલેખનનો બહોળો ઉપયોગ થતો રહ્યો છે. ધર્મસૂત્રો, ઈમામનાં નામ, ઈશ્વરાસ્થા અને ઉમદા કવિતાઓ વગેરેનું સુલેખન એ મુસ્લિમ ઘરોમાં શુકનિયાળ શોભન મનાય છે. એમ તો વિકાસ પામી શકેલી એવી લગભગ બધી ભાષાઓના હસ્તલિખિત ગ્રંથોમાં જે તે પ્રદેશની લિપિનું સુલેખન ઓછાવત્તો વિકાસ તો પામ્યું જ છે પરંતુ વિશિષ્ટ વળાંકો અને મરોડવાળી અરબી લિપિમાં જે ખેડાણ થયું છે એ ઉત્કૃષ્ટ છે. આપણે ત્યાં પણ તેનો ઘણો પ્રભાવ રહ્યો છે. પ્રાદેશિક ભિન્નતાને કારણે વિવિધ ભાષા અને તેની અલગ-અલગ લિપિના કારણે સુલેખનના ભારતીય નમૂનાઓમાં વ્યાપક વૈવિધ્ય જોવા મળે છે. તાડપત્રથી માંડી તામ્રપત્ર, શિલાઓ અને કાગળ તથા વસ્ત્ર સુધ્ધાંનો તેમાં ઉપયોગ થયો છે. ટકાઉ કાળી શાહી ઉપરાંત વિવિધ રંગની તથા સોનારૂપાના વરખ ઘૂંટીને બનાવેલી સોનેરી રૂપેરી શાહી તેમાં વપરાઈ છે.

આપણું ઘણું ખરું સાહિત્ય મૌખિક પરંપરામાં ઊતરતું આવ્યું છે એ ખરું પણ બીજી બાજુ એની સાથોસાથ જ લેખનનો વિકાસ પણ થતો ગયો હોવાના પુરાવા છે. અર્ધગોળાકાર વળાંકોથી ભરપૂર એવી મહેશ્વરી નામની એક લિપિ છેક





△ સોળમી સદીની દેવનાગરી લિપિના મૂળાક્ષરોના મરોડ પરથી ડાયરીના પૂઠા પર કરેલા આ શોભનમાં મથાળે મૂળાક્ષરો અને નીચે મોટા કદમાં 'અ' અક્ષર. એમાં માત્ર ઉચ્ચારનું વહન જ નહિ એના દલ અને આકારમાં કલાત્મક ભાત બનાવવાની પણ ક્ષમતા છે. એવી જ શોભન-ક્ષમતા જમણી બાજુના ઊભી લખાએલી બ્રાહ્મી લિપિના શબ્દમાં છે. દૂર પૂર્વના બૌદ્ધ લખાણોમાં ખાસ કરીને મંત્રોના બીજાક્ષરો વગેરેમાં તેનો આવો કલામય ઉપયોગ જોવા મળે છે. (નીચે) ઈ. ૧૬૫૭ના પશ્ચિમ ભારતના એક જૈન હસ્તલિખિત ગ્રંથનું પૃષ્ઠ આપ્યું છે. લખાણની વચ્ચે કોરી જગ્યા છોડીને ઉપજાવેલા અક્ષરોમાં લહિયાએ પોતાની કલા-ચાતુરી બતાવી છે.



વેદકાળમાં ઉદ્ભવી હોવાનું મનાય છે. ઈ. પૂર્વે ૫૦૦ વર્ષ પહેલાંનો 'લલિત વિસ્તાર' નામનો એક બૌદ્ધ ગ્રંથ તો આ સુલેખનના વિષય પરનો જ છે. તેમાં જમણી બાજુથી ડાબી બાજુ (ઉર્દૂ-અરબીની જેમ) લખાતી ખરોષ્ટી લિપિ સહિત ૬૪ લિપિઓની નોંધ છે. ઉપરથી નીચે લખાતી લિપિ પણ આપણે ત્યાં હતી એમ આ ગ્રંથ પરથી જાણવા મળે છે. જૈન ગ્રંથોમાં પણ સુલેખન કળા વિષે લખાણો મળે છે. સમ્રાટ અશોકના સમયની બ્રાહ્મી લિપિ પૂર્ણ વિકાસ પામેલી હતી. સરળ ભૌમિતિક આકારના તેના અક્ષરોમાં ઝીણામાં ઝીણી ચોકસાઈ હતી. તેમાં ઉચ્ચારાનુસાર લેખનની ક્ષમતા હતી. ભારતની બીજી ઘણી લિપિઓના વિકાસના મૂળમાં એ રહેલી છે. આ બધી લિપિઓના અક્ષરોમાં ભિન્નતા જરૂર છે, પણ આ છતાં લગભગ બધી જ લિપિઓ પ્રત્યેક ઉચ્ચાર-લેખનમાં વ્યક્ત કરી શકે છે.

દેશના જુદાજુદા પ્રદેશમાં બ્રાહ્મીના પ્રસાર સાથે કાળાનુક્રમે તેમાં ફેરફાર થતા રહી જુદી-જુદી ભાષાની લિપિઓનો આગવો વિકાસ થયો. બ્રાહ્મીના મરોડ દક્ષિણ ભારતીય લિપિઓમાં વધુ વળાંક પામ્યા, તો બીજી બાજુ તેના શોભન રહિત સરળ રૂપમાંથી દેવનાગરી જેવી લિપિ વિકસી, જે આજની ૧૫ જેટલી ભારતીય લિપિઓમાં કદાચ સૌથી વધુ વપરાય છે.

મુસ્લિમોના આગમન સાથે ફારસી-અરબી લિપિ પણ ભારતમાં આવી. મુઘલોની યે પહેલાં હિંદુસ્તાનમાં આવેલી આ લિપિઓમાં લખાએલું ને અનેક ઈમારતોમાં કોતરાએલું મબલખ સાહિત્ય અને શોભન-લેખન આજે યે જોવા મળે છે. ગ્રંથના કલામય લેખન તથા શોભન સૂત્રો વગેરે માટે બહુ સુંદર એવા મરોડના કારણે તેના કલામય સ્વરૂપના વિકાસમાં બહોળી તકો હતી. પરિણામે ઉર્દૂ લિપિનો મરોડ આજના વિકસિત મુદ્રણના યુગમાં યે બિલકુલ જડ જેવો બની જવામાંથી બચી ગએલો લાગે છે.

ઈસ્ટ ઈંડિયા કંપનીના આગમન સાથે રોમન લિપિ પણ આપણા દેશમાં આવી. શબ્દાક્ષરોને એકબીજા સાથે સાંકળતા તેના મરોડની એક-સૂત્ર પ્રવાહિતાનો પણ આગવો પ્રચાર થયો.

આમ, ભારતીય લિપિઓ અને જે તે ભાષાના સાહિત્યમાં વિધવિધ રીતે થએલું લેખન ને તેની કળાને રજૂ કરતી આ વર્ષની ચીમનલાલ પેપર કંપનીની ડાયરી અગાઉની જેમ જ આગવી ભાત પાડે છે. વિવિધ લિપિઓમાં થએલા લેખન સુલેખનના નમૂના ઉપરાંત, છેક મૌર્ય કાળથી માંડી ૧૫મી સદી સુધીના જુદીજુદી ભારતીય લિપિઓમાં થએલા 'ક' અક્ષરના વિકાસનો ચાર્ટ, ભારતની પંદર પ્રચલિત લિપિઓ તથા સમગ્ર દેશ માટે એક સમાન લિપિ 'દેશનાગરી'ના સૂચન સાથેનો અને આ બધી લિપિના મૂળાક્ષરોનો તુલનાત્મક ખયાલ આપતો ચાર્ટ તથા પંદરમી સદીના કવિ વસ્તા દાસોપંતના એક કાવ્યને અશ્વત્થ વૃક્ષના આકારે રજૂ કરતી 'પસોડી' વગેરે આ ડાયરીનાં આગવાં અને પ્રશંસનીય આકર્ષણો છે. સુલેખન અને લિપિ વૈવિધ્યની આવી સુંદર અને સઉદાહરણ માહિતીપ્રદ રજૂઆત પ્રકાશકના જ્ઞાનવ્યાસંગ અને કલાદષ્ટિ તથા મુદ્રણના માધ્યમને ઉત્તમ રીતે પ્રયોજવાની આગવી ક્ષમતાની પ્રતીતિ આપે છે. એટલું જ નહિ, પ્રશંસા ને અભિનંદન માગી લે છે. □

એક ડૉક્ટર પાગલખાનાનું નિરીક્ષણ કરી રહ્યા હતા. એક પાગલ ચિત્રકાર જમીન પર ચોકથી લીટી દોરી તેને જોઈ રહ્યો હતો. ડૉક્ટરે પૂછ્યું: 'શું કરે છે?' પાગલ ચિત્રકારે કહ્યું: 'ચિત્ર દોરું છું.'

'શાનું ચિત્ર?'

'સીતાહરણનું.'

'સીતાહરણ?'

ડૉક્ટરે અચરજથી પૂછ્યું: 'મને તો કેવળ એક જ લીટી દેખાય છે. રામ, સીતા, લક્ષ્મણ, રાવણ, મારીચ એ બધાં ક્યાં છે?'

પાગલે ડૉક્ટરને સમજાવતાં કહ્યું: 'રામ મારીચને મારવા ગયા, લક્ષ્મણ રામને શોધવા ગયા, સીતાજીને રાવણ ઉપાડી ગયો. આ લીટી લક્ષ્મણ સીતાજીની આજુબાજુ દોરી ગયા હતા તે અહીં રહી ગઈ.' □

રમણલાલ સોની ગ્રંથમાળા

ધીરુ પરીખ

શ્રી અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળે જાણીતા લેખક-અનુવાદક શ્રી રમણલાલ સોનીને ૭૦ વર્ષ પૂરાં થતાં તેમને સન્માનવા તેમના ગ્રંથોની જે ઉક્ત શ્રેણી શરૂ કરી છે તેમાં ૧૨ પુસ્તકો પ્રકટ થયાં છે. આમાં ત્રણ પ્રકારના ગ્રંથો છે: ૧) બંગાળી ગ્રંથોના અનુવાદો, ૨) બાલ સાહિત્યનાં મૌલિક પુસ્તકો અને ૩) ચરિત્રગ્રંથ બંગાળી અનુવાદોના વિભાગમાં આવે છે કવિવર રવીન્દ્રનાથ ટાગોરની સિદ્ધ-પ્રસિદ્ધ નવલકથા 'ગોરા' (ત્રીજી આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૫૯૭, રૂ. ૩૦), શરદબાબુ વિરચિત ખૂબ જ જાણીતી થએલી નવલકથા 'વિપ્રદાસ' (પાંચમી આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૮), શરદબાબુ લિખિત ચાર લઘુ નવલકથા– 'સાવકી મા', 'પંડિતજી', 'દેરાણી જેઠાણી' અને 'સાપનો ભારો—નો સમુચ્ચય 'સંસારકથા' (પ્રથમ આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૩૩૯, રૂ. ૨૦) તથા રશિયન વાર્તાકાર ટૉલ્સ્ટૉયની કેટલીક વાર્તાઓનો સંગ્રહ 'પ્રેમ ત્યાં પરમેશ્વર' (પ્રથમ આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૩૬૦, રૂ. ૨૨).

શ્રી રમણલાલ સોનીએ બંગાળીના પ્રસ્તુત અનુવાદોમાં મૂળને વફાદાર રહીને પણ એવો સુંદર અનુવાદ આપ્યો છે કે ક્યાંય તરજુમિયા ગંધ આવતી નથી. ગુજરાતી અને બંગાળી ઉભય ભાષા પરના એમના પ્રભુત્વનું આ સુપરિણામ છે. ટૉલ્સ્ટૉયની વાર્તાઓને એમણે આપણા વાતાવરણમાં મૂકી આપી છે. આથી એ અનુવાદો નહિ, પણ રૂપાંતરો છે. અત્ર રૂપાંતરિત ૧૩ વાર્તાઓમાં એક યા બીજા સ્વરૂપે મનુષ્યના હૃદયમાં પડેલા પ્રચ્છન્ન પ્રેમની પ્રતીતિ થાય છે, અને આ પ્રેમ એ જ પૃથ્વી પર તો પ્રભુ છે! આથી આ વાર્તાઓ સદ્‌બોધદાયક છતાં ય કલાત્મક રહી છે તે તેના વાચનનો સાહિત્યિક આનંદ પણ પૂરો પાડે છે.

આ ગ્રંથમાળાનો બીજો વિભાગ છે બાળસાહિત્યનો. એમાં આવે છે: 'કુમારકથા' (પ્રથમ આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂ. ૧૫), 'મધુરકથા' (પ્રથમ આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૧૫), 'રમૂજકથા' (પ્રથમ આવૃત્તિ, પા. પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૧૬), 'અમૃતકથા'(પ્રથમ આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૩૬૦, રૂ. ૧૮) અને 'બાળકાવ્યો' (પ્રથમ આવૃત્તિ, પાકું પૂઠું, પૃ. ૩૨૮, રૂ. ૧૬). એમના બાળસાહિત્યના આ ગ્રંથો જોતાં જણાશે કે બાળસાહિત્યના કેવા કેવા વિવિધ પ્રકારોમાં એમણે પોતાની કલમને આસાનીથી ઘૂમવા દીધી છે. એમની એ નૈસર્ગિક પ્રતિભાનાં આ ગ્રંથો સુંદર અને સફળ પરિણામો છે. બાળકો પોતાની જ સૃષ્ટિમાં વિહરતાં હોય તેવી સચોટ નિરૂપણરીતિ અને કલ્પનાવૈભવથી આ પ્રકારો ખેડાયા છે. નિર્દોષ ભાવવિશ્વ ને રમ્ય કલ્પનાસૃષ્ટિ શ્રી રમણલાલ સોની એમના આ બાળસાહિત્યના ગ્રંથોમાં સહજ રીતે ખડી કરી શક્યા છે. પ્રત્યેક બાળકને હોંશેહોંશે વાંચવા ગમે તેવા આ ગ્રંથો તેની સુઘડ છપાઈ અને ચિત્રાત્મકતાને કારણે વધુ આકર્ષક બની રહે છે. એમનાં બાળનાટકો માત્ર વાચનનો જ નહિ, ભજવણીનો પણ એટલો જ આનંદ આપી રહે તેમ છે. એમનાં બાળ-જોડકણાં અને બાળ-ગીતો તો બાળકો લલકારતાં થાકે નહિ તેવાં છે. આ બાળસાહિત્યની સૃષ્ટિ એમ બતાવી આપે છે કે શ્રી રમણલાલમાં એક મુગ્ધ સનાતન શિશુ વસે છે! એમનામાંના આ 'શિશુ' પાસેથી આવી વધુ ને વધુ કૃતિઓ પ્રાપ્ત થતી રહો એવી આકાંક્ષા વ્યક્ત કરવાનું મન થાય છે.

ત્રીજા વિભાગમાં આવે છે સૌરાષ્ટ્રના સંત શ્રી આણંદાબાવાનું ચરિત્ર અને જીવનકાર્યો

દિવંગત

સન્નિષ્ઠ પ્રાધ્યાપક ડૉ. કેવલ મોટવાણી

સમાજશાસ્ત્રના સંશોધક, અભ્યાસુ અને પ્રાધ્યાપક ડૉ. કેવલ મોટવાણી ૨૬મી જાન્યુઆરી (૧૯૮૦)ને દિવસે એંશી વર્ષની ઉમરે થિયોસૉફિકલ સોસાયટીના આશ્રમમાં, અડયાર (મદ્રાસ) મુકામે સ્વર્ગસ્થ થયા. તેઓ ઘણાં વર્ષો સુધી અન્નામલાઈ યુનિવર્સિટી અને જબલપુર વિશ્વવિદ્યાલયમાં સમાજશાસ્ત્રના પ્રાધ્યાપક હતા. તેઓના શોધપૂર્ણ અને અભ્યાસયોગ્ય શોધ ગ્રંથોમાં 'માનવ ધર્મ સંહિતા' (મનુસ્મૃતિનું તુલનાત્મક અનુશીલન—ડૉક્ટરેટનો મહાનિબંધ), 'હિન્દુ સોશ્યલ થૉટ', અને ત્રણ મહાન સંતોની ચરિતાવલી (અંગ્રેજીમાં) વગેરેની ગણના થાય છે. તેઓ ધાર્મિક વૃત્તિના ચિંતક સદ્‌ગૃહસ્થ હતા. અને સાઠ વર્ષોથી થિયોસૉફિકલ સોસાયટીની પ્રવૃત્તિઓ સાથે સંકળાએલા હતા.

ગિરિજાબાઈ મહાદેવ કેલકર

મરાઠી ભાષામાં નાટ્ય-કર્ત્રી ને નાટ્ય-સમ્મેલનનાં પ્રથમ સ્ત્રી-અધ્યક્ષ શ્રીમતી ગિરિજાબાઈ મહાદેવ કેલકરનું ૨૫મીફેબ્રુઆરીએ (૧૯૮૦) ૯૪ વર્ષની ઉમરે પૂનામાં અવસાન થયું. એમનો જન્મ ઈ. ૧૮૮૬માં મુંબાઈમાં થયો હતો. રાજકોટમાં ગુજરાતી શાળામાં શિક્ષણ લઇને તેઓ પૂના આવ્યાં. ૧૯૦૧માં સાહિત્ય-સમ્રાટ નરસિંહ ચિંતામણિ કેલકરના આત્મબંધુ શ્રી મહાદેવ ચિંતામણિ કેલકર સાથે પરણ્યાં. કેસરીપત્રના જૂના અંકો વાંચીવાંચીને એમને લેખનની પ્રેરણા મળી. અને 'મનોરંજન', 'સુગૃહિણી', 'જ્ઞાનપ્રકાશ' અને 'આનંદ' વગેરે મરાઠી સામયિક પત્રોમાં લખવાનું શરૂ કર્યું. ૧૯૧૩માં એમણે 'પુરુષાંચે બંડ' નાટક લખ્યું. ૧૯૨૮માં મુંબાઈમાં આયોજિત નાટ્ય સમ્મેલનના અધ્યક્ષ ચૂંટાયાં. ત્યાર પછી 'રાજકુંવર', 'હીચ મુળીચી આઈ', અને 'આયેશા' વગેરે નાટકો લખ્યાં. એ નાટકો ભજવાયાં પણ હતાં. એમના સ્ફુટ લેખો 'ગૃહિણી-ભૂષણ', 'પુષ્પહાર', 'સમાજ ચિત્રે' નામથી છપાયાં છે. 'દ્રૌપદીચી થાલી' આ નામથી એમણે પોતાની આત્મકથા પણ લખી છે; અને 'સ્ત્રીઓનું સ્વર્ગ' ગુજરાતી પુસ્તકનું મરાઠી ભાષાંતર કર્યું છે. ડેઠ પંચ્યાશી વર્ષની ઉમર સુધી તેઓ લખતાં રહ્યાં. ૧૯૩૮માં નાગપુરમાં આયોજિત 'હિન્દુ–મહિલા–સંમેલન'નાં તેઓ અધ્યક્ષ ચૂંટાયાં હતાં. મરાઠી માસિક પત્રિકા 'વાઙ્મય શોભા'ના તંત્રી શ્રી મનોહર મહાદેવ કેલકર એમના સુપુત્ર થાય છે.

શ્રી સુબોધચંદ્ર ઘોષ

બંગભાષાના સારા નવલકથાકાર અને પત્રકાર શ્રી સુબોધચંદ્ર ઘોષ ૯મી માર્ચે (૧૯૮૦) હૃદયરોગના હુમલાથી કલકત્તામાં ૭૧ વર્ષની ઉમરે સ્વર્ગવાસી થયા છે.

બિહાર પ્રદેશમાં એક બસ કંડકટર તરીકે એમણે પોતાની જીવનયાત્રા શરૂ કરેલી. પછી આદિવાસી અને ખાણ-કામદારોના જીવન-આલેખન દ્વારા પોતાની કલમયાત્રા શરૂ કરી. ગાંધીજીની નોઆખલીની શાંતિયાત્રામાં પણ તેઓ જોડાયા હતા. સ્વાધીનતા-સંગ્રામમાં થોડાંક વર્ષો માટે જેલયાત્રા પણ ભોગવી આવેલા. તેઓ પોતાની માર્મિક લેખન શૈલી માટે વિખ્યાત હતા. એમણે સારી નવલકથાઓ, વાર્તાઓ અને નિબંધો લખ્યા છે. પોતાની કેટલીક કૃતિઓ માટે પુરસ્કૃત પણ થયા હતા. 'સુજાતા', 'ભારત પ્રેમકથા' અને 'જતુગૃહ' એમની ઉત્તમ નવલકથાઓ ગણાય છે. બંગાલના સુપ્રતિષ્ઠિત વર્તમાનપત્ર 'આનંદ બજાર પત્રિકા'ના તેઓ ઉપતંત્રી પણ હતા.

—શંકરદેવ વિદ્યાલંકાર

વર્ણવતું પુસ્તક. આ ત્યાગી-તપસ્વી મહાત્મા-એ કઈ રીતે ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી તેનો અણસાર એમની લઘુ જીવનકથામાંથી મળી રહે છે. પણ એથી યે વિશેષ તો એમણે માનવ-સેવાનાં જે મહાન કાર્યો કર્યાં તેનો પરિચય અહીં આપવામાં આવ્યો છે તે છે. આ પ્રેરક જીવનચરિત્ર રસળતી શૈલીમાં લખાયું છે. (પ્રથમ આવૃત્તિ, કાચું પૂંઠું, પૃ. ૧૦૪, રૂ. ૫.) પ્રથમ ઉલ્લેખેલાં અગિયાર પુસ્તકોના સેટની કિંમત રૂપિયા ૧૨૦ રાખવામાં આવી છે. કાગળ અને છપાઈની આ મોંઘવારીના સમય-ગાળે આ કિંમત તદ્દન વાજબી, અરે ઓછી પણ, છે. આ ગ્રંથ પ્રકાશન સમિતિ આવાં પ્રશિષ્ટ પ્રકાશનો કરવા બદલ અભિનંદનની અધિકારી છે. (પ્રકાશક: શ્રી રમણલાલ સોની ગ્રંથ પ્રકાશન સમિતિ, ૫, નગર શેઠ મારકેટ, રતનપોળ, અમદાવાદ-૧.)

કુમકુમ પ્રકાશન
મામુનાયકની પોળ સામે, ગાંધી માર્ગ
અમદાવાદ-૧

ગુજરાતી ગ્રંથકાર શ્રેણી: પ્રસ્તુત શ્રેણીએ ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓમાં ખૂબ આકર્ષણ જમાવ્યું છે એ વાતની પ્રતીતિ એની શરૂઆતની કેટલીક પુસ્તિકાઓની થએલી બીજી આવૃત્તિથી થઈ રહે છે. વળી, પંદર પુસ્તિકાઓ અત્યાર સુધીમાં પ્રકટ થયા પછી ૧૬થી ૨૦ની પાંચ પુસ્તિકાઓનો સંપુટ એમાં ઉમેરાય છે એ હકીકત પણ એણે પ્રાપ્ત કરેલી ચાહનાની દ્યોતક બની રહે છે. ગુજ-રાતી સાહિત્યની જૂની-નવી પેઢીના અભ્યાસી લેખકોનો આ શ્રેણીને સહકાર મળતો રહે છે એ આ શ્રેણી માટે પણ આનંદદાયક ઘટના છે, અને એના સંપાદકની સૂઝસમજની પરિ-ચાયક ઘટના પણ છે. આ નવી પાંચ પુસ્તિકા-ઓ આ પ્રમાણે છે: **સમયસુંદર** (ડૉ રમણ-લાલ ચિ. શાહ), **નાકર** (ડૉ. ચિમનલાલ ત્રિવેદી), **નંદશંકર** (પિનાકિન્ દવે), **રામ-નારાયણ વિ. પાઠક** (ચંદ્રકાન્ત શેઠ) અને **કૃષ્ણલાલ શ્રીધરાણી** (ચિનુ મોદી).

સમયસુંદર: મધ્યકાલીન સાહિત્યના ક્ષેત્રે જે ગણ્યાગાંઠ્યા ગુજરાતી અભ્યાસીઓ કામ કરી રહ્યા છે તેમાં આ પુસ્તિકાના લેખક ડૉ. રમણલાલ ચિ. શાહનો પણ સમાવેશ થાય છે. આ ક્ષેત્રમાં સતત કાર્યરત એમણે એ ગાળાના સાહિત્યની પોતાની સમજનો અચ્છો પરિચય આપ્યો છે. એ જ સમજ એની આ પુસ્તિકામાં પણ દૃષ્ટિગોચર થયા વગર રહેતી નથી. પુસ્તિકાના પ્રથમ પ્રકરણમાં કર્તાએ ઉચિત પુરાવાઓ સાથે મધ્યકાલીન જૈન કવિ સમયસુંદરના જીવનનો પરિચય આપ્યો છે અને એમની સાહિત્યિક પ્રતિભાનું ગુણદર્શી મૂલ્યાંકન કર્યું છે. પછીનાં પ્રકરણોમાં અનુક્રમે એમની કૃતિઓ 'નલ દવદંતી રાસ', 'મૃગાવતી-ચરિત્ર ચોપાઇ', 'સીતારામ ચોપાઇ', 'સાંબ-પ્રદ્યુમ્ન ચોપાઇ' 'ચાર પ્રત્યેકબુદ્ધ ચોપાઇ', 'દ્રૌપદી ચોપાઇ', 'વલ્કલચીરી રાસ', 'અન્ય લઘુ રાસકૃતિઓ'. 'છત્રીસીઓ' 'ગુરુવંદનાનાં ગીતો', 'સ્તવન, સજ્ઝાય આદિ ગેય રચનાઓ' ને 'ગદ્ય કૃતિઓ'નાં પરિચય-વિશ્લેષણ આપ્યાં છે. આ બધા પરથી સમયસુંદરનું મધ્યકાલીન ગુજરાતીના એક પ્રતિભાશાળી કવિ તરીકેનું વ્યક્તિત્વ સુપેરે ઊપસવા પામ્યું છે. લેખકની શૈલી નિરાડંબરી અને રસાળ છે. (કાચું પૂંઠું, પૃ. ૯૮, રૂ. ૭-૫૦.)

નાકર: ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ ગુજ-રાતીના અધ્યાપકને નાતે અર્વાચીન અને મધ્યકાલીન સાહિત્યના વિવેચનમાં પોતાની સ્વસ્થ કલમ ચલાવી છે. નાકર વિષે એમણે પોતાની પીએચ. ડી.ની ઉપાધિ માટે મહા-નિબંધ તૈયાર કર્યો હતો. એમનાં એ સંશોધન-સમીક્ષાનો આ પુસ્તિકાને પૂરો લાભ મળ્યો છે. અભ્યાસીઓને તો એમનો એ મૂળ સં-શોધન ગ્રંથ જ વધુ ખપ લાગે, પરન્તુ જિજ્ઞાસુ-ઓના વ્યાપક વર્ગને માટે આ પુસ્તિકા ઉપયોગી પુરવાર થાય તેવી છે. પ્રથમ નાકરની ભૂમિકા આપ્યા બાદ લેખકે નાકરના વ્યક્તિત્વ અને એના સમયનો સંક્ષેપમાં પરિચય આપ્યો છે. છેલ્લે આખ્યાનની પરંપરા ને પ્રભાવનું પણ સમુચિત પ્રવાહદર્શન કરાવ્યું છે. અંતે નાકરના સાહિત્યમાં આવતા થોડા વિશિષ્ટ રૂઢિપ્રયોગો, કહેવતો અને ઉક્તિઓની પણ યાદી આપી છે, જે એ વખતના ભાષા સાહિત્યના અભ્યા-સીઓને ઉપયોગી સામગ્રી પૂરી પાડી રહે તેમ છે. (કાચું પૂંઠું, પૃ. ૬૮, રૂ. ૭-૫૦.)

નંદશંકર: જાણીતા નવલકથાકાર ડૉ. પિનાકિન દવેએ તૈયાર કરેલી આ પુસ્તિકા એમની અભ્યાસવૃત્તિ અને વિવેચનસૂઝની પણ દ્યોતક છે. પોતે એક નવલકથાકાર હોઈ આપણા આદિ નવલકથાકાર વિષે શું વિચારે છે તે આ પુસ્તકમાં જાણવું ગમે તેવું છે. એમણે અહીં નંદશંકરના ક્ષર-અક્ષર જીવનનો પરિચય આપ્યો છે. લેખકનો અભિગમ તટસ્થતાની છાપ ઊભી કરી જાય છે. રસિક લખાવટ આ પુસ્તિકાને સુવાચ્ય બનાવે છે. (કાચું પૂંઠું, પૃ. ૫૬, રૂ. ૭-૫૦.)

રામનારાયણ વિ. પાઠક: ડૉ. ચંદ્રકાંત શેઠે તૈયાર કરેલી આ પુસ્તિકા શ્રેણીના સ્વરૂપ-ની દૃષ્ટિએ કદમાં બે ગણી થવા જાય છે તેમાં લેખકનો પ્રસ્વારપ્રેમ તો સહજ છે, પણ સાથે સાથે બને તેટલું નિઃશેષ લખાણ આપવાનો લોભ પણ જોઈ શકાશે. અહીંનાં પાંચ પ્રકરણો-માં ડૉ. શેઠે પાઠકસાહેબના જીવન ને વ્યક્તિત્વ-નો વિગતપ્રચુર અને સમદૃષ્ટિ પરિચય આપ્યા પછી પાઠકસાહેબનાં સાહિત્યકાર તરીકેનાં વિવેચક, પિંગળશાસ્ત્રી, કવિ, વાર્તાકાર, નાટક-કાર, નિબંધકાર આદિ પાસાંઓનો વિશ્લેષણા-ત્મક અભ્યાસ આપ્યો છે. લખાણમાં ડૉ. શેઠે સંશોધકની ઢબે ઠેરઠેર હવાલાઓ આપ્યા છે તે તેમની ઊંડી અભ્યાસ દૃષ્ટિના દ્યોતક છે, પણ અહીં એટલી ભરમાર ના હોય તો પણ ચાલે એ પણ લાગ્યા વગર રહેતું નથી. પિંગળશાસ્ત્રી તરીકેનો તથા 'પ્રસ્થાન' માસિકના સંપાદક તરીકે એમણે જે કામગીરી બજાવી તેનો શ્રમ-યુક્ત અહેવાલ અહીં પ્રાપ્ત થઈ રહે છે તે આનંદદાયક છે. આ ગ્રંથમાં ડૉ. શેઠની સતેજ અભ્યાસનિષ્ઠા, સમ્યક્ વિવેચનશક્તિ તથા ગદ્યલેખનની ફાવટ ધ્યાનાર્હ બની રહે છે. (કાચું પૂંઠું, પૃ, ૧૭૨, રૂ. ૧૦.)

કૃષ્ણલાલ શ્રીધરાણી: ડૉ. ચિનુ મોદી-એ આ પુસ્તિકામાં શ્રીધરાણીનો સંક્ષિપ્ત જીવનપરિચય, એમની કવિતા વિષે છણાવટ, એમની નાટ્યકૃતિઓની અવલોકના તથા એમના વાર્તાકાર તરીકેના સર્જક વ્યક્તિત્વની ચર્ચા આપ્યાં છે. 'અંતે'માં ડૉ. મોદી લખે છે: 'અહીં મુલવણીનો મહિમા રાખ્યો નથી એમ છતાં જાણ્યે-અજાણ્યે એ પ્રક્રિયા મનુષ્ય ચિત્તમાં થાય—એ ચોક્કસ.' આમ, જાણ્યે-અજાણ્યે પણ એમનાથી અત્રતત્ર મહદંશે સમભાવયુક્ત મુલવણીનો મહિમા થઈ ગયો છે, અને તે આનંદની વાત છે. બોલચાલની રમતિયાળ શૈલીમાં, વિવેચનના ભાષાગાંભીર્ય-ની પરવા કર્યા વગર, ડૉ. મોદીએ આ પુસ્તિકા-માં શ્રીધરાણીને માણવા માટેની યથાયોગ્ય ભૂ-મિકા રચી આપી છે. (કાચું, પૃ. ૬૪, રૂ. ૭-૫૦.)


મૂળ સોતાં ઉખડેલાં: હિંદના ભાગલા પડયા પછી જે પાશવી લીલા પાકિસ્તાનમાં ખેલાઈ તેનાં તત્કાલીન આલેખનો દિલ કંપાવ-નારા હતાં. આ પાશવી લીલાના સાક્ષી બનવાનું દુર્ભાગ્ય આ પુસ્તિકાનાં લેખિકા કમળાબેન પટેલને પણ હતું. મહદંશે બહેનોને પુરુષોની પ્રચ્છન્ન પશુતાનો કરુણ ભોગ કેવી રીતે બનવું પડયું અને એનાં કેવાં પરિણામો આવ્યાં તે એ હકીકતો નવલકથા કરતાં પણ વધુ આશ્ચર્ય-કારક છે. આ આઘાતક અનુભવોને તટસ્થભાવે લેખિકાએ આ પુસ્તકમાં આલેખ્યા છે. તે સમયના વરવા ઇતિહાસનો આ કરુણ અને દસ્તાવેજી ચિતાર એના લેખનની રસાળતાને લઇને નવલકથાના વાચન જેટલો રસપ્રદ બની રહે છે. (પાકું પૂંઠું, પૃ. ૨૬૪, રૂ. ૧૫.)

ટિકિટ-સંગ્રહ આવતા મે માસમાં ૬ઠ્ઠીથી ૧૪મી તારીખો દરમિયાન લંડનમાં અર્લ્સ કોર્ટ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય ફિલાટેલિક પ્રદર્શન–'લંડન-૧૯૮૦' નિમિત્તે તા. ૭મીએ આ એક ખાસ મિનીએચર શીટ બ્રિટનના ટપાલ ખાતા તરફથી બહાર પડશે. તેમાં વચ્ચે દર્શાવેલી ૫૦ પેન્સની ટિકિટ આ પહેલાં ૯મી એપ્રિલે બહાર પડી ચૂકી છે. અગાઉ ૧૯૭૮ અને '૭૯ પછી આ સાલમાં બહાર પડતું આ મિનીએચર શીટ બ્રિટનનું આ પ્રકારનું ત્રીજું જ શીટ છે. મૂળ એક (યા એકાધિક) ટિકિટ સાથેનાં આવાં નાનકડાં શીટ્સને મિનીએચર શીટ્સ કહે છે, ને ટપાલ-ટિકિટની જેમ જ તેનો પણ ઉપયોગ થઈ શકતો હોઈ સંગ્રાહકોમાં તેનું પણ ખાસ આકર્ષણ રહે છે. ટિકિટની ૫૦ પેન્સની કિંમત ઉપરાંત, આ શીટના ૨૫ પે. વધુ લેવાશે, જેની આવક આ પ્રદર્શન ખાતે ઉમેરવામાં આવશે. જેફ્રી મૅથ્યુઝના ડિઝાઈન પરથી બનાવેલી આ ટિકિટ પર તપખીરી રંગમાં વેસ્ટમિન્સ્ટર ઍબી, નેલ્સન્સ કૉલમ, ઇરોસ, ધ પોસ્ટ ઑફિસ ટાવર, બિગ-બેન, સેન્ટ પોલનું દેવળ, ધ ટાવર ઑવ લંડન ને ટાવર બ્રિજ જેવાં લંડનનાં સુખ્યાત ઐતિહાસિક સ્થાપત્યોનાં રેખાંકનોનું સુંદર સંયોજન છે. (પ્રેષક · રમણિકલાલ સોલંકી–લંડન)



શતરંજના કોયડા-૪

સુરેશ મોદી



સફેદે રમવાનું અને જીતવાનું

સ્પર્ધાનો આ ચોથો કોયડો એક End game study છે. અહીં સફેદ પાસે કાળા કરતાં એક પ્યાદુ વધારે છે, અને તેનો ઉપયોગ કરીને તે જીતી શકે છે. એ કઈ રીતે જીતે છે તે, કાળાના બચાવ, વિકલ્પ અને અન્ય શક્ય ચાલ સાથે દર્શાવવાનું છે. સંપૂર્ણ ઉકેલ ૨૦ મે ૧૯-૮૦ સુધીમાં નીચેના સરનામે મોકલો:

Suresh Mody, H-6 Saraswati Society, Govandi Road, Chembur, Bombay-400 071.

જાન્યુઆરી૧૯૮૦ના અંકમાં આપેલા કોયડા નં ૧નો ઉકેલ

સ્થિતિ: 7k/7p/3q2p1/1Q1B1p2/3b1P2/3n3p/PP2R1PK/2r5N/

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

અગાઉ જણાવ્યા મુજબ આ સ્થિતિ છેલ્લી આંતરક્ષેત્રીય ટુર્નામેન્ટમાં રમાએલી રમતમાં-થી લેવામાં આવી છે. તેમાં સફેદ મહોરાં ટુર્નામેન્ટના વિજેતા રૉબર્ટ હુબ્નર, જેઓ અગાઉ ૧૯૭૧માં કેન્ડિડેટ ટુર્નામેન્ટમાં રમ્યા હતા, તેમનાં હતાં, અને કાળાં મહોરાં ભૂતપૂર્વ વિશ્વવિજેતા ટીગ્રન પૅટ્રોસ્યનનાં હતાં. કાળાની ૩૬મી ચાલ પછીની સ્થિતિ આવી હતી.

આ પરિસ્થિતિમાં સફેદ સહેલાઈથી જીતીને ૧૯૭૧ની કૅન્ડિડેટ ટુર્નામેન્ટમાં પોતાને મળેલી હારનો બદલો વાળી શકે તેમ હતા, પણ તેમને બહુ જ થોડા સમયમાં ચાર ચાલ ચાલવાની હતી. સમયની ખેંચના કારણે, 'કુમાર'ના વાચકો જોઈ શકયા છે તેવી જીતવાની સહેલી ચાલ પણ તેમને દેખાઈ નહિ. 37..., Q×Pchની ધમકીના ડરથી તેઓ 37 P–KN3 રમ્યા ને રમત આ રીતે આગળ વધી.

37..., N×P; 38 Q–K8ch, K–N2 39 R–K7ch, K–R3; 40 N–B2, B×N; 41 R×Pch, K–N4! (સફેદની ગણતરીમાં કદાચ 41..., K×R?? 42 Q–N8ch, K–R3, 43 Q–R8ch, K–N4; 44 Q–R4 મ્હાત હશે.) આ તબક્કે રમત બીજા દિવસ માટે મુલત્વી રહી અને અંતે ડ્રૉમાં પરિણમેલી.)

અહીં જીતવાની રીત ઘણી સરળ છે. જુઓ 37 Q–K8ch, K–N2;

(37..., Q-B1 ???; 38 Q×Q મ્હાત.)

38 R–K 7ch, K–R3.

અહીં 38..., K–B3??; પછી 39 Q–B7થી મ્હાત છે. વળી, 38..., Q×R પછી 39 Q×Qch પછી સફેદ પાસેનું મહોરાંનું બળ એટલું બધું છે કે તે કઈ રીતે જીતે તે દર્શાવવાની જરૂર રહેતી નથી.


39 Q-B8ch, K-R4.

અહીં 39..., B–N2; પછી 40 Q×Bch, K–R4; 41 Q×RP મ્હાત થાય છે.

બાર વાચકોએ આ કોયડાનો ઉકેલ મોકલ્યો છે. મુખ્ય વિકલ્પ લગભગ એ બધાએ બરાબર બતાવ્યો છે, પણ બાકીના વિકલ્પ બધાએ બરાબર આપ્યા નથી તેથી તેઓએ થોડા ગુણ ગુમાવ્યા છે. વાચકોનાં નામ તથા તેમણે મેળવેલા ગુણ નીચે પ્રમાણે છે. (કુલ ગુણ ૧૦ રાખેલા છે)

૧) ધીરુભા ભિખુભા ગોહિલ (વડપંચાસરા) -૧૦ ગુણ. ૨) દિલીપ રાવળ (સિહુજ)-૧૦ ગુણ. ૩) ગિરીશ વરીઆ (વડોદરા)-૮. ૪) એ. એલ. ઝાલાવડિયા (શારદાગ્રામ)-૭. ૫) એચ. એસ. દવે (સિદ્ધપુર)–૭. ૬) દીપકકુમાર ત્રિકમલાલ પટેલ (અમદાવાદ)-૭. ૭) રાજેન્દ્રકુમાર શાહ (અમદાવાદ)-૭. ૮) નીતિન દવે (સૂરત)–૭. ૯) દીપકકુમાર રમેશચંદ્ર જોશી (જામનગર)-૭. ૧૦) વિજય શાહ (કલકત્તા)-૭. (૧૧) વી. એન. પંચાલ (અંબરનાથ)-૬ અને (૧૨) લક્ષ્મણ હરિભાઈ (અમદાવાદ)–૫ ગુણ.

ધાર્મિક સંજ્ઞાઓ · શ્રીચક્ર



સામાન્ય ઉપાસક માટે ઐહિક જંજાળમાંથી મુક્તિ મેળવવા માટે શ્રીવિદ્યા એક સાધન છે અને તેની ઉપાસના તથા આરાધના શ્રીચક્ર દ્વારા થાય છે.

શ્રીચક્ર એ એક તાંત્રિક યંત્ર છે ને સર્વ યંત્રોમાં શ્રેષ્ઠ મનાય છે. આ શ્રીચક્ર કે શ્રીયંત્ર એ શિવ-શક્તિનું શરીર જ મનાય છે અને ત્રિપુરસુંદરીની પૂજા-ઉપાસના માટે એ અત્યંત ઉપયુક્ત ને ફલપ્રદ ગણાય છે. ત્રિપુરસુંદરીની પૂજા મૂર્તિ પર નહિ, પરંતુ શ્રીચક્ર પર ચડાવાય છે. તેનું માહાત્મ્ય વર્ણવતાં કહ્યું છે કે ઉત્તમ પ્રકારે એકસો યજ્ઞ કરવાથી જે ફળ મળે તે ફળ ભક્તિભાવપૂર્વક શ્રીચક્રના દર્શન માત્રથી મળે છે.

આદ્ય શંકરાચાર્ય ત્રિપુરસુંદરીના ઉપાસક હતા. એમના મઠમાં આ શ્રીચક્રની સ્થાપના કરેલી છે. સૌંદર્ય લહરીમાં તેમણે શ્રીચક્રને વર્ણવ્યા પ્રમાણે તેની આકૃતિમાં, એક કેન્દ્રસ્થ બિંદુની આસપાસ શિવ રૂપ એવા ચાર ઊર્ધ્વ-શીર્ષ ત્રિકોણ, શક્તિરૂપ પાંચ અધઃશીર્ષ ત્રિકોણ અને આ નવ ત્રિકોણની રેખાઓ એકબીજી પરથી પસાર થતાં તેનાથી રચાતા તેંતાળીસ ત્રિકોણોને આવૃત્ત કરી અષ્ટદલ અને ષોડશદલવાળાં બે ચક્રોની આસપાસ ત્રિવલય તથા તેની ચારે બાજુ ત્રણ રેખાઓવાળા, તથા પ્રત્યેક બાજુએ મધ્યમાં દ્વારવાળા ચોરસ ભૂપુરની આકૃતિવાળું યંત્ર કે ચક્ર તે શ્રીયંત્ર કે શ્રીચક્ર. તેમાં ૨૪ 'સંધિ' અને ૨૮ 'મર્મ' હોય છે. સંધિ એટલે જ્યાં બે રેખાઓ મળે તે તથા મર્મ એટલે જ્યાં ત્રણ રેખાઓ મળે તે સ્થાન.

પ્રાસંગિક પૂજા માટે કેસરયુક્ત દૂધની ધાર વડે ભૂમિ પર શ્રીચક્ર આલેખાય છે. કાયમ નિયમિત પૂજા માટે સોનાના પતરા પર કોરેલું શ્રીચક્ર વપરાય છે. રૂપાનું શ્રીચક્ર ૩૨ વર્ષ, તાંબાનું ૧૨ વર્ષ અને ભૂર્જપત્ર પરનું ૬ વર્ષ ફલદાયી રહે છે. લોહત્રય કે પંચધાતુ પર તથા રત્નો ઉપર પણ શ્રીયંત્ર કોરાય છે. નિયમિત પૂજાનો આરંભ કરતાં પહેલાં વિધિસર તેની પ્રાણપ્રતિષ્ઠા કરવી પડે છે.





સુખોને યે જીરવી જાણવાની
શક્તિ દેજો, દુઃખમાં એહવી કે
દુઃખો તારાં શાંત મોંએ હસીને
પોતે પોતાની જ પામે ઉપેક્ષા.

—મેઘાણી

તપસ્વી લોકસેવક અણ્ણાસાહેબ સહસ્રબુદ્ધે

તપસ્વી દેશભક્ત અને સન્નિષ્ઠ સર્વોદયી કાર્યકર્તા અણ્ણા સાહેબ (અનન્ત વાસુદેવ) સહસ્રબુદ્ધેનું ગઈ ૧૧મી માર્ચે (૧૯૮૦) ૮૩ વર્ષની ઉંમરે મુંબાઈમાં અવસાન થયું.

ઈ. ૧૯૦૮માં ઊગતી તરુણાઈમાં સહજ કુતૂહલથી લોકમાન્ય તિલકની ધરપકડનું દશ્ય તેમણે જોયું અને સ્વદેશ માટે કંઈક કરી છૂટવાની તીવ્ર અભીપ્સા એમના હૃદયમાં વસી ગઈ.

આઠ સંતાનો સહિત દસ જણાના વિશાળ પરિવારને તેમના પિતાજી ગરીબીમાંથી ઉગારી શકયા ન હતા. તે યુગમાં મૅટ્રિક પાસ થયા છતાં કોઈની ખુશામત નહિ કરવાની સ્વાભિમાની વૃત્તિને કારણે જીવનભર તેમણે પ્રાથમિક શિક્ષકની નોકરી કરી હતી. તરુણ સહસ્રબુદ્ધેમાં પણ પિતાનું સ્વાભિમાન તરી આવતું હતું. તે જમાનામાં બી. એ. થયા પછી અણ્ણાએ સહજ પ્રાપ્ય હોવા છતાં કોઈ પણ સરકારી નોકરી સ્વીકારી નહોતી.

આજીવન બ્રહ્મચર્યનું વ્રત ધારણ કરી છેક ૧૯૨૦થી રૉલેટ ઍકટના વિરોધના આંદોલનથી માંડીને અંગ્રેજ સરકાર સામેની પ્રત્યેક લડતમાં ભાગ લીધો હતો. તિલક રાષ્ટ્રીય વિદ્યાપીઠ-(પૂના)થી એમના સાર્વજનિક જીવનનો પ્રારંભ થયો હતો. હરિજનોના પ્રશ્ને તેમના અડગ વલણને લીધે સંસ્થાને મળતી સહાયતા બંધ થઈ ગઈ, ત્યારે વિદ્યાર્થીઓને લઇને ડાંગરના ખેતરમાં મજૂરી કરીને ખર્ચ ચલાવતા. હરિજનોની શેરીમાં રાત્રિશાળા ચલાવતા. અબ્રાહ્મણોને જનોઈ આપવાનો મોટો સમારંભ રચી બ્રાહ્મણોનો રોષ પણ એમણે વહોરી લીધો હતો.



ઈ. ૧૯૧૯માં એમણે પ્રથમવાર ગાંધીજીનાં દર્શન કર્યાં. મૂળ તો ગાંધીજીની સભામાં હોહા કરવાનું ષડ્યંત્ર યોજીને મિત્રો સાથે ગયા હતા, પણ પછી તો એમના ભક્ત બની ગયા. સત્યાગ્રહ આશ્રમ, સાબરમતીમાં આવીને ખાદી ઉદ્યોગની સંપૂર્ણ તાલીમ લીધી. ખાદીના ઉત્પાદન, વેચાણ વ્યવસ્થા વગેરેની યોજનાઓ ઘડી, અને મેટપલ્લી (આંધ્ર પ્રદેશ) ખાદી કેન્દ્રને જોતજોતામાં તેમણે લાખોનું ઉત્પાદન કરતું કરી દીધું.

ઈ. ૧૯૩૦માં માલવણ (રત્નાગિરી)માં સત્યાગ્રહ કરીને ૭ માસની જેલ ભોગવી. જેલમાંથી આવીને તે પ્રદેશના માછીઓ સાથે મિત્રતા કેળવી ૧૯૩૨માં ફરીથી પકડાયા અને બે વર્ષ કારાવાસ ભોગવ્યો. ૧૯૩૪માં બિહાર ધરતીકંપમાં સેવાદળ લઈ ગયા. ૧૯૩૫માં મહારાષ્ટ્ર કૉંગ્રેસ સમિતિના મંત્રી બન્યા.

કોઈ ઠેકાણે સ્વામી રામદાસનું વાકય વાંચ્યું હશે. તે ઉપરથી મહિલાઓ સાથે બોલતાં પણ તેઓ અચકાતા હતા. પણ પછી વર્ધા મુકામે રહેવા આવ્યા ને સ્વર્ગીય ધોત્રેજીના પરિવારમાં રહેવા લાગ્યા. ત્યારે તેમનો એ સંકોચ ધીમેધીમે દૂર થયો હતો. ત્યારથી નિયમિત

ન્હાતા ધોતા, અને વાળ કપાવતા થયા, બાળકો સાથે રમતા થયા. તેઓ પોતે જ લખે છે કે, 'ત્યારથી હું માણસ બન્યો.'

ઈ. ૧૯૪૨ની ક્રાંતિમાં મુંબઈમાં તેઓ 'સુંદરલાલ'ના નામે બૉંબ લાવવા લઈ જવાનું કામ કરતા. પકડાયા ત્યારે તેમની સામે અનેક કેસો હતા. પણ એકેયમાં એમની વિરુદ્ધ પૂરતા પુરાવા મળ્યા નહોતા. છતાં ૪૫ દિવસ સુધીની કાચી કેદમાં એમને પુરાઈ રહેવું પડેલું.

એ લડતના મુંબઈના એમના એક સાથી શશિકાંત કડકીઆ પોતાનાં સંસ્મરણોમાં લખે છે : 'એક દિવસ સવારે અણ્ણા મારે ત્યાં આવ્યા. કહ્યું કે અમુક ભાઈ તો પકડાઈ ગયા. એકલા તમે જ હવે બાકી છો કે જે બૉંબ બનાવવાનું કેન્દ્રસ્થાન જાણો છો, તે મને બતાવી દો. અમે નીકળ્યા. વાલકેશ્વરના એક ફ્લૅટમાં અમે દાખલ થયા. અમને ખબર ન હતી કે છૂપી પોલીસના માણસોએ સાદા વેશમાં અમને ચારે બાજુથી ઘેરી લીધા હતા. તે લોકોએ ફ્લૅટના દરવાજાને બહારથી આગળો મારી દીધો. બૉંબ લઈને પાછા ફરતાં ખબર પડી કે બારણું બહારથી બંધ હતું.

અણ્ણાસાહેબ કછોટો મારીને પહેલા માળની બારીમાંથી નીચે કૂદવા દોડયા, પણ ત્યાં યે પોલીસના માણસો તૈયાર હતા. અંતે એમને ફ્લૅટમાં જ પકડી લીધા. પૂછપરછ શરૂ થઈ અણ્ણાને પૂછવામાં આવ્યું : 'તમે શા માટે આ જુવાન સાથે અહીં આવેલા?' અણ્ણાએ તરત જ રોકડું પકડાવી દીધું કે તેઓ અંગ્રેજ સરકારની કાર્ય-વ્યવસ્થાને થંભાવી દેવા માટે શોલાપુરથી બૉંબ લેવા આવ્યા હતા.

મેં બધી જવાબદારી મારે માથે ઓઢી લીધી. એટલે છૂપી પોલીસના કાર્યકરોએ મને જ ખૂબ હેરાન કર્યા કર્યો. પૂછપરછમાં મેં તેમને કહ્યું કે તમે સહસ્રબુદ્ધેને કેમ પૂછતા નથી? ત્યારે પોલીસે જણાવેલું કે, 'એ તો લોખંડી પુરુષ છે. એની છાતીમાં ખંજર હુલાવીએ તો પણ હસતો જ રહે, ચીસ ન પાડે, એની પાસેથી અમને શું મળવાનું હતું?'

આવા વજ્રસંકલ્પી આ પીઢ અને તપસ્વી નેતાનું જીવન એક ક્રાંતિકારીની જીવનકથા છે. એક વાર પણ જેઓ અણ્ણાના સંપર્કમાં આવી જતા તે તેમની ઉજ્જ્વલ વેધક દૃષ્ટિને જીવનપર્યંતની ભૂલી શકતા નહિ.

સ્વરાજ્ય મળ્યા પછી તેમનો વિચાર-મંથનનો સમય ગયો. સહકારી ખેતીના કામમાં તેમણે સારી અભિરુચિ કેળવી. ૧૯૫૧માં તેઓ ગ્રામોદ્યોગની જાણકારી માટે જાપાન ગયા. આવીને અખિલ ભારત ચરખાસંઘના મંત્રી બન્યા. ભૂદાન અને ગ્રામદાનનું કામ ચાલુ થતાં તેમને તેમાં ક્રાંતિકારિતાનું દર્શન થયું. તેઓ તેમાં જોડાઈ ગયા. સર્વ સેવાસંઘના મંત્રી તરીકે કામ કર્યું. કોરાપુટમાં જિલ્લાદાન થયા પછી ત્યાં નવનિર્માણનું કામ શરૂ થયું. એની પૂરી જવાબદારી અણ્ણાએ સાચવી લીધી. ચાર વર્ષ સુધી ત્યાં કામ કર્યું. પરંતુ સરકારી તંત્ર અને રાજકીય કાર્યકર્તાઓએ તેમને પૂરતો સહકાર ન આપ્યો. છેવટે સેવાગ્રામમાં ખેતીના અનેક પ્રયોગો કર્યા. આવા આજીવન ક્રાંતિકારી પીડિતો ને દલિતો માટે સમર્પિત, સર્વોદયી કાર્યકર્તા તપસ્વી અણ્ણા સાહેબ પોતાના કર્તવ્ય દ્વારા એક કૃતાર્થ જીવન જીવી ગયા.

—શંકરદેવ વિદ્યાલંકાર

નારંગી

આ ઋતુમાં હવે ઠેરઠેર નારંગી વેચાતી જોવા મળે છે. કેટલાંક ફળોની છાલ પાતળી અને ચમકતી તો કેટલાંકની જાડી હોય છે. દૂરથી જોઈને લેવાનું મન થઈ જાય અને નજીકથી જોઈને સૂંઘવાનું મન થાય તેવું આ ફળ નેત્રને, ઘ્રાણેન્દ્રિયને તથા રસનેન્દ્રિયને આહ્લાદ આપનાર છે. નારંગીને સંતરાં પણ કહે છે. નારંગી લીંબુના કુળનું વૃક્ષ હોવાથી તે અમ્લમધુર સ્વાદવાળી હોય છે. અમ્લરસ પિત્તવર્ધક પણ છે. વસંત ઋતુમાં કફનો વધુ પ્રકોપ ન થાય તે માટે આ ઋતુમાં અમ્લરસ અનુકૂળ છે, અને કુદરતે આ ઋતુમાં નારંગીની છૂટે હાથે લહાણી કરી છે.

ખટમધુરી નારંગી જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે. અત્યંત મધુર કરતાં

લઘુકથા

અનાજનો દાણો

નરેશ ભટ્ટ

ભાઈઓમાં ભાગ પડયા તેમાં હરવદનને થોડીક જમીન તો મળી હતી, પણ તેની આર્થિક સ્થિતિ કથળતી જતી હતી. થોડી ઘી ખેતી અને યજમાનવૃત્તિની પાતળી આવક સાત સંતાનોવાળા એના બહોળા કુટુંબ માટે પૂરતી નહોતી જ.

આટલી ગરીબી છતાં હરવદન પોતાને બારણે આવેલા અભ્યાગતને કંઈ ને કંઈ અચૂક આપતો જ. એથી ક્યારેક ઘરમાં પણ તાણ પડતી. ક્યારેક સંતાનો કે પત્ની લક્ષ્મી એની આવી ઉદારતા માટે ટકોર કરતાં ત્યારે હરવદન એક જ સવાલ પૂછતો, 'અનાજનો એક દાણો જમીનમાં નાખીએ અને તેમાંથી અનેક દાણા ઊગી નીકળે છે. આ બધા દાણા કોણ આપે છે?' અનાજના દાણાનું એનું આ ઉદાહરણ ઘરમાં હવે લગભગ રોજિંદું બની ગયું હતું.

એક દિવસ બળબળતા તાપમાં એક સંન્યાસી હરવદનને આંગણે આવી ચડયો. કહે, ગઈ કાલનું કંઈ ખાધું નથી તો ભિક્ષા આપો. એને આંગણામાં થોભવા કહીને હરવદન ઘરમાં ગયો. ઘરમાં માંડ એકાદ ટંક પૂરતો જ લોટ હોવાનું પત્નીએ જણાવ્યું. એમાંથી જે કંઈ થાય તે બનાવી આપવા હરવદને કહ્યું, અને સાંજે બાળકોને શું આપવું તેની ચિંતા સાથે લક્ષ્મીએ ખાવાનું બનાવ્યું. ખાઈને તૃપ્ત થઈ સંન્યાસી આશીર્વાદ આપી ચાલ્યો ગયો.

સાંજ પડી શાળાએથી આવીને છોકરાઓ ખાવા માગશે. ને રાતના વાળુનું યે ક્યાં ઠેકાણું હતું? પતિ-પત્ની બંને સાંજની ચિંતામાં મૂગે મોંએ બેઠાં હતાં. ત્યાં જ સામે રહેતાં ઈન્દુકાકી થાળી ભરીને સીધું લઈ આવ્યાં. કહે, 'આજે અરવિંદની વરસગાંઠ છે. મેં એને સવારે જ કહેલું કે હરવદનકાકાને ત્યાં સીધું આપી આવ, પણ એ આજે નવરો પડે ત્યારે ને! એટલે અંતે હું જ અત્યારે લઈ આવી.'

ઘરમાં સૌને થઈ રહે એટલું સીધું ઠાલવતાં લક્ષ્મી અનાજના દાણાનું ઉદાહરણ યાદ કરી રહી હતી.

ખટમીઠું ફળ જઠરાગ્નિને વધુ પ્રદીપ્ત કરે છે. તે વાતશામક છે. વળી તે સર ગુણવાળું હોવાથી કબજિયાતમાં લાભકારક છે. શ્રમ અને શૂળને મટાડે છે, હૃદયને હિતકારક છે, બલ આપનાર તથા કૃમિહર છે.

અમ્લરસને આયુર્વેદમાં હૃદ્ય કહેલ છે. હૃદય માટે મોટામાં મોટો ભય કફ તરફથી છે. કફ વધવાથી તેની વાહિનીઓમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વધે તો વાહિનીઓ સાંકડી બને છે. તેથી હૃદયને પોતાને રક્ત ઓછું મળે છે. આ કોલેસ્ટેરોલને આયુર્વેદની દૃષ્ટિએ કફ કે સ્નેહ સમજવો જોઈએ. અમ્લરસ પિત્તવર્ધક હોવાથી આ કફનું વિલયન કરનાર છે. વાહિનીઓની સ્થિતિસ્થાપકતા પણ આ અમ્લરસને કારણે ટકી રહે છે. તેથી નારંગી હૃદયને બળ આપનાર છે.

ઘણી વખત નાનાં બાળકો દૂધ પર રહેતાં હોવાથી કફવૃદ્ધિથી તથા દૂધ ન પચવાથી કે ઠંડું દૂધ પિવડાવવાથી તેમને વાતવૃદ્ધિ–કબજિયાત રહે છે. તેવાં બાળકોને નારંગીનો રસ આપવાથી તેમને કબજિયાત મટે છે તથા તેમને જરૂરી વિટામિનો મળે છે. વળી બીજા જુલાબ આપવાથી તેમનાં આંતરડાં નબળાં થાય છે, જ્યારે નારંગી આપવાથી તેમનાં આંતરડાં નબળાં નથી થતાં, ઊલટાં મજબૂત બને છે. વળી નારંગી બલવર્ધક છે. તેનો અમ્લરસ માંસપેશીઓને બળ આપનાર છે અને માંસપેશીઓની ક્રિયાશક્તિ પણ વધારે છે.

(લોકજીવન) —'દદબલ'

જાગ્રત સંત્રી

વઢવાણ તાલુકાના વાડલા ગામે એક રાત્રે દસ વાગે ધુબાંગ ધુબાંગ ઢોલ ટીપાયો. શિયાળાની કાતિલ ઠંડી અને તે દિવસે પવન પણ ઘણો સૂસવાટા મારે, મીઠી નીંદરમાં સૂતેલા લોકો પડયાપડયા ચિંતા કરવા લાગ્યા કે કાંઈ અજુગતું બન્યું લાગે છે, પણ ઢોલ ઉપર દાંડી પીટાવી ચાલુ રહી... એક થાકે એટલે બીજો બળુકો હાથ ઢોલ ઉપર દાંડી પીટવા માંડયો અને કહેવા લાગ્યો 'ધાજો રે...ધાજો, આગ લાગી છે આગ...'

આ સાંભળીને ગામ આખું ભેગું થઈ ગયું ને સૌ જે સાધન મળ્યું તે લઇને આગના સ્થળે પહોંચ્યા.

આ દાંડી પીટતા બળુકા હાથ હતા ગ્રામરક્ષક દળના સભ્યોના. શિયાળાની કડકડતી ઠંડીમાંય આ ગામ-રખેવાળના શરીરે પરસેવો નીતરતો'તો.

વાડલાના શ્રી ધીરુભાઈ હમીરભાઈ ખેરના ઘરના વાડામાં ઘાસની ગંજી સળગી, તેની જાણ ગ્રામરક્ષકદળના નાયક પોપટભાઈ સવાભાઇને થતાં ઢોલ આવે તે પહેલાં તેમણે ગ્રામ રક્ષકદળના સભ્યોને વ્હિસલ વગાડી બોલાવ્યા અને સાથે આગ ઓલવવાની કામગીરી શરૂ કરી દીધી. વિચારવાનો વખત નહોતો. ધૂળ અને પાણીનાં માટલાં, ડોલ ભરી ભરીને આગ ઉપર નાખવા લાગ્યા. ગામના આબાલ વૃદ્ધો ઘર છોડી છોડીને આવ્યા ને સૌની સહિયારી મહેનતથી આગને કાબૂમાં લીધી. જો થોડો વિલંબ થયો હોત તો આગની જ્વાળામાં આખું ગામ હોમાયું હોત.

ગામ આખું આગના સ્થળે કામ કરતું જોઇને નાયક શ્રી પોપટભાઈ અને ઉપનાયક શ્રી પ્રેમજીભાઇને લોકોના રેઢાં ઘરની ચિંતા પેઠી. ખુલ્લાં ઘર-બાર જોઇને કોઈ તસ્કર લાભ ઉઠાવી ન જાય તે માટે વીસેક સભ્યોને ગામમાં જ પેટ્રોલિંગ માટે ગોઠવી દીધા. આગ કાબૂમાં આવી અને લોકો પોતાના ઘેર પાછા ફર્યા ત્યારે આ સભ્યોને શેરીઓમાં પોતાના ઘરની રખેવાળી કરતા જોઈને લોકોને ગ્રામ રક્ષકદળની ઉપયોગિતા સમજાઈ. સરપંચશ્રીએ ગ્રામ રક્ષકદળના ફરજ અને તાત્કાલિક સહાય માટેની નિષ્ઠાને બિરદાવી. વાડલા ગામમાં ૬૫ જેટલા ગ્રામ રક્ષકદળના સભ્યો છે ને ગામના જાગ્રત સંત્રી તરીકે ફરજ બજાવે છે. (ગુજરાત)

ફુદીનો

ચટણીમાં નાખવાના મસાલા રૂપે વપરાતો ફુદીનો વાતહર ઔષધ તરીકે બહુ જ જાણીતો છે. તેમ જ એ ચટણી ઉપરાંત દાળશાકમાં પણ નંખાય છે. ફુદીનાના છોડ નાના નાના થાય છે. એ છોડ જમીન ઉપર ફેલાય છે અને ઠેકાણે ઠેકાણે મૂળ નાખે છે. તેના છોડમાંથી એક પ્રકારની સુંદર સુવાસ આવે છે. ઘર આંગણે વહેતા પાણીની નીક પાસે કે કૂંડામાં આ સુગંધીદાર છોડને સહેલાઈથી ઉગાડી શકાય તેમ છે. જે ઘરમાં સતત ફુદીનાનો વાસ હોય ત્યાં વાયુ કે શરદી ઊભાં પણ રહી શકતાં નથી. ફુદીનો અપચો મટાડે છે. તેના રસના સેવનથી કફનાં બાઝી ગયેલાં જાળાં તૂટી જઈ સસણી અને દમનાં દરદોમાં અતિ રાહત મળે છે. ફુદીનો ગુજરાતમાં ખેડા જિલ્લામાં ઠીકઠીક પ્રમાણમાં વવાય છે.

ફુદીનો અજીર્ણનાશક, પાચક અને મોંમાં અમી ઉત્પન્ન કરનાર છે. તેનો મુખ્ય ઉપયોગ તો ચટણી બનાવવામાં થાય છે. એ ચટણી અજીર્ણ અને અરુચિનો નાશ કરે છે. દાળ-શાકમાં પણ ફુદીનો નાખી શકાય છે. ફુદીનો રોજ તાજો લીલો મળે તે માટે તેને તુલસીની પેઠે ઘેર ઘેર વાવવો જોઇએ. છતાં તાજો-લીલો ન મળે તો તેનાં પાનની સૂકવણી કરીને તેને ઉપયોગમાં લઈ શકાય છે. ફુદીનામાંથી અર્ક કાઢવામાં આવે છે. એ અર્ક ખાસ કરી અજીર્ણ અને વાયુ પર ગુણકારી ગણાય છે.

ફુદીનો સ્વાદુ, રુચિકર, હૃદ્ય, ઉષ્ણ, દીપન, વાયુ અને કફનો નાશ કરનાર તથા મળમૂત્રનો અટકાવ કરનાર છે. એ ઉધરસ, અજીર્ણ અગ્નિમાંદ્ય સંગ્રહણી, અતિસાર, કોલેરા, જીર્ણજ્વર અને કૃમિનો નાશ કરનાર છે. ઊલટી થતી હોય તો અટકાવે છે, ચિત્તને પ્રસન્ન રાખે છે ને પાચનશક્તિ વધારે છે. સ્ત્રીઓને તેમના ધાવણના જોરા વખતે ફુદીનો આપવાથી ધાવણ શોષીને તેનું જોર ઓછું કરે છે.

આધુનિક વિજ્ઞાનના મત પ્રમાણે ફુદીનામાં વિટામિન 'એ' વધારે પ્રમાણમાં છે. વિટામિનની દૃષ્ટિએ તો ફુદીનાનું સેવન દુનિયાના તમામ રોગોમાંથી બચાવનાર એક જડીબુટ્ટી સમાન છે. પૃથક્કરણની દૃષ્ટિએ તપાસતાં પણ ફુદીનામાં જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર તત્ત્વનું ઘણું મોટું પ્રમાણ છે. આમ ફુદીનો ભૂખ લગાડનાર ઔષધ છે. જાતીય તાકાત માટે પણ ફુદીનાનો ઉપયોગ અતિ પ્રચલિત છે. ફુદીનામાં અજમાને મળતા સર્વ ગુણ છે. ફુદીનાના અર્કમાં પણ અજમાના અર્કને મળતા બધા ગુણો છે.

તાજો ફુદીનો, ખારેક, મરી, સિંધવ, હિંગ, કાળી દ્રાક્ષ અને જીરું એ બધાંની ચટણી બનાવી તેમાં લીંબુનો રસ નીચોવી ખાવાથી મોંમાં રુચિ પેદા થાય છે અને સ્વાદ આવે છે. તેમ જ વાયુ દૂર થઈ પાચનશક્તિ તેજ થાય છે. શરીરની ફીકાશ મટે છે.

ફુદીનો, તુલસી, મરી, આદુ વગેરે ઉકાળામાં નાખીને પીવાથી વાયુ દૂર થાય છે અને ભૂખ ખૂબ લાગે છે. ફુદીનાનો તાજો રસ અથવા અર્ક કફ અને શરદીમાં ઘણો જ ઉપયોગી છે. ફુદીનાનો રસ મગજની શરદી માટે પણ અતિ ઉપયોગી છે.

ફુદીનો અને તુલસીનો ઉકાળો પીવાથી રોજિંદો-રોજેરોજ આવતો-તાવ મટે છે. ફુદીનાનો અને આદુનો રસ અથવા તેનો ઉકાળો પીવાથી ટાઢિયો તાવ-શીતજ્વર મટે છે. વળી તેનાથી પરસેવો વળી કોઈ પણ પ્રકારનો તાવ પણ ઊતરે છે. ઉપરાંત વાયુ અને શરદીમાં પણ એ ઉકાળો ફાયદો કરે છે. ફુદીનાનો તાજો રસ મધ સાથે મેળવી દર બે કલાકે આપવાથી ન્યુમોનિયા ઘણી જ ઝડપથી મટી જાય છે.

ફુદીનાના તાજા રસનું મધ સાથે સેવન પેટનાં દર્દો તથા આંતરડાંની લાંબા સમયની ફરિયાદવાળા દરદીઓ માટે અમૃત સમાન ગણાય છે.


ફુદીનાનો રસ પીવાથી ઉધરસ, ઊલટી, અતિસાર અને કૉલેરામાં ફાયદો કરે છે. તેમ જ તેનો રસ પીવાથી વાયુ અને કૃમિ પણ મટે છે. વળી કૉલેરાનો વાવર ચ લતો હોય ત્યારે તેનું શરબત પીવું પણ સારું છે.

ફુદીનાનો રસ અર્ધો તોલો, આદુનો રસ અર્ધો તોલો અને સિંધવ એક માસો નાખી પિવડાવવાથી પેટનું શૂળ મટે છે. ફુદીનાનો રસ નાકમાં પાડવાથી પીનસ-સળેખમમાં ફાયદો કરે છે. ફુદીનાનો રસ દાદર પર વારંવાર ચોપડવાથી ફાયદો કરે છે. —માધવ મો. ચૌધરી

શેત્રુંજી નદી કેવી છે?

શેત્રુંજી નદીની સિંચાઈ યોજના માટે ધિરાણ કરવા વિશ્વબૅન્કે સંમતિ આપી છે. આશરે છ કરોડ રૂપિયાના ખર્ચે ૧૯૮૩ના ચોમાસા પહેલાં આ યોજનાનો અમલ શરૂ થઈ જશે. ત્યારે વાર્ષિક ૨૫ કરોડ રૂા.ની ખેતપેદાશ થવાનો અંદાજ છે. નહેરો પાકી બનાવવાથી પાણીનો ૨૦થી ૨૫ ટકા બચાવ થશે. આથી સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાની હરિયાળી અને સમૃદ્ધિ વધી જશે.

શેત્રુંજી નદીની ઘણી વિશિષ્ટતાઓ છે. સૌરાષ્ટ્રનો મધ્ય ભાગ પઠાર પ્રદેશ એટલે કે ઉચ્ચ પ્રદેશ છે અને તેમાંથી નીકળી નદીઓ ચારે દિશામાં વહે છે. આ પઠાર પ્રદેશ દૂરના ભૂતકાળમાં બહુ ઊંચો હતો, જે હવે ઘસાઈ ઘસાઈને ટેકરીઓ રૂપે રહ્યો છે. શેત્રુંજી નદી આ તળપદ પઠાર પ્રદેશમાં તેની દક્ષિણે ગિરના ઢુંધી નામના ડુંગરોમાંથી આશરે ૨,૧૧૦ ફૂટ ઊંચેથી નીકળે છે અને અગ્નિકોણમાં, એટલે કે દક્ષિણ-પૂર્વમાં લગભગ ૧૭૦ કિ. મી. સુધી વહીને, સુલતાનપુર પાસે ખંભાતના અખાતમાં પડે છે. આ બધો ડુંગરાળ અને ટેકરાળ પ્રદેશ બેસાલ્ટના અગ્નિકૃત ખડકોનો બનેલો છે. તેથી તેની માટી ઘણી ફળદ્રુપ છે. દા. ત. ધારી અને અમરેલી તેની બાગબાની માટે પ્રખ્યાત છે.



શેત્રુંજીને સૂતળી, ઠેબી, વારી, ગાગડિયા વગેરે નાની નદીઓ મળે છે. ભેસવાળી પાસે તે ભાવનગર જિલ્લામાં પ્રવેશ કરે છે. ભાવનગર–કુંડલા માર્ગ ઓળંગ્યા પછી તેમાં બે નાળા મળી જાય છે, જ્યાં તેનો કાદવ ઢોર અને માણસને પણ ગળી જાય તેવો જોખમી છે. અહીંથી તે ખારા પાટમાં વહે છે. તેનો વાંકોચૂકો પ્રવાહ પાલીતાણાના ડુંગરોને ફરીને ગીરના ઉગમણા છેડામાંથી પસાર થાય છે. છેવટે તે ખારી ખાડી રૂપે બે મુખ બનાવીને, સુલતાનપુર પાસે ખંભાતના અખાતમાં ભળી જાય છે.

ભાવનગર જિલ્લામાં તેનો પ્રવાહ આશરે ૯૦ કિ. મી. લાંબો છે અને તે તળાજા, પાલીતાણા, ગારિયાધાર અને સાવર કુંડલાના પ્રદેશમાંથી પસાર થાય છે. આ જિલ્લામાં તેને મળતી મહત્ત્વની નદી શેલ છે.

સૌરાષ્ટ્રની મોટી નદીઓમાં ભાદર પછી શેત્રુંજીનું સ્થાન બીજું છે. પાલીતાણાની દક્ષિણે આશરે ૧૦ કિ.મી. દૂર રાજસ્થળી પાસે શેત્રુંજી પર બંધ બાંધવામાં આવેલો છે. પાલીતાણાના ભૂતપૂર્વ રાજાએ અહીં બંધ બાંધવાનું વિચાર્યું હતું, પરંતુ તે માટે તેમની પાસે નાણાં અને સાધનો ન હતાં અને સિંચાઇનો લાભ પાલીતાણાને બદલે ભાવનગર રાજ્યને મળે તેમ હતો. સૌરાષ્ટ્રનું રાજ્ય થયું ત્યારે આ પ્રશ્ન હાથ ધરવામાં આવ્યો અને સાડા ચાર કરોડના ખર્ચે ૮૦ હજાર એકર જમીનને પાણી મળે એવી યોજના ઘડાઇ. ઈ. ૧૯૫૫માં પંડિત નેહરુના હાથે તેનું શિલારોપણ કરવામાં આવ્યું. માટી કામના વિસ્તરણ સાથે બંધની લંબાઈ ૧૦,૨૫૨ ફૂટ છે. ઊંચાઈ ૪૨ ફૂટ. જમણા કાંઠાની નહેર ૬૪ કિ. મી. અને ડાબા કાંઠાની ૯૬ કિ. મી. લાંબી છે.

શેત્રુંજીના મુખપ્રદેશમાં ખારી જમીનનો વિશાળ પટ નવસાધ્ય કરવા જેવો છે. અત્યારે તો સુલતાનપુર અને તરસરાની કદંમ ને રેતાળ ભૂમિ પર પુનમ અમાસના મોટા જુવાળમાં સમુદ્રનું પાણી ફરી વળે છે. એક જમાનામાં સુલતાનપુર વેપારી બંદર હતું. શેત્રુંજીના મુખથી તે ૭ કિ. મી. દૂર છે.

ભાદર અને શેત્રુંજી વિષે એક નોંધપાત્ર હકીકત એ છે કે તેઓ બંને એક જ ડુંગરમાળામાંથી નીકળે છે. ઉગમણા ઢોળાવ પરથી શેત્રુંજી નીકળે છે ને ઉગમણા–દખણાદા એટલે કે અગ્નિકોણમાં વહે છે. ત્યારે આથમણા ઢોળાવ પરથી ભાદર નીકળે છે અને પશ્ચિમ તરફ અરબી સમુદ્રમાં પડે છે. બે નદીઓના મૂળને જુદા પાડતી આવી ભૂરચના અંગ્રેજીમાં વૉટર શેડ તરીકે ઓળખાય છે.

શેત્રુંજીનો પ્રદેશ ભરતખંડમાં એક બહુ પ્રાચીન પ્રદેશ છે ને સૌરાષ્ટ્રની બીજી નદીઓની જેમ શેત્રુંજી હિમાલયની નદીઓ સિંધુ, યમુના, ગંગા, બ્રહ્મપુત્રા વગેરેથી વયમાં તો ઘણી મોટી છે. કદમાં ભલે બહુ નાની છે અને કદની દૃષ્ટિએ તેને હિમાલયની ઉપરોક્ત નદીઓ સાથે સરખાવી પણ ન શકાય, પરંતુ વયમાં શેત્રુંજી પાસે હિમાલયની નદીઓ બાળકી છે.

(જન્મભૂમિ-પ્રવાસી) —વિજયગુપ્ત મૌર્ય

આ અંકના પૂઠા પરનું ચિત્ર

જાપાનમાં નારાના મંદિરમાં આલેખાએલા બોધિસત્વનું ઇ. ઈ. સ. પૂર્વે બીજી–પહેલી સદીનાં અજંતાની ગુફાઓમાંનાં ભીંતચિત્રો ભારતની ચિત્રકલાના પ્રાચીનતમ પ્રાપ્ય નમૂના ગણાય છે. પાંચમી સદીમાં એ કલા-પરંપરા શ્રેષ્ઠતાની શિખરે પહોંચી. મધ્યકાલીન એટલે કે ૬-૭મી સદીનાં મધ્ય ભારતમાં બાઘની ગુફાનાં ચિત્રો તથા દૂર દક્ષિણમાં બાદામી અને સિત્તન્નવાસલની ગુફાનાં ચિત્રોમાં પણ એ ચિત્રશૈલીનો પ્રભાવ જોવા મળે છે, એ પરથી તેના વ્યાપનો ખ્યાલ મળે છે. પાલ રાજાઓના આશ્રયે તે શૈલીમાંથી ખિલેલી પાલ શૈલી ઉત્તરમાં નેપાલ અને દક્ષિણમાં છેક શ્રીલંકા સુધી પહોંચી એટલું જ નહિ, પણ ઈસ્વીસનના આરંભથી તે મધ્યકાળ સુધીમાં ભારતીય ધર્મ અને સંસ્કૃતિની સાથે સાથે સમગ્ર એશિયામાં ફેલાઈ ગઈ. અજંતાની ચિત્રશૈલીનો એ પ્રભાવ જેમ શ્રીલંકામાં પોલીન્નારૂઆના 'રાજારાણી'ના ચિત્રમાં; બાઘની ગુફામાં 'ચામરધારિણી'ના અને ઇલોરામાં ગરુડારૂઢ 'વિષ્ણુલક્ષ્મી'ના ચિત્રમાં, બિહાર-બંગાળના 'હરિતતારા'માં, સીઆમમાં સુખોદય મુકામે વાટ સી જુમમાં દેવધર્મ જાતકના ચિત્રમાં ને સિત્તન્નવાસલની ગુફામાં રાજા મહેન્દ્ર વર્માની છબીમાં જોવા મળે છે. શ્રીલંકામાં સિદ્ધગિરિ પર પાંચમી સદીના ભીંતચિત્રમાં, દ. ભારતમાં બાદામીની ગુફાનાં ભીંતચિત્રોમાં, અફઘાનિસ્તાનમાં બામિયાં ખાતેના પાંચમી સદીના ચિત્રમાં મધ્ય એશિયામાં ટંડન ખાતેના જળસુંદરીના ચિત્રમાં ને છેલ્લે તિબેટમાં ૧૬ થી ૧૮ સદીમાં કાપડ ઉપર ચીતરાએલા 'બુદ્ધજન્મ'ના ચિત્રમાં, પણ એ જ ચિત્રશૈલીની પરંપરા પરખાય છે. એ જ રીતે આ અંકના પૂઠા પરના જાપાનમાં નારાના મંદિરમાં આલેખાએલા બોધિસત્વના ચિત્રમાં પણ તેનો પ્રભાવ જોઈ શકાશે.

અજમાવી જુઓ

અંકોલના મૂળની છાલ ચોખાના ધોવરામણમાં ઘસી મધ નાખી પીવાથી અતિસાર મટે છે.

અપામાર્ગક્ષાર તેલ (અઘેડાના ક્ષારમાં પકાવેલું તેલ) કાનમાં નાખવાથી બહેરાશ મટે છે.

અરડૂસીનાં પાનનો રસ સાકર અથવા મધ સાથે લેવાથી રક્તપિત્તમાં ફાયદો થાય છે.

લૉ બ્લડ પ્રેશરમાં અર્જુનારિષ્ટ સારું પરિણામ આપે છે.

અશોકારિષ્ટ રક્તપ્રદરમાં ઉપયોગી ઔષધ છે.

પીપળાના સૂકા ફળનું ચૂર્ણ પાણી સાથે પખવાડિયા સુધી પીવાથી દમ મટે છે અને સ્ત્રી ખાય તો તે ગર્ભવતી થાય છે.

મુખની કાળાશ દૂર કરવા માટે હળદરના ચૂર્ણને આકડાના દૂધમાં લસોટીને લગાડવું.

કાયફળનું નસ્ય માથાના દુખાવામાં લાભદાયી નીવડે છે.

કાળીજીરી ઉત્તમ કૃમિનાશક છે.

હાથ પગનાં તળિયામાં દાહ થતો હોય તો મેંદીને લસોટીને તેનો લેપ કરવાથી ફાયદો થાય છે.

ત્રણ ગ્રામ અજમાનું ચૂર્ણ અને પાંચ ગ્રામ જૂનો ગોળ મેળવી ગોળી વાળી સવાર-સાંજ લેવાથી શીળસ મટે છે.

અરડૂસી ઉધરસની ઉત્તમ દવા છે.


અશ્વગંધાનું ચૂર્ણ સાકર અને ઘી સાથે ચાટવાથી ઊંઘ આવે છે.


કારેલાંનું સેવન સંધિવાના દર્દી માટે ફાયદાકારક છે.

કંઠમાળ, અર્શ, ગાંઠ, ગુલ્મ, કોઢ અને ભગંદરમાં કાંચનાર ગૂગળ ઉત્તમ પરિણામ આપે છે.

ત્રિફળાગૂગળ મેદસ્વીપણું મટાડે છે.

(આયુ ડાયજેસ્ટ) —નીલા વસાણી





△ કરચલાના આકારની કર્ક નિહારિકા (એમ-૧) △

આકાશદર્શન

મિથુન તારામંડળને જોઈ લીધા પછી હવે તેની પૂર્વમાં આવેલા ઝાંખા તારાઓવાળા 'કર્ક' (અંગ્રેજીમાં Cancer) તારામંડળને જોઇએ. મિથુન પછીની એ રાશિ ગણાય છે અને તેમાં પા ભાગના પુનર્વસુ તથા પુષ્ય અને આશ્લેષા નક્ષત્રનો સમાવેશ થયો છે.

કર્ક તારામંડળમાં કરચલા (કર્ક)ના આકારની કલ્પના કરેલી છે, પણ એ કંઈ બંધબેસતી લાગતી નથી. પરંતુ જે તે નક્ષત્રના વિસ્તારમાં અથવા તેની બહુ નજીક આવેલી કોઈ નિહારિકાના આકાર પરથી નક્ષત્રોને નામો અપાયાં હોવાના એક ખયાલને સ્વીકારીએ તો હાલમાં કર્કથી ઠીક ઠીક દૂર છેક 'આર્દ્રા' અને 'અગ્નિ' તારાની વચ્ચે વૃષભ રાશિમાં, પણ અગાઉ કદાચ તેની નજીક હશે એવી એક નિહારિકાનો આકાર કરચલા જેવો કહી શકાય ખરો. આ નિહારિકા 'કર્ક' (Crab)ના નામે જ ઓળખાય છે. એને 'એમ-૧'ની સંજ્ઞા પણ અપાઈ છે.

કર્કની નૈઋર્ત્યે 'શુની' તારામંડળ છે. શુની એટલે કૂતરી. અંગ્રેજીમાં એને (Canis minor) કહે છે. શુનીથી આગળ નીચે 'શ્વાન' તારામંડળ છે, જેનો મુખ્ય તારો 'વ્યાધ' વિખ્યાત છે. આ શ્વાનને અંગ્રેજીમાં Canis major કહે છે. આમ, અહીં શ્વાન અને શુનીની જોડી છે. શુની મંડળમાં મુખ્ય બે જ તારા દેખાય છે. તેમાંનો તેજસ્વી તે 'પ્રભાસ' (Procyon) અને બીજો 'જલાક્ષી' (Commeisa). પ્રભાસ ૧૧ પ્રકાશવર્ષથી વધુ દૂરનો એક યુગ્મ તારો છે.

કર્કમાં નરી આંખે યે પરખાતું એક ઝાંખું તારાગુચ્છ છે. 'એમ-૪૪'ની સંજ્ઞાથી ઓળખાતા આ ગુચ્છને આપણે મધુચક્ર (મધપૂડો, અં. Praesepe) કહીએ છીએ. એ એક ખુલ્લું તારાગુચ્છ છે.

વિષુવવૃત્તની ઉત્તરે કર્ક રાશિમાં આવ્યા પછી સૂર્ય ફરી દક્ષિણ તરફ વળે છે. ઉત્તરાયણ પછી અહીંથી હવે એનું દક્ષિણાયન આરંભાય છે.

કર્ક પછી 'સિંહ' રાશિનું તારામંડળ છે. માથું ટટ્ટાર રાખીને બેઠેલા સિંહ જેવા આકારના આ તારામંડળમાં 'મઘા' નામના તારાને (જાન્યુઆરીમાં આપેલા નકશાના આધારે) સરળતાથી ખોળી શકશો. ક્રાંતિવૃત્ત પર આવેલો એ તારો છે. હાલમાં આ મઘાની નજીકમાં મંગળ અને ગુરુ દેખાય છે. થોડી મોડી રાત્રે બહુ સરળતાથી એ જોઈ શકશો. એમાં રતુમડો એ મંગળ અને તેજસ્વી એ ગુરુ. અને આ સિંહના કટિસ્થાન ને પૂછડીની વચ્ચે એટલે કે પૂર્વા અને ઉત્તરા ફાલ્ગુનીની વચ્ચે જરા દક્ષિણે સ્થિર તેજે પ્રકાશતો શનિ પણ જોઈ શકાશે. સાંજનાં પશ્ચિમ આકાશમાં ઝળહળતો શુક્ર તો બહુ જાણીતો છે. બહુ સરળતાથી હાલમાં આ ચાર ગ્રહોનું દર્શન સુલભ બન્યું છે. આમાં તા. ૧૮ એપ્રિલે શુક્રની, તા. ૨૪-મીએ મંગળ અને ગુરુની તથા ૨૬મીએ શનિની નજીક ચંદ્રનું દર્શન પણ પ્રેક્ષણીય બની રહેશે.

—બિ.

લોકમિલાપ ટ્રસ્ટનો 'કાવ્ય-કોડિયાં' સંપુટ

તા. ૧ જુલાઈ, ૧૯૮૦ના દિવસે 'કાવ્ય કોડિયાં' નામનો પુસ્તિકા-સંપુટ લોકમિલાપ ટ્રસ્ટ તરફથી બહાર પડશે. આ સંપુટમાં ૧૦ પુસ્તિકા હશે, દરેકનાં ૯૬ પાનાં હશે અને તેનું કદ ૧૨×૯ સેન્ટિમિટરનું હશે.

સંપુટમાં આ દસ કવિઓની લગભગ ૫૦૦ કૃતિઓ રજૂ થશે: શ્રી જયન્ત પાઠક, શ્રી નટવરલાલ પંડ્યા 'ઉશનસ્', શ્રી મનસુખલાલ-ના સ્થાને શ્રી મલ્લરામ રાવળ, શ્રી પ્રિયકાન્ત મણિયાર, શ્રી બાલમુકુન્દ દવે, શ્રી મકરન્દ દવે, શ્રી વેણીભાઈ પુરોહિત, શ્રી સુરેશ દલાલ, શ્રી હરીન્દ્ર દવે, શ્રી હસમુખ પાઠક. આ કાવ્ય-પોથીઓનું સંપાદન કવિશ્રી નિરંજન ભગત કરશે. 'કાવ્ય-કોડિયાં' સંપુટની કિંમત રૂા. ૧૨ રહેશે (રજિસ્ટર ટપાલ-રવાનગીના રૂા. ૩). ચોપડીઓ છૂટક નહિ વેચાય પણ સંપુટમાં જ મળશે. સંપુટની ૧૦ અથવા વધુ (૧૦ના ગુણાંકમાં) નકલની આગોતરી વરધી રૂા. ૭.૫૦ લેખે નોંધાશે. જુદા જુદા વાચકો પાસેથી એ રીતે કિંમત ઉઘરાવીને ૧૦ કે વધુ નકલોની રકમ લોકમિલાપ ટ્રસ્ટને પહોંચાડનાર સંયોજક પોતાને થનાર ખરચના ૫૦ પૈસા નકલ દીઠ કાપીને લોકમિલાપને ફક્ત રૂ. ૭ લેખે નાણાં મોકલી શકશે. પછી લોકમિલાપ તરફથી મળનાર નકલો પોતાના વર્તુળના દરેક વાચકને પહોંચાડવાની જવાબદારી સંયોજકની રહેશે.

નાણાં સંયોજકે લોકમિલાપને બૅન્ક-ડ્રાફ્ટ કે મનીઑર્ડરથી મોકલવાના ને તેનો ખરચ પોતે ભોગવવાનો. પછી લોકમિલાપ તરફથી પારસલ આવે ત્યારે તે સ્ટેશનેથી મંગાવવાની વ્યવસ્થા સંયોજકે કરવાની. આગોતરી વરધી માટેની રકમ મોકલવાની છેલ્લી તારીખ ૧ જૂન, ૧૯૮૦ છે. વધુ વિગતો માટે: લોકમિલાપ ટ્રસ્ટ, પો. બો. ૨૩, (સરદારનગર) ભાવનગર-૩૬૪૦૦૧.

આગામી માસ (મે) ઇતિહાસમાં

તા. ૧/૧૮૫૧ વિક્ટોરિયન રાજ્યકાળની એક નોંધનીય ઘટના સમું 'ધ ગ્રેઈટ એક્ઝિબિશન' લંડનમા હાઈડ પાર્ક ખાતે ખુલ્લું મુકાયું. આ નિમિત્તે જ ખાસ બનાવવામાં આવેલા ભવ્ય કાચ મહાલ—ક્રિસ્ટર પેલેસ થકી પણ આ પ્રદર્શનની ખ્યાતિ છે. પ્રદર્શન બાદ એ ઈમારત સિડનહામ મુકામે ખસેડવામાં આવેલી. ઈ. ૧૯૩૬માં આગથી તેનો કેટલોક મુખ્ય ભાગ બળી ગએલો અને ઈ. ૧૯૪૧માં વિશ્વયુદ્ધ વખતે જર્મન વિમાનો માટે એ ઈમારત તે સ્થળની ઓળખના નિશાન રૂપ ન બની રહે તે માટે બાકીનો મિનાર પણ ઉતારી લેવામાં આવ્યો હતો.

તા. ૩/૧૯૩૭ રાજગાદી જતી કરીને પણ આઠમા એડવર્ડે મિસિસ સિમ્પસન સાથે લગ્ન કર્યું.

તા. ૪/૧૭૮૦ ડર્બીની ઘોડદોડ તો વિશ્વવિખ્યાત છે. આ દિવસે અર્લ ઑવ ડર્બીએ આ રોમાંચક રમતનું ઉદ્‌ઘાટન કરીને તેનો આરંભ કરેલો. ઈ. ૧૮૭૫માં અમેરિકામાં આવી જ વિખ્યાત ઘોડદોડ 'કેન્ટુકી ડર્બી'નો આરંભ પણ આ જ માસની ૧૭મી તારીખે થએલો'

તા. ૬/૧૬૨૬ અમેરિકામાં ગોરી વસાહતો માટે રેડ ઇન્ડિયનો પાસેથી છેતરપિંડી દ્વારા જમીનો પચાવી પાડવાની અનેક ઘટનાઓમાંની એકની તારીખ. આ દિવસે માત્ર ૨૪ ડૉલર જેટલી જેની ખરી કિંમત થાય એટલાં રંગબિરંગી મોતીમણકા અને ઊજળા કાપડના બદલામાં ગોરાઓએ મૅનહટ્ટન ટાપુ ખરીદી લીધેલો. આજે આ ટાપુ ઉપર ન્યૂ યૉર્ક શહેર વસેલું છે.

તા. ૯/૧૯૨૬ રિચાર્ડ ઈ. બાયર્ડે ઉત્તર ધ્રુવ ઉપરથી સૌપ્રથમ ઉડ્ડયન કર્યું. આ ઉત્તરધ્રુવના શોધસાહસમાં જેનું નામ મોખરે છે તે શોધસફરી ફ્રિજૉફ નાનસેનનું અવસાન પણ આ જ માસમાં તા. ૧૩મીએ ઈ. ૧૯૩૦માં થએલું.

તા. ૧૪/૧૬૨૬ મુઘલાઈ સામે દક્ષિણ હિંદુસ્તાનનાં જે નાનાં રાજ્યો અવારનવાર માથું ઊંચકતાં રહેલાં એમાંના એક અહમદનગરના આબિસીનિયન મંત્રી મલિક અંબર હબસીએ ધીરેધીરે શાહી સલ્તનતમાં ભેળવી દેવાએલા રાજ્યનો ઘણોખરો ભાગ પાછો મેળવી લઈ અહમદનગરનો અલગ રાજ્યવહીવટ કરવા માંડયો. એની સામે ચાલતી રહેલી ધીમી અનિશ્ચિત લડાઇઓનો અંત લાવવા જહાંગીરે ખાનખાનાન અબ્દુર રહીમને મોકલ્યો, પણ છેક ઈ. ૧૬૧૬માં શાહજાદા ખુર્રમે અહમદનગરનો કિલ્લો કબજે કરવામાં સફળતા મેળવી. પોતાના એ બંડખોર પુત્રને આ બદલ જહાંગીરે 'શાહજહાં'નો ખિતાબ તથા ૩૦,૦૦૦ સૈનિકો અને ૨૦,૦૦૦ સવારોની સરદારી આપી. વર્ષો સુધી મુઘલાઇને હંફાવનાર મલિક અંબરે દૌલતાબાદના સુંદર ને મજબૂત વિખ્યાત કિલ્લાની સુધારણા કરીને એને અજેય બનાવેલો. દક્ષિણના આ કિલ્લાઓ સર કરવા મુઘલોને હમેશાં મુશ્કેલ પડેલા. આ મલિક અંબર ૮૦ વર્ષની વયે ઈ. ૧૬૨૬ની આ માસ મેની ૧૪મી તારીખે અવસાન પામેલો.

તા. ૧૭/૧૯૦૦ ટ્રાન્સવાલના વિગ્રહમાં સાત માસના ભીષણ ઘેરામાંથી માફેકિંગ શહેરનો છુટકારો. કિફ્રથ ડ્રેગન ગાર્ડ્સના લેફ. કર્નલ બીડન પૉવેલે આ યુદ્ધમાં માફેકિંગના યુવાનો લડવા માટે મુક્ત રહી શકે એટલા સારુ શહેરના છોકરાઓને સંદેશવાહકો, ઘાયલોની સારવારમાં મદદગારો વગેરે તરીકે તાલીમ આપી કામમાં લીધેલા. આગળ જતાં એણે આમાંથી સ્કાઉટની પ્રવૃત્તિ વિકસાવી જે આજે દુનિયાભરમાં પ્રસરી ગઈ છે.

તા. ૨૩/૧૭૩૪ જર્મન ડૉક્ટર ફ્રેડરિક ઍન્ટન મેસ્મરનો જન્મ. 'પ્રાણીઓના ચુંબકત્વ' નામે એમણે જે ઓળખાવેલું તેને એમના નામ પરથી પછીથી 'મૅસ્મેરીઝમ' નામ અપાએલું. આગળ જતાં એક અલગ વિદ્યાશાખા તરીકે તેનો વિશેષ વિકાસ થયો અને અમુક પ્રકારના રોગો મટાડવામાં અને માનસ-ચિકિત્સામાં તે પ્રયોજાવા લાગી. નિદ્રાના ગ્રીક દેવતા 'હિપ્નોસ'ના નામ પરથી એ વિદ્યાને 'હિપ્નોટિઝમ' નામ અપાયું. એક કાળે જાદુના ખેલ જેવી ગણાતી આ વિદ્યાનું આજે ચિકિત્સાક્ષેત્રે ઘણું મહત્ત્વ સ્વીકારાયું છે.

તા. ૨૯/૧૪૫૩ કૉન્સ્ટંટીનોપલ તુર્કોને હાથ ગયું. 'બર્બરો' સામે લડવાની અનુકૂળતા રહે તે ખયાલથી એશિયા અને યુરોપની સીમા પર જૂની ગ્રીક વસાહત બાયઝેન્ટિયમની પાસે સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને આ શહેર વસાવેલું. આગળ જતાં રોમન સામ્રાજ્યના બે ભાગ પડી જઈ પૂર્વનું આ એક મહાન સામ્રાજ્ય બન્યું અને રોમન રસમી તથા ખ્રિસ્તીધર્મવાળું આ બાયઝેન્ટાઈન સામ્રાજ્ય હૂણ, આરબ ને તુર્કો સામે સતત લડતું રહી સદીઓથી ટકી રહેલું. પણ ધીરેધીરે તેને ચોપાસથી ઘેરતા જઈ છેવટે ૧૪૫૩માં આ તારીખે ઓરોમન તુર્કોએ તેને હરાવ્યું.



'દાક્તર સાહેબ, હું બહુ જ હેરાન થાઉં છું. જલદી આવી જાઓ.' દરદીએ ફોન કર્યો.

ડૉક્ટરે જવાબમાં કહ્યું: 'આજ ને કાલ બે દિવસ તો હું ખૂબ રોકાએલો છું, પરમ દિવસની ઍપૉઈન્ટમેન્ટ આપી શકું.'

'પણ એ દરમિયાન હું મરી ગયો તો?'

'તો ઍપૉઈન્ટમેન્ટ કૅન્સલ કરાવી લેજો.'

ચોરને પકડી એક પોલીસ ખરે બપોરે તેને થાણે લઈ જતો હતો. રસ્તામાં જ ચોરનું ઘર આવતાં તેણે સિપાહીને કહ્યું: 'થોડી વાર અહીં થોભોને; ઘેર જઈ હું છત્રી લઈ આવું!'

'પણ એ બહાને તું નાસી નહિ જાય તેની શી ખાતરી?' પોલીસે પૂછ્યું.

'પણ, આ તડકામાં તો હું શેકાઇને ભડથું થઈ જઈશ.' ચોરે લાચારી ગાવા માંડી.

એ સાંભળીને પોલીસદાદા પીગળ્યા: 'વારુ, તું અહીં જ રહે, હું તારે ઘેરથી છત્રી લઈ આવું છું!'

પત્ની: દીકરી જુવાન થઈ છે. તમને જરા પણ ચિંતા છે?

પતિ: ચિંતા તો ઘણી છે, પણ યોગ્ય મુરતિયો તો મળવો જોઈએને? જે કોઈ મળે છે તે ગધેડા જેવો બુધ્ધું હોય છે.

પત્ની: મારા બાપા જો એમ જ વિચાર્યા કરતા હોત તો હું કુંવારી જ રહી ગઈ હોત.



('જનસત્તા'માં સ્વ. શિવ)

સજ્જન સમજ બિચારકે અપન કૂલકી રીત,
બરાબરીસે કીજિયે બ્યાહ બૈર ઔર પ્રીત.

આર્ય સંસ્કૃતિના મહાન રક્ષકોમાં બુંદેલખંડના મહારાજા છત્રસાલ પણ સુખ્યાત હતા. એમનું રાજવંશી તેજ અને ભરપૂર યુવાવસ્થા પર મુગ્ધ થઈ એક સામંતની કામદગ્ધ કુંવરી એમની પાસે પહોંચી ગઈ, અને પોતાનું દુ:ખ ફેડવા વિનતિ કરી. મહારાજે એને શું દુ:ખ હતું એ પૂછ્યું ત્યારે એમને એ દુ:ખ દૂર કરવા માટે વચનથી બાંધી લઈને કુંવરીએ આડકતરી રીતે પોતાની ઇચ્છા પ્રકટ કરતાં કહ્યું : 'મારે આપના જેવો જ પુત્ર જોઈએ છે.' એની માગણી સમજી જઈ પ્રથમ તો છત્રસાલ સ્તબ્ધ બની ગયા, પણ પછી તુરત ઉત્તર આપ્યો : 'આપને મારા જેવો પુત્ર જોઈએ છે ને ? તો હે માતા, આ છત્રસાલ જ તમારો પુત્ર છે એમ સમજો.' અને તેઓ એ સ્ત્રીને માતા ગણી એનો ચરણસ્પર્શ કરવા ઝૂકી પડ્યા.

અંકસંદર્ભ-**નવ** : નવ ખંડ (પુરાણ કલ્પના પ્રમાણે)–કુરુ, હિરણ્યમય, રમ્યક, ઈલાવૃત્ત, હરિ, કેતુમાલ, ભદ્રાશ્વ, કિન્નર, ભારત.

કહેવતોના અર્થ: 'ચૈત્ર ચડે નહિ ને વૈશાખ ઊતરે નહિ'.–બધા સંજોગો અને પ્રસંગો પર એક જ પ્રકારની ઘરેડુ દુ:ખી સ્થિતિ રહેવા માટે આ કહેવત વપરાય છે. એના જેવી જ બીજી કહેવતો : ઉનાળે રાતા નહીં ને ચોમાસે માતા નહિ'.

ગણિતગમ્મત

૧ ૪ ૨ ૮ ૫ ૭
૩ ૨ ૬ ૪ ૫

ઉપલી સંખ્યાને નીચલી સંખ્યામાંના ગમે તે આંકડાથી ગુણવાનું કોઈ કહે તો ગુણક ઉપરનો આંકડો લઈ પછી ક્રમવાર સંખ્યા મૂકી દેવી: ગુણાકાર હમેશાં સાચો જ આવશે. દાખલા તરીકે નીચલી સંખ્યામાંના ૬ વડે ગુણવાનું કોઈ કહે તો ૬ની બરોબર ઉપરનો આંકડો ૮ છે. તે અને તેની પછીના અંક ક્રમવાર મૂકી દેવા એટલે ૮૫૭૧૪૨ આવશે. હવે ગુણાકાર કરીને તાળો મેળવી જુઓ.

અનેકાર્થી શબ્દ: ગોઠ=અંતરની વાતચીત : ગામ યા ગામડું : હોળીના દિવસોમાં અપાતી ભેટ; જંપ કે નિરાંત : પક્ષીનો માળો, મશ્કરી અથવા ટોળ : ઓળખાણ; મિત્રતા; સ્ત્રીમિત્ર; સલામી કે ઈનામ; સાડલા વગેરેને મુકાતી કપડાની બેવડ પટી, મગજી કે રૂપેરી તૂઈ.

कियतो मारयिष्यामि
दुर्जनान् गगनोपमान्।
मारिते क्रोध चित्त तु
मारिताः सर्व शत्रवः॥

આકાશની જેમ વ્યાપક બનેલા દુર્જનોને ક્યાં સુધી મારતો રહીશ? ક્રોધી ચિત્તને મારતાં બધા જ શત્રુઓ જાણે કે મારી દીધા છે.

ઉનાળાના દિવસો આવ્યા; સાથે અળાઈઓ પણ આવવાની. થોડા ઉપાય; કેરીનો રસ શરીરે ચોપડી નહાવાથી મટશે; કેરીની ગોટલી વાટી શરીરે ચોળી નહાવું કે પાણીમાં સારું રસદાર લીંબુ નીચોવી નહાવું; દૂધની મલાઈમાં સુખડ ને ઝિંક ઑક્સાઈડ મેળવીને ચોળવાથી અળાઈઓ તથા તેથી થતા ગરમીનાં ગૂમડાં (ઘામીઆ) પણ મટશે.

વર્ષામાં ખાટો, શરદમાં ખારો, હેમંતમાં મધુર, શિશિરમાં કડવો, વસંતમાં તૂરો અને ગ્રીષ્મમાં તીખો રસ આરોગ્ય માટે હિતાવહ છે.

સત્યની ખોજ પણ તમને મુક્તિ અપાવશે—ભલે તમે એને કદીય પામી શકો નહિ.

લીંબુના રસમાં અતિબારિક સિંધાલૂણ મેળવીને તે વડે ઘસવાથી હાથીદાંતની બનાવેલી વસ્તુઓ ચમક પકડશે.

અફીણ ભરેલી વખારમાં વીસેક તોલા હિંગ નાખી હોય તો આખી વખારનું અફીણ માટી જેવું બની જાય છે; તેમ જ હિંગ ભરેલી વખારમાં જીરાની એકાદ ગૂણ સાથે રાખી હોય તો હિંગ ધૂળ જેવી થઈ જાય છે. કેળાનું મારણ એલચી, કેરીનું મારણ સૂંઠ (કેળાં ખાધા ઉપર એલચી ખાવાથી અને કેરી પછી સૂંઠ ખાવાથી તે કુપથ્ય નથી થતાં), તેમ અફીણની વેરી હિંગ ને હિંગનું વેરી જીરું.

આરોગ્યવચન

દૂધ સાકર ને એલચી, વરિયાળી ને દ્રાક્ષ;
જો ખપ હોયે કંઠનો(એ) પાંચે વસ્તુ રાખ.



ફ્લાકણિકા : અત્યંત બારીક નકસીકામવાળી નેપાળની ઝારી, જેના પર ત્યાંની પરંપરાગત વિશિષ્ટ શોભનાકૃતિઓ નોંધપાત્ર છે.

અનુ] વાચકો લખે છે [પૃ. ૧૧૬થી

લક્ષીને જ હોય છે–જો નરજાતિના પ્રાણીનો સ્પષ્ટ ઉલ્લેખ ન હોય તો. આમાં વપરાતું કરોળિયાવાચક પદ spider સામાન્ય રીતે નપુંસકલિંગદર્શક–neuter–હોય છે.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

'કુમાર' (ડિસેમ્બર ૧૯૭૯)માં શ્રી જી. વી. પટેલનો 'દુનિયાના ટાપુઓ' નામનો લેખ રસપ્રદ રહ્યો. પણ એમાં નકશાને બાદ કરતાં આકૃતિઓ અને ફોટાઓનો અભાવ ખૂંચ્યો. આ માહિતીપ્રદ ભૌગોલિક લેખમાં ફોટાઓ અને વિપુલ આકૃતિઓ (જેમ કે ગાલાપૅગોસ ટાપુઓની જીવસૃષ્ટિ વગેરે) લેખની રસમયતામાં ઓર વધારો કરી શકત.

લેખના સંદર્ભમાં બોરા-બોરા (Bora Bora) નામના ટાપુનો ઉલ્લેખ કરવા જેવો છે. વિષુવવૃત્તની નીચે, ઑસ્ટ્રેલિયા અને દક્ષિણ અમેરિકાની વચ્ચે આવેલા 'સોસાયટી આઈલૅન્ડ્સ' તરીકે ઓળખાતા ટાપુ સમુદાયમાં એ આવેલો છે. આ સમૂહમાં પ્રખ્યાત તાહિતી ટાપુનો પણ સમાવેશ થાય છે. બોરા-બોરા તાહિતી ટાપુની વાયવ્ય દિશામાં આવેલો રમણીય ટાપુ છે. દુનિયાના લગભગ બધા જ ટાપુઓ ઉપર ફરી આવેલા તેમ જ પુલિત્ઝર પારિતોષિક-વિજેતા લેખક જેઇમ્સ એ. મિશનર (James A. Michener) દક્ષિણ પૅસિફિક મહાસાગરથી વિંટળાએલા બોરા બોરાને દુનિયાનો સહુથી સુંદર ટાપુ કહે છે. જિજ્ઞાસુ વાચકોને એનાં અનેક પુસ્તકો પૈકી ટાપુઓ અંગે માહિતી આપતાં ત્રણ પુસ્તકોમાં રસ પડશે. આ પુસ્તકો છે: 'Tales of the South Pacific', 'Return to Paradise' અને 'Hawaii.'

જેમ કાકા કાલેલકરે આપણને અનેક નવા શબ્દો આપ્યા છે, તેમ મિશનરે એક નવા શબ્દની ભેટ અંગ્રેજી ભાષાને ધરી છે. ગ્રીક ભાષામાં 'nesos'નો અર્થ થાય 'ટાપુ', અને 'mania'નો અર્થ તો સૌ જાણીએ છીએ તેમ 'ઘેલછા–ગાંડપણ'. આ ઉપરથી અંગ્રેજીમાં એમણે શબ્દ પ્રયોજ્યો : 'Nesomania.' ટાપુઓ જોવા, માણવા, મહાલવા, ભટકવા, ભોમિયા વિના ખૂંદવાનું ઘેલું, નર્યું ગાંડપણ. એ જાણે એક જાતનો રોગ, એટલે 'નિસોમૅનિયા'–ટાપુઘેલછા. છેક ૧૯૩૧ની સાલથી તેઓ ટાપુઘેલા બન્યા છે!

મહાન ઐતિહાસિક બોલપટ 'મ્યુટિની ઑન ધ બાઉન્ટી' ઘણાંને યાદ હશે. આ ફિલ્મ ૧૯૬૦-'૬૨ના અરસામાં તાહિતી ટાપુ ઉપર જ ઉતારવામાં આવેલી. ઊઘડતા રંગોના ચાહક, વાન ગૉઘના મિત્ર, અને એક રીતે જોઈએ તો ગૉઘના ગુરુ, મહાન ચિત્રકાર પૉલ ગોગાં (Paul Gauguin–૧૮૪૮-૧૯૦૩) ૧૮૯૧માં તાહિતી ગયા પછી એના પ્રેમમાં પડી ગયા. ત્યાં રહીને એમણે જે ચિત્રો કર્યાં એ બહુ ઉત્કૃષ્ટ નીવડયાં, જેની કિંમત આજે બહુ મોટી અંકાય છે. આ ચિત્રકારની ઉત્તરાવસ્થા આ ટાપુઓ પર જ વિતેલી.

બોરા-બોરા ટાપુની વાત ન્યારી છે. શ્વેત સમુદ્ર-કિનારાઓ, સમુદ્રના કિનારે આવેલા તળાવો–લગૂન અને હરિયાળીથી આચ્છાદિત આ ટાપુઓ સુંદરતમ છે. મ્યુટિનીવાળા લેખકો Charles Nordhoff અને James Norman Hall કૃત નવલકથા 'હરિકેન' (Hurricane)નું શુટિંગ પણ આ બોરા-બોરા ટાપુ ઉપર જ થયું છે. (૧૯૭૭).

અને બીજું, પ્રકૃતિવિદ્ મુ. શ્રી હરિનારાયણ આચાર્યના પુસ્તક 'વનવગડાનાં વાસી' અંગે. ગુજરાતે આટલી મોડી મોડી યે કદર કરી એ અંગે લાગતાવળગતા સૌને અભિનંદન. આ પુસ્તકમાં દરેક પક્ષીની રંગીન આકૃતિઓ હોત તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાત. તેમ છતાંય આ પુસ્તક માટે એક જ શબ્દ વાપરી શકાય–'બેનમૂન'. આ માટે 'કુમાર', લેખક, પ્રકાશક તથા સંબંધિત સૌ જનને કોટિ કોટિ ધન્યવાદ. મુ. શ્રી હરિનારાયણભાઈ પાસે સંગ્રહસ્થાનમાં મૂકી શકાય એવા પ્રકૃતિમાંથી મેળવેલા અમૂલ્ય નમૂનાઓ અને ભૂલતો ન હોઉં તો, કરોળિયા અને છીપ શંખલાનો સારો સંગ્રહ છે. એનું એક કાયમી સંગ્રહસ્થાન ન થઈ શકે?

(અમદાવાદ) —ડૉ. સુશ્રુત પટેલ

ડૉ. મધુસૂદન પારેખ લિખિત 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ'ના પ્રકરણ ૩-(ડિસેમ્બર)માં મૂળીના સમૈયા વિષે વાંચતાં-વાંચતાં એક પ્રસંગ યાદ આવી ગયો.

એ વખતમાં મૂળીમાં ફૂલકવિ નામે એક પ્રસિદ્ધ કવિ હતા. ત્યાં કોઈ પ્રસંગે મુખ્ય મહારાજશ્રીની હાજરીમાં કંઈ સંમેલન જેવું ભરાયું હતું. દલપતરામ પણ એમાં હાજર હતા. એમાં કોઈકે કહ્યું, કે દલપતરામ અને ફૂલકવિ હોડ બકે તો મજા આવે.

આમ, ફૂલકવિ અને દલપતરામ બન્નેએ મહારાજશ્રી માટે થોડી પંક્તિઓ બનાવી. ફૂલકવિએ તેમની સરખામણી સમુદ્ર સાથે કરી, જ્યારે દલપતરામે આકાશ સાથે. પછી આના પર ચર્ચાવિચારણા થઈ. એમાં વાત થઈ કે સમુદ્ર તો ખારો હોય છે! પણ દલપતરામ નાના હતા એટલે વાત ફૂલકવિના પક્ષમાં વાળી લેતાં કહેવાયું કે દલપતરામ તો હજી છોકરું કે'વાય.

આવો જ અનુભવ દલપતરામને મુંબઈમાં પણ થયો. ત્યારે એમની સામે કવિ નર્મદ હતા.

પ્રસ્તુત પ્રસંગ વિષે જો કોઈને વધુ જાણકારી હોય, તો કૃપા કરી એ વિષે માહિતી આપે.

(વડોદરા) —સંજય પ્ર. ગઢવી

ડિસેમ્બર '૭૯ના 'કુમાર'માં આપણા નૌકાદળની એક તાલીમ શાળા 'વાલસુરા' વિષે વાંચ્યું. એનું પૂરું નામ છે. 'આઈ. એન. એસ. વાલસુરા'. જામનગર પાસેના રોઝીબંદરના દરિયામાં થતી માછલીની એક જાતનું આ નામ છે, ને તેના પરથી આ શાળાને એ નામ અપાયું છે. આઈ. એન. એસ. વાલસુરા આ રોઝીબંદરની બાજુમાં જ છે.

(જામનગર) —ડૉ. સુરેશ પુ. બક્ષી

આપના પણના મારા એક પત્રમાં મેં દોરેલા એક તુગ્રા* તરફ આપનું ધ્યાન દોરાયું અને આપે એમાંના મારા નામાક્ષરો–શશીકાન્ત ચીમનલાલ ઉકેલ્યા તેથી આનંદ થયો. આવી સમજદારી અને રસ બતાવનાર આપ મારે માટે પહેલા જ તંત્રી છો તેથી ધન્યવાદ. નવરો હોઉં ત્યારે આવાં ચિતરડાં ભમરડાં કરવાનો મને શૉખ છે તેથી તુગ્રા બનાવતાં થોડુંથોડું આવડે છે. પણ મને ડ્રૉઇંગ ખાસ આવડતું નથી. 'કુમાર'ને આવી કલામાં રસ હોઈ મેં વગર માગ્યે 'કુમાર માહવાર (માસિક)–અમદાવાદ' એવા લખાણનો એક તુગ્રા આ સાથે કરી મોકલ્યો છે. આ તુગ્રા જહાજ આકારનો હોઈ એને 'જહાજી તુગ્રા' કહી શકાય. આ જ રીતે મોરના આકારના 'તાઊસી તુગ્રા' અને એમ એના બીજા અનેક ચિત્રાત્મક પ્રકારો છે.



(સૂરત) —શશીકાન્ત ચી. જરદોસ

(* સુલેખન એ ઈસ્લામી લલિતકળાનું એક ખાસ અંગ છે. 'ખત્તાતી' અથવા 'ખુશનવીસી' નામે ઓળખાતી આ કલામય અક્ષરાલેખનની કળામાંથી કાળાનુક્રમે એક આગવા આલંકારિક પ્રકાર તરીકે 'તુગ્રા'નો વિકાસ થયો છે; જેમાં પક્ષી, પરી કે અન્ય કોઈ ખાસ બાહ્યાકારમાં ધર્મસૂત્રો, ઈમામનાં નામ યા કાવ્યની તુકોનું અટપટું છતાં મનોરમ ચાતુરીભર્યું લેખન કરવામાં આવે છે. ઈસ્લામી ગૃહશોભનમાં તુગ્રાનો પણ બહોળો ઉપયોગ થાય છે ને તે શુકનિયાળ મનાય છે. –સં.)